હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત ધર્મશ્રેણી - ૧૦

# કન્ફ્યૂશિયસનો નીતિધર્મ

ડૉ. રમણલાલ ચી. શાહ

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત ધર્મશ્રેણી - ૧૦

# કન્ફ્યૂશિયસનો નીતિધર્મ

ડૉ. રમણલાલ ચી. શાહ

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

**Kanfusiyas No Niti Dharma**
**by Ramanlal Shah**

સંસ્કરણ : પ્રથમ : ઑગષ્ટ, ૧૯૯૬

નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ.૫૦-૦૦

© : સરદાર પટેલ યુનિવર્સિટી

યોજનાદાન : હરિ ૐ આશ્રમ, નડિયાદ.

પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે
ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક : કનુભાઇ એમ. પટેલ
કુલસચિવ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

મુદ્રક : પેટકો પ્રિન્ટર્સ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

# આમુખ

ભારતભૂમિ ઠેઠ પ્રાચીન કાળથી અનેક ધર્મોની મિલનભૂમિ રહી છે, કારણકે જુદા જુદા ધર્મોએ અને જુદાં જુદાં દર્શનોએ એકબીજા પ્રત્યે ઉદારતાનું અને સહિષ્ણુતાનું વલણ અપનાવેલું છે. ભિન્નતામાં એકતા-Unity in diversity એ ભારતીય સંસ્કૃતિનું એક આગવું અને અનોખું લક્ષણ છે. સર્વધર્મ પ્રત્યે સમભાવ અને મમભાવની દૃષ્ટિ કેળવવાથી જીવનમાં શાન્તિ અને સંવાદિતતા સ્થપાય છે.

સામાન્ય જનસમાજને જગતનાં જુદાં જુદાં દર્શનો અને ધર્મોનો પરિચય મળી રહે એ આશયથી હરિ ૐ આશ્રમના પૂજ્ય શ્રી મોટાએ કેટલાંક વર્ષ પહેલાં સરદાર પટેલ યુનિવર્સિટીને રૂપિયા બે લાખની રકમનું દાન આપ્યું હતું. એમાંથી એમની ભાવના અનુસાર 'આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સ્મારક સર્વ ધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ ટ્રસ્ટની આવકમાંથી જગતનાં વિવિધ ધર્મો, દર્શનો, સંતમહાત્માઓ, ધર્મચિંતકો વગેરે વિશે પ્રમાણભૂત ગ્રંથો પ્રગટ કરવાની યોજના થઇ છે. તે મુજબ અત્યાર સુધીમાં સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી વિવિધ ગ્રંથો પ્રકાશિત થયા છે.

આ યોજનામાં મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના નિવૃત્ત અધ્યક્ષ ડૉ.રમણલાલ ચી.શાહને 'કન્ફ્યૂશિયસનો નીતિધર્મ' વિશે ગ્રંથ લખી આપવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એ ગ્રંથ તૈયાર થતાં હવે પ્રકાશિત થાય છે એ અમારે માટે આનંદની વાત છે.

સરદાર પટેલ યુનિવર્સિટીને માતબર રકમનું દાન આપવા માટે હરિ ૐ આશ્રમના પૂજ્ય સ્વ.મોટાના અમે અત્યંત ઋણી છીએ. ડૉ.રમણલાલ ચી.શાહે આ ગ્રંથ તૈયાર કરી આપ્યો એ બદલ અમે એમના આભારી છીએ.

વલ્લભ વિદ્યાનગર
તા.૮-૮-૧૯૯૬

વિઠ્ઠલભાઇ પટેલ
કુલપતિ

# સલાહકાર સમિતિ

(૧) ડૉ. વિઠ્ઠલભાઈ એસ. પટેલ - કુલપતિ

(૨) ફાધર વાલેસ

(૩) પ્રા. બી.આર. સાકરિયા

(૪) પ્રો. ડૉ. જયંત ગાડિત

(૫) શ્રી યશવંત શુક્લ

(૬) ડૉ. રમણલાલ શાહ

(૭) શ્રી ભોળાભાઈ પટેલ

(૮) શ્રી જે. જે. દેસાઈ

(૯) શ્રી સી. એલ. પટેલ

(૧૦) ડૉ. મહેબૂબ દેસાઈ

# કન્ફ્યૂશિયસનો નીતિધર્મ

## અનુક્રમ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ભૂમિકા | ૧ |
| ૨. | કન્ફ્યૂશિયસની જીવનરેખા | ૮ |
| ૩. | કન્ફ્યૂશિયસની કેટલીક ખાસિયતો | ૨૮ |
| ૪. | કન્ફ્યૂશિયસના કેટલાક જીવનપ્રસંગો | ૩૪ |
| ૫. | કન્ફ્યૂશિયસના શિષ્યો | ૪૬ |
| ૬. | પ્રશિષ્ટ ગ્રંથો | ૫૭ |
| ૭. | નીતિધર્મની વિચારણા | ૬૧ |
| ૮. | પ્રાજ્ઞપુરુષની વિભાવના | ૭૩ |
| ૯. | રાજનૈતિક માન્યતાઓ | ૮૦ |
| ૧૦. | કન્ફ્યૂશિયસની ચિંતનપ્રસાદી | ૯૨ |

# ભૂમિકા

મહાત્મા કન્ફ્યૂશિયસને ચીની સંસ્કૃતિના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ચીનની પ્રજાના ઈતિહાસમાં તેમના જેવી બીજી કોઈ વ્યકિત થઈ નથી. તેમના દ્વારા ચીની પ્રજાના સંસ્કારોનું જેટલું ઘડતર થયું છે તેટલું અન્ય કોઈ એક વ્યક્તિ દ્વારા થયું નથી. એથી જ ચીનની પ્રજાએ જેટલું માન મહાત્મા કન્ફ્યૂશિયસને આપ્યું છે તેટલું બીજા કોઈને આપ્યું નથી.

અઢી હજાર વર્ષ પૂર્વે ચીનની સંસ્કૃતિને ઘડવામાં બે મહાન વિભૂતિઓએ મહત્ત્વનું કાર્ય કર્યું. એ બે વિભૂતિઓ તે લાઓત્સે અને કન્ફ્યૂશિયસ. બંને સમકાલીન હતા. લાઓત્સે કન્ફ્યૂશિયસ કરતાં ૪૩ વર્ષ મોટા હતા. તેઓ બંને ચાઉના રાજ્યદરબારમાં મળ્યા હતા. લાઓત્સે નિવૃત્તિમાર્ગી, એકાંતપ્રિય અને આધ્યાત્મવાદી હતા. તેઓ પ્રસિદ્ધિથી વિમુખ હતા. એમની તત્ત્વવિચારણા ઘણી ગહન હતી. કન્ફ્યૂશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. અનેક લોકોના સંપર્કમાં તેઓ આવ્યા હતા. રાજાઓ દ્વારા પ્રજાના જીવનને ઉન્નત બનાવવાનું તેમનું ધ્યેય હતું. તેઓ ચીનમાં ઘણે સ્થળે ઘૂમી વળ્યા હતા અને અનેક રાજાઓના અંગત સંપર્કમાં આવ્યા હતા. રાજ્યશાસન ચલાવવાની બાબતમાં તેઓ ઘણા જ કુશળ હતા. ચીનના રાજ્ય

દરબારોમાં લાઓત્સે અને કન્ફ્યૂશિયસ એમ બંનેનું ઘણું માન હતું, પરંતુ રાજદ્વારી કક્ષાએ અને લોકજીવનની ભૂમિકાએ કન્ફ્યૂશિયસે ઘણું મોટું, મહત્ત્વનું અને પાયાનું કામ કર્યું હતું.

ચીનમાં મુખ્ય ત્રણ ધર્મ છે (૧) તાઓ ધર્મ, (૨) કન્ફ્યૂશિયસ ધર્મ અને (૩) બૌદ્ધ ધર્મ. આ ત્રણે ધર્મ એક બીજાના વિરોધી નહિ પણ ઘણે અંશે પૂરક જેવા રહ્યા છે. આથી જ ચીનમાં એ ત્રણે ધર્મને એક સાથે અનુસરતી વ્યક્તિઓ જોવા મળશે.

તાઓ ધર્મ અને કન્ફ્યૂશિયસનો નીતિધર્મ લગભગ એક જ કાળે પ્રચલિત બન્યા હતા. એ બંને ધર્મ વચ્ચે કોઇ વિરોધ કે વૈમનસ્ય નહોતાં. ચીનમાં ત્યાર પછી ઘણા સૈકાઓ બાદ બૌદ્ધ ધર્મ આવ્યો. બૌદ્ધ ધર્મ ભારતમાંથી બ્રહ્મદેશ, થાઇલેન્ડ, વિએટનામ, કંબોડિયામાંથી પ્રસરતો પ્રસરતો ચીનમાં પહોંચ્યો હતો. બૌદ્ધ ધર્મ બહારથી આવેલો હોવા છતાં તાઓ ધર્મ કે કન્ફ્યૂશિયસના ધર્મ સાથે સંઘર્ષમાં આવે એવો એ ધર્મ ન હતો. એથી જ ચીનમાં અને ત્યાર પછી કોરિયા અને જાપાન સુધી બૌદ્ધ ધર્મનો ઘણો પ્રચાર થયો હતો અને વર્તમાન સમય સુધી એ પ્રચલિત રહ્યો છે.

પ્રાચીન સમયમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ કરતાં પૌરસ્ત્ય સંસ્કૃતિ વધુ વિકસેલી અને સમૃદ્ધ હતી. ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં ત્યારે સમગ્ર વિશ્વમાં ભારત ઘણું આગળ વધેલું હતું. પરંતું બીજી બાજુ કેટલીક વ્યવહારુ કળાઓમાં ચીન ત્યારે મોખરે હતું. મધ્યકાળમાં કાગળ બનાવવાની બાબતમાં, મુદ્રણકલા એટલે કે છાપકામમાં, દારૂગોળો બનાવવામાં, રેશમ અને મોતીની બાબતમાં ચીની પ્રજા પ્રથમ નંબરે આવતી હતી. એ કાળમાં પ્રાદેશિક સરહદો એટલી કડક નહોતી. એટલે પગરસ્તે તથા

દરિયાઇ માર્ગે ચીનનો ભારત સાથે ઘણો વ્યવહાર ચાલતો હતો. ચીની પ્રવાસીઓ પ્રવાસ કરતાં કરતાં ઠેઠ ભારત સુધી આવી પહોંચતા હતા, કારણ કે કેટલીક બાબતોમાં ચીન કરતાં ભારત ઘણું સમૃદ્ધ હતું. બીજી બાજુ હજારેક વર્ષ પહેલાં બૌદ્ધ ધર્મના ગુરુઓ, ભિખ્ખુઓ પ્રચાર કરતા કરતા ઠેઠ ચીન, કોરિયા અને જાપાન સુધી પહોંચ્યા હતા.

ચીની પ્રવાસીઓ ભારતમાં આવતા હતા છતાં ભારતીય વિચારધારા ઉપર કન્ફ્યૂશિયસની વિચારધારાનો ખાસ પ્રભાવ પડયો ન હતો, કારણ કે વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, જૈન આગમ ગ્રંથો અને બૌદ્ધ ત્રિપિટક ગ્રંથો તે પહેલાંથી અસ્તિત્વમાં હતાં. એટલે હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મની તત્ત્વમીમાંસા અને જીવનમીમાંસા આગળ કન્ફ્યૂશિયસની વિચારધારા એટલી વિકસિત ન લાગે. એટલે એનો પ્રભાવ ભારતીય સંસ્કૃતિ ઉપર ન પડે એ સ્વાભાવિક છે.

યુરોપીય પ્રજાઓને કન્ફ્યૂશિયસનો પરિચય ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા થયો હતો. ચારસો વર્ષ પૂર્વે કેટલાક દરિયાખેડૂઓ યુરોપથી નીકળી દરિયાઇ માર્ગે ભારતના કિનારે કિનારે થઇ ચીન અને જાપાન સુધી પહોંચ્યા હતા. તેમની સાથે કેટલાક ખ્રિસ્તી મિશનરીઓ પણ ગયા હતા. તેઓ ત્યાંની રાજ્ય વ્યવસ્થા, ધર્મ, સંસ્કૃતિ વગેરે જે જે વિષયોથી પ્રભાવિત થયા તે તે વિષયોનો પરિચય તેમણે પોતાની યુરોપિયન પ્રજાને કરાવ્યો હતો. ઇ.સ. ૧૯૫૩માં ઈટાલીના પાદરી મેરિયો રિસાઇને ધર્મોપદેશ માટે ચીન મોકલવામાં આવ્યા હતા. તેમણે ત્યાં જઇ કન્ફ્યૂશિયસનાં વચનોનો લેટિન ભાષામાં અનુવાદ કરીને ઇટલી મોકલાવ્યો હતો. કન્ફ્યૂશિયસનાં વચનોનો યુરોપીય ભાષામાં આ પહેલો અનુવાદ હતો. ત્યાર પછી ઇ.સ. ૧૬૮૭માં એક

ફ્રેન્ચ લેખકે અને ઇ.સ. ૧૮૯૭માં એક જર્મન લેખકે કન્ફ્યૂશિયસના ગ્રંથોનાં ભાષાંતરો પ્રગટ કર્યાં હતાં. ત્યાર પછી વીસમી સદીમાં, વર્તમાન સમય સુધીમાં, કેટલાએ ચિંતકોએ કન્ફ્યૂશિયસનાં ઉપદેશવચનોના અનુવાદો પ્રગટ કર્યા છે અને એની સમીક્ષા પણ કરી છે.

'કન્ફ્યૂશિયસ' શબ્દ ખ્રિસ્તી પાદરીઓએ પ્રયોજેલો શબ્દ છે. જ્યારે તેઓ ચીની પ્રજાના સંપર્કમાં આવ્યા ત્યારે ચીની ભાષાના શબ્દો તેઓ ઉચ્ચારવા લાગ્યા હતા. પરંતુ પોતાના મુખના ઉચ્ચારણના અવયવોની ખાસિયત અને મર્યાદાને લીધે તેઓ કેટલાક ચીની શબ્દો ચીની લોકોની જેમ ઉચ્ચારી શકતા ન હોતા. ચીની ભાષામાં ગુરુવર્ય માટે શબ્દ છે કુંગ. બહુમાનપૂર્વક તે બોલવો હોય તો 'કુંગ-કુત્-સે' એ પ્રમાણે બોલાય છે. પરંતુ આ ચીની શબ્દનો યુરોપીય ખ્રિસ્તીઓએ ઉચ્ચાર કર્યો 'કન્ફ્યૂશિયસ' વખત જતાં 'કન્ફ્યૂશિયસ' શબ્દ યુરોપમાં અને પછી આખી દુનિયામાં એટલો બધા પ્રચલિત અને રૂઢ બની ગયો કે ખુદ ચીનમાં પણ 'કન્ફ્યૂશિયસ' શબ્દ અપરિચિત ન રહ્યો.

ચીનમાં કન્ફ્યૂશિયસ માટે બીજો એક શબ્દ પણ વપરાય છે : 'જુ ચી.' એનો એક અર્થ થાય છે 'પ્રાચીન કાળના મહાત્માઓના ઉપદેશને અનુસરનાર.'

ચારેક હજાર વર્ષ જેટલો ચીનનો ઇતિહાસ જૂનો છે. એ ઇતિહાસની વાતો મુખ પરંપરાથી ચાલી આવતી હતી. અઢી હજાર વર્ષ પૂર્વે કન્ફ્યૂશિયસે એ બધી વાતો, ગ્રંથસ્થ કરી લીધી. એને લીધે ચીનના પ્રાચીન ઇતિહાસની અને એના જીનનવ્યવહારની વાતો જળવાઇ રહી છે. જો કન્ફ્યૂશિયસે એ બધી વાતો જુદા જુદા ગ્રંથો રૂપે ન સાચવી લીધી હોત તો તે બધી કાળક્રમે નષ્ટ થઇ ગઇ હોત.

કન્ફ્યૂશિયસની પૂર્વે ચીન ઘણું સમૃદ્ધ હતું. એમની પૂર્વેના હજારેક વર્ષમાં, એટલે આજથી ત્રણ સડાત્રણ હજારેક વર્ષ પૂર્વેના ગાળામાં ચીનમાં જે સમર્થ મહાન વ્યક્તિઓ થઇ ગઇ તેમાં પિંગત્સુ અને ચાઉ ફુંગનાં નામ મહત્ત્વનાં છે. કન્ફ્યૂશિયસ માટે તેઓ આદર્શરૂપ હતા. તેઓએ પ્રજા - કલ્યાણને માટે જે નીતિનિયમો ઘડયા હતા તે સઘન હતા. એમના કાળમાં જેવું ચીન હતું તેવું ચીન ફરીથી બનાવવાની મહત્ત્વકાંક્ષા યુવાન વયે કન્ફ્યૂશિયસ ધરાવતા હતા. પરંતુ વર્ષો પસાર થવા છતાં પોતે પોતાના પૂર્વજ મહાત્માઓ જેવું કાર્ય ન કરી શક્યા. એ માટે કન્ફ્યૂશિયસે પોતાનાં લખાણોમાં વારંવાર ખેદ વ્યકત કર્યો છે. પોતે પોતાના ચીન માટે આટલું બધું સરસ કાર્ય કર્યું હતું તે છતાં તે પૂર્વજોની સરખામણીમાં પોતે કશું કર્યું નથી એમ કહેવામાં કન્ફ્યૂશિયસની વિનમ્રતા રહેલી છે.

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા બીજા એક મહાત્મા તે ત્ઝૂ ચેન હતા. ત્ઝૂ ચેન ઇ.સ.પૂર્વે છઠ્ઠા સૈકામાં થઇ ગયા. તેઓ ચેંગ રાજ્યના મુખ્ય પ્રધાન હતા. તેઓ ઘણા કુશળ અને ઉમદા શાસનકર્તા હતા. તેમની સરસ રાજનીતિથી ચોરીલૂંટનું પ્રમાણ ઘટી ગયું હતું. રસ્તામાં પડેલી વસ્તુને પણ કોઇ અડતા નહિ. લોકો ઘરને તાળું મારતા નહોતા.. ત્ઝુ ચેન માટે કન્ફ્યૂશિયસ કહે છે કે ‘તેમનામાં ઉત્તમ માણસ માટે જરૂરી એવા ચાર સારા ગુણો હતા : (૧) પોતાના અંગત સંબંધો અને વ્વહારમાં તેઓ સ્વસ્થ અને ગંભીર રહેતા. (૨) પોતાનાથી ચડિયાતા લોકો પ્રત્યે તેઓ પૂરો આદરભાવ ધરાવતા (૩) પ્રજાની દેખભાળ રાખવામાં તેઓ ઉત્સાહ અને પ્રેમ ધરાવતા અને (૪) રાજ્યનો વહીવટ કરવામાં તેઓ ન્યાયપૂર્ણ રહેતા.

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા ચીનના બીજા એક શહેનશાહ યુ મહાન હતા. એમણે નદીઓમાં વારંવાર આવતી રેલમાંથી પ્રજાને ઉગારવા માટે સતત આઠ વર્ષ સુધી ઘણી મહેનત કરી હતી. કન્ફ્યૂશિયસે કહ્યું હતું કે 'યુમાં વ્યકિતગત કોઇ દોષ મને જણાતો નથી. એમની રાજ્ય વ્યવસ્થામાં પણ કોઇ છિદ્ર જણાતું નથી. યુ જાડા કપડાં પહેરતા, ગરીબની જેમ પોતે સાદાઇથી રહેતા અને લોકોને વધુ સગવડો મળે તેવી હંમેશા વ્યવસ્થા કરતા.'

કન્ફ્યૂશિયસની પૂર્વે થઇ ગયેલા અન્ય મહાન શહેનશાહોમાં શહેનશાહ યાઓ અને શહેનશાહ શુનનાં નામો મહત્ત્વનાં ગણાય છે. શહેનશાહ યાઓ ઇ.સ.પૂર્વે ૨૩૫૬ના ગાળામાં થઇ ગયા હતા અને શહેનશાહ શુન ઇ.સ.પૂર્વે ૨૫૨૫ના ગાળામાં થઇ ગયા હોવાનું મનાય છે.

કન્ફ્યૂશિયસ પોતાની પૂર્વેના કાળના શહેનશાહ યાઓના રાજ્ય શાસનનાં પણ હંમેશાં ખૂબ વખાણ કરતા. તેમનો શાસનકાળ ભવ્ય હતો. એમનું વ્યકિતત્વ વિશાળ હતું. દેશને માટે એમણે ઘડેલા કાયદાઓ દીર્ઘદ્રષ્ટિવાળા હતા.

કન્ફ્યૂશિયસના સમયમાં ચીનમાં સમ્રાટ ચાઉનું સામ્રાજ્ય હતું. પરંતુ ચાઉના પૂર્વજો જેટલી સરળતાથી પોતાના સામ્રાજ્ય ઉપર સત્તા ભોગવી શક્યા હતા તેટલું ચાઉ માટે સરળ નહોતું. હવે ખંડિયા રાજાઓ કે ઉમરાવો આજ્ઞાનું ઉલ્લંઘન કરવા લાગ્યા હતા. ચીનની અત્યંત વિશાળ ધરતીમાં ત્યારે છ હજાર જેટલાં નાના મોટાં રાજ્યો હતાં. તે બધાં ઉપર એક સમ્રાટની આણ વર્તતી હતી. પરંતુ સમ્રાટ ચાઉના વખતમાં એમની સત્તા નબળી પડતી જતી હતી. રાજ્યો વચ્ચે આંતરવિગ્રહ થવા લાગ્યા હતા. આંધાધુંધી ફેલાતી જતી હતી. રાજકીય અસ્થિરતાને લીધે

સામાજિક ક્ષેત્રે પણ અશાંતિ અને આરાજકતા આવી ગયાં હતાં. અપ્રામાણિકતા વધતી જતી હતી. ન્યાય અને નીતિ, શિસ્ત અને શિષ્ટાચારમાં પણ ઘણી શિથિલતા આવી ગઈ હતી. પ્રગતિ અટકી ગઈ હતી. ગરીબી અને બેકારી વધી હતી. કાયદાઓનું વારંવાર ઉલ્લંઘન થતું. વિભિન્ન વર્ગના લોકો વચ્ચે કુસંપ, વિગ્રહ વગેરેની સ્થિતિ પ્રવર્તવા લાગી હતી. કેટલાંક રાજ્યોમાં દમન, જોરજુલમની સ્થિતિ પ્રવર્તતી હતી. કેટલાક લોકો એવા ત્રાસમાંથી બચવા સ્થળાંતર કરવા લાગ્યા હતા. આવી રાજકીય અને સામાજિક અસ્થિરતાના વાતાવરણમાં પ્રજાનું સામાન્ય શિક્ષણ પણ કથળવા લાગ્યું હતું.

********

# કન્ફ્યૂશિયસની જીવનરેખા

કન્ફ્યૂશિયસનો જન્મ ઇ.સ.પૂર્વે ૫૫૧માં ચીનમાં લુ નામના રાજ્યમાં થયો હતો. લુ નામનો પ્રદેશ હાલ ચીનમાં શાન્ટુંગ નામના પ્રાંતમાં આવેલો છે.

કન્ફ્યૂશિયસ શાંગ (Shang) વંશના હતા. એમના પિતાનું નામ શુહ-લિયાંગ હેઇહ (Shuh Liang Heih) હતું. તેઓ લશ્કરમાં સૈનિક તરીકે કામ કરતા હતા. તેઓ શરીરે સશક્ત અને સુદૃઢ હતા. તેઓ સાહસિક અને પરાક્રમી હતા. તેમને નવ સંતાન થયાં હતાં. પણ તે બધી દીકરીઓ હતી. તેમની ઉંમર સિત્તેર વર્ષની થવા આવી ત્યારે તેમની પત્નીનું અવસાન થયું હતું. પોતાને એક દીકરો હોય એવી તેમને ઇચ્છા હતી. દરમિયાન તેમને યેન (Yen) કુટુંબની એક કુંવારી કન્યા સાથે લગ્નસંબંધ થયો હતો. એનાથી તેમને દીકરો થયો હતો. એનું નામ પાડવામાં આવ્યું કુંગત્સુ. પરંતુ એ દીકરાને તેઓ 'ચિઉ' (Chiu) કહીને બોલાવતા, કારણ કે એનું માથું મોટું હતું. આમ લાડમાં પડેલું એમનું નામ પછી પ્રચલિત થઇ ગયું હતું અને લોકો એમને 'ચિઉ' કહીને જ બોલાવતા. આ 'ચિઉ' તે જ કન્ફ્યૂશિયસ. ચીની ગ્રંથોમાં એમને માટે 'ચિઉ' શબ્દ વધુ વપરાયો છે.

કન્ફ્યૂશિયસ ત્રણ વર્ષના થયા ત્યાં તો એમના પિતાનું અવસાન થયું. આથી બાળકને ઉછેરવાની જવાબદારી માતા ઉપર આવી પડી. પિતાનું અવસાન થતાં કુટુંબની આવક બંધ થઇ. તેઓ માંડ પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમ છતાં માતાએ ચિઉને સારી રીતે ઉછેરવા માટે તનતોડ મહેનત કરી. માતા પોતે ઘણી હોંશિયાર હતી. માતાએ ચિઉને પ્રામાણિક, ચબરાક અને તેજસ્વી બનાવવા માટે ઘણો શ્રમ લીધો હતો. તે ચિઉને નવરાશના સમયે પોતાની પાસે બેસાડી ભણાવતી.

કન્ફ્યૂશિયસનું કુંટુંબ ગરીબ છતાં ખાનદાન અને સંસ્કારી હતું. કુટુંબની ગરીબીને કારણે કન્ફ્યૂશિયસની માતા જાતજાતનાં ઘરકામ કરીને કુટુંબનું ભરણપોષણ કરતી હતી. કન્ફ્યૂશિયસે પણ નાની ઉંમરમાં ગુજરાન ચલાવવા માટે તરહે તરેહની મજૂરી કરી હતી. આથી તેમનામાં કેટલીક આવડત અને હોંશિયારી નાની ઉંમરથી જ આવી ગઇ હતી. ગરીબીને કારણે તેમને કેટલીકવાર અપમાન પણ સહન કરવાનાં આવતાં.

કૌટુંબિક નબળી સ્થિતિને કારણે કન્ફ્યૂશિયસ શાળામાં બહુ અભ્યાસ કરી શક્યા નહોતા. બાર વર્ષની વયે તેઓ શાળામાં જવા લાગ્યા હતા. પરંતુ પછી આપબળે તેમણે વધુ અભ્યાસ શરૂ કર્યો હતો. તેમણે સંગીત, કાવ્યશાસ્ત્ર, ઇતિહાસ વગેરે વિદ્યાઓમાં ઘણો રસ હતો.

કન્ફ્યૂશિયસનાં લગ્ન ઓગણીસમે વર્ષે થયાં હતા. એમની પત્નીનું નામ જાણવા મળતું નથી, પરંતુ એમને એક પુત્ર અને પુત્રી એમ બે સંતાન થયાં હતાં. એમનું દામ્પત્યજીવન સુખી નહોતું. એથી થોડાં વર્ષમાં જ પતિપત્ની જુદા રહેવા લાગ્યાં હતાં. કેટલાંક વર્ષ પછી કન્ફ્યૂશિયસની પત્નીનું અવસાન થયું હતું. એ પ્રસંગે એમનો દીકરો બહુ રડયા કરતો હતો. એ વખતે

કન્ફ્યૂશિયસે એને વધુ પડતું રડવા માટે ઠપકો આપ્યો હતો.

પોતાના પુત્રને ઉછેરવાની બાબતમાં કન્ફ્યૂશિયસ બહુ કડક હતા.

કન્ફ્યૂશિયસના પુત્રનું નામ પો યુ હતું. એ કુંગ લાઇ તરીકે પણ ઓળખાતો હતો. એક દિવસ કોઇકે પૂછયું ત્યારે પો યુ એ પોતાના પિતાની વાત કરતાં કહ્યું, 'એક દિવસ મારા પિતા ઘરમાં એકલા હતા. ત્યારે એમણે મને પૂછેલું કે 'તેં કાવ્યસંગ્રહનો બરાબર અભ્યાસ કર્યો છે ?'

મે કહ્યું, 'ના, હજી નથી કર્યો.'

એમણે કહ્યું, 'જો તું કાવ્યસંગ્રહનો અભ્યાસ નહિ કરે તો ભાષા ઉપરનું પ્રભુત્વ તું મેળવી નહિ શકે. એથી તું કોઇની સાથે સારી રીતે વાતચીત નહિ કરી શકે.' એમણે આ પ્રમાણે શિખામણ આપી એટલે મેં કાવ્યસંગ્રહનો અભ્યાસ શરૂ કર્યો હતો.

પછી બીજી એક વખત તેઓ ઘરમાં એકલા હતા ત્યારે એમણે મને પૂછયું, 'તે વિધિવિધાનના ગ્રંથનો બરાબર અભ્યાસ કર્યો છે ?'

મે કહ્યું, 'ના, હજી નથી કર્યો.'

એમણે કહ્યું, 'જો તું વિધિવિધાનના ગ્રંથનો સારી રીતે અભ્યાસ નહિ કરે તો તારામાં ચારિત્રની દઢતા નહિ આવે.' એમની શિખામણથી મેં એ ગ્રંથનો અભ્યાસ કર્યો.

કુંગ લાઇ કેટલો મોટો થયો હતો તેની વિગત મળતી નથી, પરંતુ તેનું અવસાન કન્ફ્યૂશિયસની હયાતીમાં જ થયું હતું. એ અવસાન પ્રસંગે એની ક્રિયાવિધિ કન્ફ્યૂશિયસે ઘણી સાદાઇથી કરી હતી.

યુવાન વયે કન્ફ્યૂશિયસે સંગીત વિદ્યામાં અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું હતું. એમણે તે સમયના વિખ્યાત ચીની સંગીતકાર ચાંગ હુંગ પાસે સંગીતનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વળી એમણે ચાંગ હુંગ પાસે વિધિવિધાનનો પણ અભ્યાસ કર્યો હતો.

આજીવિકા માટે કન્ફ્યૂશિયસે જુદા જુદા વ્યવસાયો કર્યા હતા; પરંતુ અધ્યયન અને અધ્યાપન એ જીવનભર એમના પ્રિય વિષય રહ્યા હતા.

કન્ફ્યૂશિયસ જ્યારે તેત્રીસ વર્ષના થયા ત્યારે એમની માતાનું અવસાન થયું. એ દિવસોમાં ચીનમાં એવો રિવાજ હતો કે મૃત્યુનો શોક ત્રણ વર્ષ સુધી પાળવામાં આવતો હતો. આટલો સમય શોક પાળવાની પરંપરાને અનુસરવાનું કન્ફ્યૂશિયસ માનતા પણ હતા. આથી કન્ફ્યૂશિયસે રાજ્યની પોતાની નોકરી છોડી દીધી. ભોગવિલાસ છોડી દીધાં. ઘરે સાદાઈથી રહેવાનું ચાલુ કર્યું અને પોતાનો સમય જુદી જુદી વિદ્યાઓ શીખવામાં તથા કવિતા, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસનો અભ્યાસ કરવામાં પસાર કરવા લાગ્યા હતા.

પોતાના સમયની પરિસ્થિતિનું અવલોકન કરતાં કન્ફ્યૂશિયસને લાગ્યું કે પોતે જીવનમાં ત્રણ મહત્ત્વનાં કાર્યો કરવા જોઈએ.

(૧) રાજ્યમાં શાસનને મદદરૂપ થવું અને તે દ્વારા રાજ્યમાં સુધારાઓ કરવા તથા કરાવવા.

(૨) યુવાન પેઢીને શિક્ષણ આપવું.

(૩) ચીનના પ્રશિષ્ટ ગ્રંથોનું સંકલન-સંપાદન કરવું કે જેથી ભાવિ પેઢીઓને તે ઉપયોગી થાય.

કન્ફયૂશિયસે યુવાન પેઢીને શિક્ષણ આપવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું અને પ્રાચીન ગ્રંથોનું સંકલન કર્યું હતું. વળી એમણે જ્યારે જ્યારે અવકાશ મળ્યો ત્યારે ત્યારે રાજ્યકક્ષાએ સુધારા કરાવવા ભારે પુરુષાર્થ કર્યો હતો.

આજીવિકા માટે વ્યવસાય તરીકે કન્ફયૂશિયસે ખાનગી અધ્યાપન-કાર્ય ચાલુ કર્યું હતું. શિક્ષક તરીકે એમની ખ્યાતિ દિવસે દિવસે એટલી વધતી ગઇ કે એમની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી ગઇ અને ત્રણ હજાર સુધી પહોંચી હતી.

કન્ફયૂશિયસ એમના જમાનાના એક આદર્શ શિક્ષક ગણાતા હતા. તેઓ શિસ્તના કડક આગ્રહી હોવા છતાં વિદ્યાર્થીઓ પ્રત્યે ઉદારતા અને સહાનુભૂતિ ધરાવતા. પોતાની શાળામાં ગરીબ અને શ્રીમંત વિદ્યાર્થી વચ્ચે તેઓ કશો ભેદભાવ રાખતા નહિ. ગરીબ વિદ્યાર્થીને પણ ફીની અપેક્ષા વગર તેઓ દાખલ કરતા અને પ્રેમથી ભણાવતા.

કન્ફયૂશિયસ પોતે કવિતા, સાહિત્ય, ઇતિહાસ, સંગીત, પ્રકૃતિ, વિજ્ઞાન, રાજ્યબંધારણ, વહીવટતંત્ર, શિષ્ટાચાર વગેરે વિવિધ વિષયો ભણાવતા. એક મિશનરીના જેવા ઉત્સાહથી તેઓ વિદ્યાર્થીઓને અધ્યયન કરાવતા. તેઓ વિદ્યાર્થીઓને ભાષણ કરતાં પણ શીખવતા.

પ્રાચીન કાળમાં ચીનમાં પણ ગુરુ-શિષ્યની પરંપરા ભારત જેવી ગૌરવવાળી હતી. કન્ફયૂશિયસ પાસે વિદ્યાર્થીઓ ભણવા આવતા અને વિદ્યાભ્યાસના બદલામાં તેઓ યથાશકિત ગુરુને દક્ષિણા આપતા. કેટલાક ગુરુઓ મોંઘી ભેટ આપનાર અથવા રાજવંશી કુટુંબના વિદ્યાર્થીઓ તરફ પક્ષપાત રાખતા, પરંતુ કન્ફયૂશિયસ તેવું ક્યારેય કરતા નહિ. તેઓ એ બાબતમાં

સ્વાર્થી, લોભી કે સંકુચિત મનોવૃત્તિના ન હતા. શિષ્ય ગરીબ હોય કે તવંગર, દરેક શિષ્યને તેઓ સમાન દૃષ્ટિથી જોતા અને તે પ્રમાણે વ્યવહાર રાખતા. અલબત્ત તેઓ પ્રમાદી કે મૂર્ખ શિષ્ય માટે બહુ સમય બગાડતા નહિ. શિષ્યોને ભણાવવાનો તેમનો ઉત્સાહ ગજબનો હતો.

કન્ફ્યૂશિયસને સત્તા ધારણ કરવા કરતાં અધ્યયન અને અધ્યાપનકાર્યમાં સવિશેષ રસ હતો. પોતે નાની વયથી સંગીતાદિ વિવિધ કલાઓનો અભ્યાસ કર્યો હતો અને જીવનના અંત સુધી તેઓ નવા નવા વિષયનું જ્ઞાન સતત સંપાદન કરતા રહ્યા હતા. તેમણે પોતે પોતાની શાળા સ્થાપી હતી. એમની શાળામાં ઉત્તરોત્તર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી. આરંભમાં કન્ફ્યૂશિયસ પોતે વિવિધ વિષયો વિદ્યાર્થીઓને શીખવતા. પછીથી તો એમના શિષ્યો પણ જુદા જુદા વિષયોમાં પારંગત થઈ ગયા હતા. તેઓ પણ અધ્યાપન કાર્ય કરવા લાગ્યા હતા. તેમના એવા ૬૦ થી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ જુદે જુદે સ્થળે અધ્યાપન કાર્યમાં લાગ્યા હતા. અને એમની શાળાઓમાં વધતાં વધતાં એક કાળે એક સાથે ત્રીસ હજાર જેટલા વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા ઘણે દૂર દૂરથી સેંકડો માઈલ ચાલીને વિદ્યાર્થીઓ આવતા અને અધ્યયન કરવા માટે રહેતા. કન્ફ્યૂશિયસની શાળામાં અભ્યાસ કરવો એ તે દિવસોમાં એક ગૌરવની વાત ગણાતી. માતાપિતા પોતાના સંતાનોને કન્ફ્યૂશિયસની શાળામાં મોકલવામાં ધન્યતા અનુભવતા. કન્ફ્યૂશિયસ અને એમના શિષ્યો દ્વારા થતા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓમાં અને એ દ્વારા ચીની પ્રજાના સંસ્કારના ઘડતરમાં ઘણો ફરક પડવા લાગ્યો હતો.

કન્ફ્યૂશિયસ કહેતા કે 'હું વિદ્યાર્થીને વિષયના ચાર ખૂણામાંથી એક ખૂણો બરાબર સમજાવી દઉં. પરંતુ પછી જો બાકીના ત્રણ ખૂણા વિશે વિદ્યાર્થી અનુમાન ન કરી શકે તો હું સમજી જાઉં કે વિદ્યાભ્યાસ કરવાની તેની એટલી શકિત નથી. એવા વિદ્યાર્થીને આગળ ભણાવવાનું નિરર્થક છે'.

કન્ફ્યૂશિયસ કહેતા કે 'કોઇ વિદ્યાર્થી મને વિદ્યાભ્યાસના બદલામાં સૂકા રોટલાનો ટુકડો આપે તો પણ મને તેથી સંતોષ થાય છે. અર્થોપાર્જન માટે વિદ્યાભ્યાસ કરાવવાનું મારું ધ્યેય નથી. મારું ધ્યેય તો નવી પેઢીને તૈયાર કરવાનું છે.'

કન્ફ્યૂશિયસે પોતાના વિચારો વ્યકત કરતાં એક સ્થળે કહ્યું છે કે 'ધન કમાવાની પ્રવૃત્તિ જો પ્રશંસાપાત્ર હોત તો હું એ પ્રવૃત્તિમાં પડયો હોત. ધન કમાવા માટે રથ હાંકવા જેવું સામાન્ય કામ પણ કરવાનું આવે તો હું તે કરવા તૈયાર છું. પણ હું સ્પષ્ટ માનું છું કે ધન કમાવાની પ્રવૃત્તિ એ જીવનની શ્રેષ્ઠતમ પ્રવૃત્તિ નથી. આથી જ મને જે શ્રેષ્ઠતમ પ્રવૃત્તિઓ લાગી છે તેમાં હું મારો સમય પસાર કરું છું. મનુષ્યના આધ્યાત્મિક વિકાસની પ્રવૃત્તિ એ શ્રેષ્ઠતમ પ્રવૃત્તિ છે અને એથી જ તે મને એટલી બધી પ્રિય છે.'

કન્ફ્યૂશિયસનું જીવન સરળ, નિખાલસ અને પારદર્શક હતું. એમને પોતાના જીવનમાં કશું જ છૂપાવવા જેવું નહોતું. એમનો કોઇ પણ શિષ્ય એમની પ્રવૃત્તિઓ વિશે, એમના વિચારો વિશે કે એમના જીવનધ્યેય વિશે બધું જ જાણતો હોય અથવા જ્યારે ઇચ્છે ત્યારે જાણી શકતો હતો.

કન્ફ્યૂશિયસના શિષ્યો કહેતા કે પોતાના ગુરુ નીચે પ્રમાણે ચાર પ્રકારના દોષોથી રહિત હતા.

(૧) તેઓ ક્યારેય ભવિષ્યની ચિંતા કરતા નહિ.

(૨) તેઓ પોતાના મત માટે દુરાગ્રહ ધરાવતા નહિ.

(૩) તેઓ પહેલેથી સ્વેછાએ કે મનસ્વીપણે કોઇ નિર્ણય બાંધી લેતા નહિ કે પૂર્વગ્રહ ધરાવતા નહિ.

(૪) તેઓ નિરાભિમાની હતા. તેઓ પોતાનો કોઇ પણ દોષ જણાય કે તરત કબૂલી લેતા.

કન્ફ્યૂશિયસ પુરુષાર્થ કરવામાં માનતા. પ્રમાદ તેમના સ્વભાવમાં નહોતો. કન્ફ્યૂશિયસ માટે કોઇક સાધુએ એવું કહ્યું કે 'આ એક એવો માણસ છે કે જે જાણતો હોય કે પોતે સફળ થવાનો નથી, તો પણ છેવટ સુધી પોતાનો પુરુષાર્થ છોડે એવો નથી.'

કન્ફ્યૂશિયસ હજુ ઊગતા યુવાન હતા ત્યારે લાઓત્સેનું નામ ઘણું મશહૂર હતું. કન્ફ્યૂશિયસ જ્યારે જાહેર જીવનમાં સક્રિય થયા ત્યારે લાઓત્સેને મળવાનું તેમને મન થયું. ત્યારે લાઓત્સેની ઉંમર એંસી વર્ષની હતી અને કન્ફ્યૂશિયસની ઉંમર ચોત્રીસ વર્ષની હતી. કન્ફ્યૂશિયસ પોતાના શિષ્યો સાથે લાઓત્સેને ચાઉના રાજ્યદરબારમાં મળ્યા હતા.

લાઓત્સે અને કન્ફ્યૂશિયસની વિચારસરણી જુદી જુદી હતી. લાઓત્સે નિવૃત્તિમાર્ગી હતા. કન્ફ્યૂશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. લાઓત્સેએ વૈયક્તિક સદાચાર અને આધ્યાત્મિકતા ઉપર ભાર મૂક્યો હતો. કન્ફ્યૂશિયસે રાજ્યના સારા કાયદાઓ અને વ્યવહારુ નીતિનિયમો ઉપર ભાર મૂક્યો હતો. લાઓત્સે સાત્ત્વિક પ્રવૃત્તિના અને અંતર્મુખ હતા. તેમણે વૈશ્વિક ચેતના સાથે સંવાદ સાધવા અને એમાં અવગાહન કરવા ઉપર ભાર મૂક્યો હતો. કન્ફ્યૂશિયસ રાજસી પ્રકૃતિના અને બહિર્મુખ હતા. તેઓ લોકોનું કલ્યાણ કરવામાં, ગરીબોની અને દુઃખીઓની સેવા કરવામાં માનતા હતા. રાજ્યના કાયદાઓના પરિપાલનને

અને ન્યાયને તેઓ મહત્ત્વ આપતા હતા. તેઓ ગુનેગારોને બરાબર સજા થવી જોઈએ એમ માનતા હતા. તેમનો ધર્મ સમાજલક્ષી અને વ્યવહારપ્રધાન હતો. એટલે જ તેમણે ઉપદેશેલો માર્ગ ઘણો જ લોકપ્રિય બન્યો હતો. લાઓત્સેનો માર્ગ ઘણો ગહન અને કઠિન હોવાથી એટલો લોકપ્રિય થયો નહોતો.

કન્ફયૂશિયસ જ્યારે લાઓત્સેને મળ્યા ત્યારે બંને વચ્ચે ઘણો વિચારવિનિમય થયો હતો. લાઓત્સેએ કન્ફયૂશિયસને કહ્યું હતું, 'સમાજને સુધારતાં પહેલાં માણસે પોતાની જાતને સુધારવી જોઈએ.' વળી એમણે કન્ફયૂશિયસને સલાહ આપતાં કહ્યું હતું કે 'તમારે સમાજ માટે જે કાયદાઓ ઘડવા હોય તે ઘડજો, પરંતુ મનુષ્યમાં કુદરતી રીતે જે સાધુતા રહેલી છે તેમાં દખલગીરી કરતા નહિ.'

અલબત્ત, કન્ફયૂશિયસ પ્રકૃત્તિથી જ પ્રવૃતિના માણસ હતા. રાજ્યવ્યવસ્થા દ્વારા પ્રજાને સુધારવાની એમણે જે ઝુંબેશ ઉપાડેલી હતી તે જોતાં લાઓત્સેની વિચારધારા સંપૂર્ણપણે તેઓ સ્વીકારી શકે એમ નહોતા. તો પણ લાઓત્સેના કેટલાક વિચારોથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

કન્ફયૂશિયસે લાઓત્સે માટે કહ્યું હતું કે, 'લાઓત્સે પ્રાચીન વસ્તુઓની પ્રશંસા કરે છે. તેઓ વિનમ્રતા અને સૌજન્યના આવતાર જેવા છે. તેમને દરેક વિષયનું અગાધ જ્ઞાન છે. તેઓ પ્રાજ્ઞ પુરુષ છે. તેમની સ્મૃતિ ઘણી સતેજ છે. તેમનામાં સંત-રાજા (શ્રેષ્ઠ માનવ) થવાની પૂરેપૂરી યોગ્યતા છે.'

કન્ફયૂશિયસ યુવાન હતા ત્યારે પોતાના રાજ્ય લુમાં રાજગાદીએ રાજા ચાઓ હતા. એ જમાનામાં ચાઓના અંગત જીવન વિશે એક જાહેર વિવાદ થયો હતો. ભારતની જેમ ચીનમાં

પણ એ જમાનામાં સગોત્ર લગ્નનો નિષેધ હતો. પરંતુ રાજા ચાઓએ પોતાના જ ગોત્રની કન્યા સાથે લગ્ન કરી એનું નામ બદલી નાખ્યું હતું કે જેથી લોકોને ખબર ન પડે. પણ આવી વાતો મોડી વહેલી લોકો સુધી પહોંચે જ છે. કન્ફ્યૂશિયસ ચાઓના અંગત મિત્ર જેવા હતા, તો પણ આ બનાવની બાબતમાં એમણે રાજાને પોતાનો વિરોધી મત સ્પષ્ટતાથી જણાવ્યો હતો.

લુ રાજ્યના મોટાં ત્રણ કુટુંબોમાં શું - સુનનું કુટુંબ પણ ગણાતું હતું. શુ સુનને રાજ્ય દરબારમાં જવા મળતું હતું. તેને કન્ફ્યૂશિયસ પ્રત્યે કંઇક પૂર્વગ્રહ હતો. તે એમના શિષ્ય ત્ઝુ કુંગને કન્ફ્યૂશિયસ કરતાં વધુ ચડિયાતો ગણતો હતો. આ વાત એક વખત ત્ઝુ કુંગ પાસે આવી. ત્યારે ત્ઝુ કુંગે કહ્યું, 'શુ સુન ગુરુજી કરતાં મને ચડિયાતો ગણે છે તે યોગ્ય નથી. મારી અને ગુરુજી વચ્ચેનું અંતર મકાનના કમ્પાઉન્ડની દિવાલ જેવું છે. મારા મકાનની દિવાલ ખભા સુધી આવે છે. એટલે જતાઆવતા સૌ કોઇ ઘરની સુંદરતા જોઇ શકે છે. પરંતુ ગુરુજીના મકાનની દિવાલ ઘણી ઊંચી છે. એટલે જે કોઇને અંદર દાખલ થવા મળે તે જ એની સુંદરતા અને ભવ્યતા જોઇ શકે છે.'

કોઇકે ત્ઝુ કુંગને કહ્યું કે 'શુ-સુન કન્ફ્યૂશિયસની ટીકા કરતા હતા અને તમારી પ્રશંસા કરતા હતા.' ત્યારે ત્ઝુ કુંગે કહ્યું, 'શુ - સુનને એ શોભતું નથી. ગુરુજી તો સૂર્ય સમાન છે. ત્યાં પહોંચવું મારે માટે શક્ય નથી.'

લુના રાજ્યમાં આ ત્રણ ભાયાતી કુટુંબો એવાં વસતાં હતાં કે જે સત્તાનાં અને ધનનાં લોભી હતાં. રાજ્યની આવકમાંથી તે કુટુંબો ઉચાપત કરી લેતા. રાજાના નોકરોને ફોડતા અને રાજાના હુકમનું પાલન ન થાય એ માટે ખટપટ કરતાં. આથી રાજા ચાઓને તેઓની સાથે સંઘર્ષમાં આવવું પડયું. પરંતુ જે રમખાણ

થયું તેમાં રાજા ચાઓને ખ્યાલ આવી ગયો કે રાજ્યના ઘણા અમલદારો પણ એ કુટુંબોના પક્ષે છે. પરિસ્થિતિ એવી સર્જાઇ કે ચાઓને પોતાનો જાન બચાવવા રાજ્ય છોડીને ભાગી જવું પડયું. રાજાના આ દુઃખના પ્રસંગમાં કન્ફયૂશિયસ એમની સાથે રહ્યા હતા અને એમની સાથે દેશવટો ભોગવ્યો હતો. તે દેશના નવા રાજા કન્ફયૂશિયસને પોતાના રાજ્યમાં ઊંચો હોદ્દો આપવા ઇચ્છતા હતા. પરંતુ કન્ફયૂશિયસે તે સ્વીકાર્યો નહિ અને રાજા ચાઓની સાથે રહ્યા. આઠેક વર્ષ પછી તેઓ લુ રાજ્યમાં પાછા ફર્યા હતા.

કન્ફયૂશિયસે પોતાના સમયના બે રાજવંશી સગા ભાઇઓની ઘણી પ્રશંસા કરી છે. તેમનાં નામ છે પો આઇ અને શુ ચિ. પો આઇ એક નાના રાજ્યના રાજા હતા. તેમની હકુમતમાં પ્રજા ઘણી સુખી હતી. રાજ્ય વહીવટ પણ સરસ ચાલતો હતો. પો આઇને થયું કે પોતે કેટલાંક વર્ષ રાજ્ય કર્યું છે, એટલે હવે પોતાના નાનાભાઇ શુ ચિને રાજ્ય સોંપવું જોઇએ. એમણે રાજ્યગાદીનો ત્યાગ કરીને નાનાભાઇને રાજ્યસત્તા સ્વીકારવા વિનંતી કરી. પરંતુ નાનાભાઇએ રાજ્યસત્તા સ્વીકારી નહિ. બંને ભાઇઓ રાજમહેલ છોડી વનમાં ચાલ્યા ગયા. એવામાં વુ વંગ નામના રાજાએ શહેનશાહ ચાઉને હરાવ્યો અને પોતે શહેનશાહ થયો. એ પોતે ચાઉ કરતાં ઘણો ભલો હતો. એણે પો આઇ અને શુ ચિને પોતાના રાજ્યની રાજગાદી પાછી લેવા વિનંતી કરી. પણ બંને ભાઇઓએ તે સ્વીકારી નહિ. આ બંને ભાઇઓ કોઇની સાથે દુશ્મનાવટ રાખતા નહિ. એથી સૌ કોઇ એમના ચાહક હતા. કન્ફયૂશિયસે પણ એમની કદર કરી હતી.

કન્ફ્યૂશિયસનો જન્મ લુ રાજ્યમાં થયો હતો. એટલે એ રાજ્ય એમને વધારે વહાલું હતું. પોતાના રાજ્યમાં કોઈ સત્તાનું પદ મળે એ એમને માટે ગૌરવવાળી વાત હતી.

કન્ફ્યૂશિયસને પચાસ વર્ષની ઉંમરે, ઇ.સ.પૂર્વે ૫૦૧માં, એ રાજ્યમાં એક નગરના ઉપરી અમલદારની નોકરી મળી હતી. ત્યારે લુ માં રાજા ટિંગ રાજ્ય કરતા હતા. કન્ફ્યૂશિયસમાં વહીવટી શક્તિ ઘણી સારી હતી એથી રાજાના તેઓ માનીતા અમલદાર બન્યા હતા. કન્ફ્યૂશિયસે રાજ્યમાં ઘણા સુધારા કર્યા હતા અને એથી પ્રજાનાં સુખસંપત્તિમાં ઘણો વધારો થયો હતો.

એક વખત રાજા ટિંગની જિંદગી જોખમમાં હતી ત્યારે કન્ફ્યૂશિયસે પોતાની બહાદુરી અને અગમચેતીથી રાજાનો જાન બચાવી લીધો હતો.

૫૩ વર્ષની વયે કન્ફ્યૂશિયસની ચુંગ-તુ (Chung Tu) નામના શહેરના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. ન્યાયાધીશ તરીકેનુ એમનું કાર્ય એટલું સરસ હતું કે એમને તરત કાયદા ખાતાના પ્રધાન તરીકે બઢતી આપવામાં આવી. એમણે એ ખાતાના પ્રધાન તરીકે પણ ઘણું સરસ કાર્ય કર્યું. આથી એમની ખ્યાતિ સમગ્ર રાજ્યમાં પ્રસરી. લુના રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે કન્ફ્યૂશિયસને ત્યાંથી બોલાવી લુમાં ગુના ખાતાના પ્રધાન કર્યા. ત્રણ વર્ષ કન્ફ્યૂશિયસે એ ખાતામાં કામ કર્યું. તેને પરિણામે રાજ્યમાં ગુના થતા બંધ થઇ ગયા. કેદખાનાં ખાલી પડયાં. ન્યાય કચેરીઓ પણ ખાલી લાગવા માંડી. ગુનાઓ તો ત્યાં સુધી ઘટી ગયા કે લોકો ઘરને તાળાં પણ મારતા નહિ.

તે વખતે લૂના રાજા ટિંગે કન્ફ્યૂશિયસને પોતાના રાજ્યનો બધો વહીવટી કાર્યભાર સ્વીકારવા કહ્યું. એણે કન્ફ્યૂશિયસની

સલાહ અનુસાર બધા સુધારાઓ રાજ્યમાં કરવા ચાલુ કર્યા. પરિણામે લુ રાજ્યની એક સુંદર રાજ્ય તરીકે ચારે બાજુ પ્રતિષ્ઠા ઘણી વધી ગઇ. ચોરી અને લૂંટફાટનો ઉપદ્રવ તદ્દન નિર્મૂળ થઇ ગયો. રસ્તામાં પડેલી વસ્તુ કોઇ લેતા નહિ. વેપારધંધામાં પ્રામાણિકતા આવી. લોકો વેપારમાં ચીજ વસ્તુઓની જે ભેળસેળ કરતા હતા તે હવે બંધ થઇ ગઇ. સ્ત્રીઓને અને પુરુષોને ચાલવા માટે અલગ અલગ પગથી (ફૂટપાથ) પણ રસ્તાની સમાસામી બાજુએ કરવામાં આવી હતી કે જેથી સ્ત્રીઓ અને પુરુષો ધક્કાધક્કી વિના શિસ્તબદ્ધ અને વિનયપૂર્વક ચાલી શકે.

બીજા રાજ્યના અનેક લોકો લુ રાજ્યની આવી સરસ સ્થિતિ જોવા આકર્ષાઇને આવતા અને તેઓ પણ જાણે લુના જ નાગરિક હોય એવો ભાવ અનુભવતા.

કન્ફયૂશિયસના સુંદર વહીવટથી જે રીતે લુ રાજ્યની પ્રગતિ થતી હતી તે પડોશી રાજ્યો સાંખી શક્યાં નહિ. લુનો રાજા ટિંગ ચંચળ મનનો, ધનલોલુપ અને કામાસક્ત હતો. એની નિર્બળતાની વાતો પાડોશી રાજ્યો પણ જાણતાં હતાં. એની નબળાઇનો લાભ લેવા પડોશી રાજ્ય ચી-ના રાજાએ ટિંગ માટે સંગીતમાં વિશારદ અને રૂપવતી એવી ઘણી સુંદરીઓને તથા સરસ ઘોડાઓને ભેટ તરીકે મોકલ્યાં. કન્ફયૂશિયસે તે ન સ્વીકારવા સલાહ આપી હતી. તેમ છતાં ટિંગ લલચાયો અને ભેટનો સ્વીકાર કર્યો. સુંદરીઓની મોહજાળમાં તે ફસાયો. પોતાની સલાહના અનાદર માટે કન્ફયૂશિયસે રાજ્યના મંત્રીપદેથી રાજીનામું આપ્યું. તેઓને રાજ્ય છોડીને ચાલ્યા જવાની ફરજ પડી. વખત જતાં પડોશી રાજ્યો દ્વારા રાજા ટિંગને પણ ઉથલાવી પાડવામાં આવ્યો અને તે પણ રાજ્ય છોડીને ભાગી

ગયો.

જ્યારે કન્ફયૂશિયસ લુ છોડી વઇ નામના રાજ્ય તરફ ગયા ત્યારે એમનો રથ જન યુ નામનો એક શિષ્ય હાંકતો હતો. વઇમાં વસતિનું પ્રમાણ ઘણું મોટું હતું, પણ લોકો એકંદરે ગરીબ હતા. જન યુ એ રસ્તામાં કન્ફયૂશિયસને પૂછયૂં કે 'વઇ રાજ્યના ઉદ્ધાર માટે શું કરવું જોઇએ ?' કન્ફયૂશિયસે કહ્યું, 'પહેલાં લોકોને રોજગારી મળે એ રીતે તેઓને સમૃદ્ધ બનાવવા જોઇએ. ત્યાર પછી લોકોને સંસ્કારી બનાવવા જોઇએ, કારણ કે સંસ્કાર વિના સમૃદ્ધિ નહિ ટકે અને ગરીબીની દુર્દશામાં સંસ્કાર નહિ ટકે.'

કન્ફયૂશિયસ લુ છોડી પોતાના કેટલાક શિષ્યો સાથે વઇ રાજ્યના સરહદ પરના આઇ નગરમાં દાખલ થયા. એ નગરના વયોવૃદ્ધ મુખીનો એવો રિવાજ હતો કે પોતાના નગરમાં જે કોઇ સાધુ સંતો આવે તો એમનાં દર્શન કરવા માટે તેઓ જતા. કન્ફયૂશિયસના શિષ્યો સાથે એમનો મેળાપ થયો. એમની પાસેથી કન્ફયૂશિયસ વિશે જાણ્યું એટલે એમને કન્ફયૂશિયસનાં દર્શન કરવાની તાલાવેલી લાગી. શિષ્યો એમને કન્ફયૂશિયસ પાસે લઇ ગયા. કન્ફયૂશિયસનાં દર્શનથી તેઓ બહુ પ્રભાવિત થઇ ગયા. બહાર આવીને એમણે શિષ્યોને કહ્યું, 'તમારે દેશવટો ભોગવવો પડે છે એનો શોક ન કરશો. અત્યારે આખી શહેનશાહત અવળે માર્ગે ચાલી રહી છે, પરંતુ કન્ફયૂશિયસને જોતાં મને લાગે છે કે આ દેશના ઉદ્ધાર માટે ભગવાને દૂત તરીકે કન્ફયૂશિયસને મોકલ્યા છે. એ વાત તમે યાદ રાખજો.'

મુખીએ કરેલી આગાહી વખત જતાં કેટલી બધી સાચી પડી !

કન્ફયૂશિયસ જ્યારે લુનું રાજ્ય છોડીને ચાલી નીકળ્યા ત્યારે તેમણે વઇ નામના રાજ્યમાં આશ્રય લીધો, કારણ કે

ત્યાંનો ઉમરાવ લિંગ કન્ફ્યૂશિયસનો દૂરનો સગો થતો હતો. પરંતુ પાછળથી લિંગ બહુ દુરાચારી થઇ ગયો. એનો સાવકો પુત્ર એનું ખૂન કરીને ભાગી ગયો. એથી દરબારીઓએ એના પૌત્રને ગાદીએ બેસાડયો. પરંતુ ભાગી ગયેલો એનો પિતા પાછો આવ્યો અને રાજગાદી માગી, પરંતુ પુત્રે તે આપી નહિ એથી બંને વચે લડાઇ થઇ. એમાં પિતા જીત્યો અને ગાદી પર આવ્યો.

એ વખતે પહેલાં પુત્રે અને ત્યાર પછી પિતાએ એમ બંનેએ કન્ફ્યૂશિયસને રાજ્યના મુખ્ય મંત્રી તરીકે જવાબદારી સ્વીકારવા માટે વિનંતી કરી હતી, પરંતુ કન્ફ્યૂશિયસે એ સ્વીકારી નહિ. એમના શિષ્યે એનું કારણ પૂછયું ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું, 'પિતાએ પિતૃધર્મ અને પુત્રે પુત્રધર્મ બજાવ્યો નથી. એવા રાજ્યની લગામ હાથમાં લઇ શકાય નહિ.'

શિષ્યે પૂછયું, 'કદાચ સત્તા લેવાનું થાય તો આપ શરૂઆત કેવી રીતે કરો ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'હું નીચેથી શરૂઆત કરું. સૌથી પહેલાં પારિભાષિક શબ્દોનાં લક્ષણ બાંધુ કે જેથી રાજ્યમાં કાયદો અને ન્યાય બરાબર જળવાઇ રહે.'

દેશવટા દરમિયાન જુદાં જુદાં રાજ્યોમાં રાજકીય અસ્થિરતાને કારણે તથા કાવાદાવાને કારણે કન્ફ્યૂશિયસને પોતાના શિષ્યો સાથે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં રખડવું પડયું. કેટલીકવાર એમને માથે જાનનું જોખમ પણ આવ્યું અને મરતાં મરતાં તેઓ બચી ગયા. આમ છતાં તેઓ ક્યારેય નિરાશ કે નિરુત્સાહી થયા નહોતા, પરંતુ વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે આવા વિપરિત સંજોગોમાં પણ એમનો એક પણ શિષ્ય એમને છોડીને ચાલ્યો ગયો ન હોતો. એ બતાવે છે કન્ફ્યૂશિયસનું પોતાનું વ્યકિતત્વ કેટલું બધું પવિત્ર અને

આકર્ષક હશે !

દેશવટા દરમિયાન કન્ફયૂશિયસ કેટલોક વખત ચિંગ નામના રાજાના રાજ્યમાં રહ્યા હતા. ચિંગની ઇચ્છા હતી કે કન્ફયૂશિયસ પોતાના રાજ્યમાં રહે અને લોકોના જીવનને સુધારવા માટે યોગ્ય માર્ગદર્શન આપે. પરંતુ ચિંગ પોતાના રાજ્યમાં કન્ફયૂશિયસને યોગ્ય હોદ્દો આપી શક્યા નહિ, વળી ચિંગના રાજ્યમાં સુધારા કરવા માટે કોઇ અનુકૂળ વાતાવરણ રહ્યું નહોતું. એટલે કન્ફયૂશિયસ ચિંગનું રાજ્ય છોડીને ચાલ્યા ગયા હતા.

કન્ફયૂશિયસ કહેતા કે કોઇ પણ રાજ્ય તરફથી તે રાજ્યમાં સુધારા કરવા માટે પોતાને જો કોઇ જવાબદારી સોંપવામાં આવે તો પોતે ત્રણ વર્ષની અંદર પ્રજાકીય સ્તરે એનો સંપૂર્ણ અમલ કરાવી શકે. કન્ફયૂશિયસને રાજ્યવહીવટની બાબતમાં કેટલો બધો આત્મવિશ્વાસ હતો તે તેમના આ કથન ઉપરથી જોઇ શકાય છે.

દેશવટા દરમિયાન કન્ફયૂશિયસ જુદા જુદાં રાજ્યોમાં ફર્યા. લુ રાજ્યના અમલદાર તરીકે એમને સારો અનુભવ હતો. એ વાત બીજા રાજાઓ અને લોકો જાણતા હતા. પરંતુ કન્ફયૂશિયસે એવું કોઇ પદ મેળવવા સામેથી કોઇ પ્રયત્ન કર્યો નહોતો. વળી પોતાની શક્તિને યોગ્ય પદ મળે તો જ તેઓ સ્વીકારવા તૈયાર હતા. એથી નીચેનું પદ લેવામાં રસ નહોતો. એમના કેટલાક શિષ્યો આવું કોઇ પદ તેઓ જલદી સ્વીકારે એમ ઇચ્છતા હતા. પરંતુ કન્ફયૂશિયસને એવી કોઇ ઉતાવળ નહોતી. એમ કરતાં કરતાં પંદરેક વર્ષ વહી ગયાં હતા. પોતાના લુ રાજ્યમાં પાછા ફરવા માટે હવે અનુકૂળ વાતાવરણ થયું હતું એટલે કન્ફયૂશિયસે લુ માં પાછા ફરવાનો નિર્ણય કર્યો.

કન્ફ્યૂશિયસ જ્યારે પાછા ફરી રહ્યા હતા ત્યારે એક વખત તેઓ ચેન અને ત્સાઇ એ બે રાજ્યોની સરહદ પરના સાંકડા ડુંગરાળ રસ્તામાંથી પસાર થઇ રહ્યા હતા. તે સમયે એક રાજ્યના સૈનિકોએ એમના ઉપર ઘેરો ઘાલ્યો. આથી કન્ફ્યૂશિયસ આગળ વધી ન શક્યા. એમ સતત સાત દિવસ સુધી કશી સાધનસામગ્રી વિના તેઓને એક સ્થળે સંતાઇને રહેવું પડયું હતું. એ વખતે એમની સાથે એમના શિષ્યો પણ હતા. પરંતુ આવા સંકટમાં પણ કન્ફ્યૂશિયસની સાથે રહેવાથી તેઓ કોઇ ડરી ગયા નહોતા કે હિંમત હારી ગયા નહોતા.

કન્ફ્યૂશિયસ જ્યારે દેશવટો ભોગવતા હતા ત્યારે એમની ઉંમર સાઠ વર્ષની થવા આવી હતી. તેઓ સશકત અને સક્રિય હતા. તેમને આશા હતી કે લુનો રાજ્યવહીવટ સંભાળવા માટે તેમને બોલાવવામાં આવશે. પરંતુ તેમને બોલાવવામાં આવ્યા નહિ. એને બદલે એમના શિષ્ય જન ચિઉને રાજ્ય વહીવટ સંભાળવા માટે રાજાએ કહ્યું અને જન ચિઉએ એ દરખાસ્ત સ્વીકારી લીધી. કન્ફ્યૂશિયસને એ ગમ્યું નહિ. તે વખતે તેઓ ચેનના રાજ્યમાં હતા. એમણે તે વખતે પોતાના શિષ્યોને કહ્યું, 'ચાલો, આપણે જલદી આપણા લુ રાજ્યમાં પાછા ફરીએ, કારણ કે આપણા જુવાનો ઉતાવળિયા, લોભી અને તકવાદી થઇ ગયા છે. તેઓ થોડી વિદ્યા શીખ્યા એનો અર્થ એ નથી કે તેઓ રાજ્ય વહીવટ ચલાવવામાં કાબેલ છે.'

કન્ફ્યૂશિયસે પોતાના શિષ્યો સાથે ચૌદ-પંદર વર્ષ જુદાં જુદાં રાજ્યોમાં પરિભ્રમણ કર્યું. આ પ્રવાસો દરમિયાન એમને સારામાઠા વિવિધ પ્રકારના અનુભવો થયા. એથી એમને ઘણું શીખવા મળ્યું.

કન્ફ્યૂશિયસને લુના રાજવીએ પાછા ફરવા માટે વિનંતીનો સંદેશો મોકલાવ્યો. કન્ફ્યૂશિયસ લુમાં પાછા ફર્યા, પરંતુ ત્યારે એમની ઉંમર ૬૮ વર્ષની થઇ ગઇ હતી. તેઓ રાજ્યની કોઇ જવાબદારી હવે લેવા ઇચ્છતા નહોતા. એમને પોતાનો સમય વિદ્યાર્થીઓને ભણાવવામાં અને પ્રાચીન ગ્રંથોનું સંકલન કરવામાં પસાર કર્યો.

કન્ફ્યૂશિયસ વઇના રાજ્યમાંથી લુના રાજ્યમાં પાછા ફર્યા ત્યાર પછી એમણે સંગીતના ક્ષેત્રે જે એક મહત્ત્વનું કાર્ય કર્યું તે સંગીતના કાર્યક્રમોની પુનર્યોજનાનું હતું. અત્યાર સુધી ધાર્મિક ગીતો અને લૌકિક ભોગવિલાસનાં ગીતોની સેળભેળ રહેતી. સંગીતકારો અને ગાનારાઓ મન ફાવે તે ગીત મન ફાવે તે કાર્યક્રમમાં ગાતા વગાડતા રહેતા. એમાં બહુ ઔચિત્ય રહેતું નહિ. (જેમ આપણે ત્યાં લગ્નપ્રસંગે વાજાવાળાં લગ્નભંગનાં, કાયમના વિરહનાં, બેવફાઇનાં એમ જુદા જુદા પ્રકારનાં પ્રચલિત ફિલ્મી ગીતો વગાડે છે તેમ) કન્ફ્યૂશિયસે આવા કાર્યક્રમોની પુનર્યોજના કરી કે જેથી ધાર્મિક ઉત્સવના પ્રસંગે ધાર્મિક ગીતો જ ગવાય અને કોઇનાં લગ્ન કે મરણ પ્રસંગે તેવા પ્રકારનાં ગીતો ગવાય.

એક વખત પોતાના હાથ નીચે અગાઉ કામ કરતો એક અધિકારી કન્ફ્યૂશિયસને અચાનક મળી ગયો. સુધારા કરવાની બાબતમાં તે નિરાશ થઇ ગયો હતો. ત્યારે કન્ફ્યૂશિયસે એ નિરાશ થઇ ગયેલા અધિકારીને કહ્યું હતું, 'પરમાત્માએ મને આ જગતમાં સુધારાઓ કરવા મોકલ્યો છે. માટે પૂરો વિશ્વાસ રાખવો અને હિંમત રાખવી. એ માટે તમારે નિરાશ થવાની જરા પણ જરૂર નથી. સુધારાઓ અવશ્ય થશે જ.'

પોતાના માથે કષ્ટો આવી પડયાં ત્યારે પણ કન્ફયૂશિયસ સત્ય અને કર્તવ્યપાલન માટેના પોતાના આગ્રહમાંથી અને સુધારાઓ માટેની પોતાની ધગશમાંથી જરા પણ પાછા હઠયા નહોતા. વૃદ્ધાવસ્થામાં એમને પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિમય વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાની સલાહ ઘણા તરફથી મળતી, તો પણ તે ન સ્વીકારતાં તેમણે જીવનના અંત સુધી પ્રવૃત્તિમય જીવન ચાલુ રાખ્યું હતું.

કન્ફયૂશિયસે પોતે પોતાના વિશે કહ્યું છે, 'પંદર વર્ષની વયે હું વિદ્યાભ્યાસમાં ડૂબેલો હતો. ત્રીસ વર્ષની વયે હું ગમે તે પરિસ્થિતિમાં ગમે તે વ્યકિત સામે સ્વસ્થ અને અણનમ રહેતાં શીખ્યો. ચાલીસ વર્ષની વયે ઇશ્વરમાં મારી શ્રદ્ધા સ્થિર થઇ અને કુદરતના નિયમો સમજવા લાગ્યો. સાઠ વર્ષની વયે સત્યવચન પ્રત્યે મારો આદરભાવ વધી ગયો. સિત્તોર વર્ષની વયે નીતિનિયમોના ભંગ વિના મારા આત્માના અવાજને ઓળખવાનું અને તે મુજબ અનુસરવાનું બળ મેં મેળવ્યું.

ઇ.સ.પૂર્વે ૪૭૯માં ૭૩ વર્ષની વયે કન્ફયૂશિયસનું અવસાન થયું. એમના મૃતદેહને ચુ-ફુ નામના નગરમાં દફનાવવામાં આવ્યો હતો.

કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી એમની યાદગીરીમાં વખતોવખત રાજ્ય તરફથી એમનું મરણોત્તર બહુમાન કરવામાં આવતું. એમના સ્વર્ગવાસના લગભગ બે સૈકા પછી તો એમની સમાધિ આગળ ચીનના શહેનશાહે મોટો પશુયજ્ઞ કરાવ્યો હતો. ત્યાર પછી કેટલેક વર્ષે કન્ફયૂશિયસને જુદી જુદી મરણોત્તર પદવીઓ, ઇલ્કાબો વગેરે આપવામાં આવ્યાં હતાં. ત્યાર પછી એમના માનમાં નિયમિત સમયે વર્ષમાં ચાર વખત પશુયજ્ઞ કરવાનો હુકમ રાજ્ય તરફથી નીકળ્યો હતો. કન્ફયૂશિયસ માટે

જુદાં જુદાં સ્થળે મળીને દોઢ હજારથી વધુ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી લગભગ એક હજાર વર્ષ પછી રાજ્યની તમામ શિક્ષણ સંસ્થાઓમાં કન્ફયૂશિયસનું પૂતળું મૂકવામાં આવ્યું હતું. વળી એમના પૂતળાની ધૂપ, દીપ સાથે પૂજા કરવાની પ્રણાલિકા પ્રચલિત બની હતી. સંક્ષેપમાં કહીએ તો કન્ફયૂશિયસને ચીનના શહેનશાહ જેટલું માન આપવામાં આવતું અને દેવ તરીકે એમની પૂજા થતી હતી. અલબત્ત તત્કાલીન રાજકીય પરિસ્થિતિ અનુસાર તે તે પ્રદેશોમાં આ પૂજાવિધિ અને પશુયજ્ઞોમાં પણ વધઘટ થતી રહી હતી.

કન્ફયૂશિયસને 'રાજમુગટ (અથવા રાજ્યદંડ) વિનાના રાજા' તરીકેનું બિરુદ આપવામાં આવ્યું હતું.

કન્ફયૂશિયસનો જન્મદિવસ ચીનમાં શિક્ષક દિન તરીકે આજ દિવસ સુધી ઊજવાતો આવ્યો છે. વળી કન્ફયૂશિયસે પ્રજાના હૃદયમાં એવું સ્થાન જમાવ્યું છે કે અનેક લોકોને કન્ફયૂશિયસ માટે લખાયેલી સ્તુતિઓ, પ્રાર્થનાઓ વગેરે કંઠસ્થ છે. સમયે સમયે નવી નવી કવિતાઓ ચીની ભાષામાં આજ દિવસ સુધી કન્ફયૂશિયસ માટે લખાતી રહી છે.

આ રીતે ચીની પ્રજામાં ઠેઠ વર્તમાન સમય સુધી કન્ફયૂશિયસનું ચીની સંસ્કૃતિના પિતા તરીકે પ્રજામાં હંમેશાં બહુ આદરમાન રહ્યું છે. કન્ફયૂશિયસ જેવું અને જેટલું માન આ અઢી હજાર વર્ષમાં ચીનમાં બીજા કોઈને મળ્યું નથી.

********

# કન્ફયૂશિયસની કેટલીક ખાસિયતો

કન્ફયૂશિયસના શિષ્યોએ કન્ફયૂશિયસની જે કેટલીક ખાસિયતો નોંધી છે તેમાંથી એમના વ્યક્તિત્વનું એક સુરેખચિત્ર નજર સામે તરવરે છે.

કન્ફયૂશિયસ દેખાવે કડક મુખમુદ્રાવાળા હતા, પરંતુ સ્વભાવે અત્યંત હસમુખા, વિનમ્ર, વિનયી અને ઉદાર હતા. તેઓ નિખાલસ હતા અને પોતાની ભૂલોનો કે પોતાના સ્વભાવના દોષોનો તરત સ્વીકાર કરી લેતા. તેઓ ઘમંડી નહોતા. એથી લોકો તેમને એટલી હદ સુધી ચાહતા હતા કે જાણે તેઓ સાક્ષાત ભગવાન ન હોય !

રાજા કે ઉમરાવ તરફથી મહેમાનોનું સ્વાગત કરવાનું અને એમની દેખભાળ રાખવાનું કામ જ્યારે એમને સોંપવામાં આવતું ત્યારે તેઓ તે ઉત્સાહ અને વિનયપૂર્વક કરતા. તેઓ શ્વેત ઝભ્ભો ધારણ કરતા. મહેમાનના સ્વાગત માટે બે હાથની ઝૂલતી શ્વેત બાંય જાણે પંખીની બે પાંખ હોય તેવી શોભતી. તેઓ મહેમાન વિદાય થાય ત્યાં સુધી હાજર રહેતા, મહેમાનોને વંદન કરતા અને એમનું વંદન ઝીલતા અને પછી રાજા પાસે આવી મહેમાનની મુલાકાતનો વિગતવાર અહેવાલ આપતા.

રાજદરબારમાં તેઓ જતા ત્યારે દરવાજો ઘણો ઊંચો હોવા છતાં તેઓ પોતાનું રાજા તરફનું બહુમાન દર્શાવવા સહેજ વાંકા વળીને દાખલ થતા. તેઓ ઉંબરા ઉપર ક્યારેય પગ મૂકતા નહિ. રાજગાદી પાસેથી તેઓ પસાર થતા ત્યારે ત્યાં ઘૂંટણથી વાંકા વળતા અને પછી ઊભા થઇ આગળ જતા.

તેઓ રથમાં કે પાલખીમાં બેઠા હોય ત્યારે સીધી નજર રાખતા. ડોક ફેરવીને આજુબાજુ કે પાછળ જોવાનો તેઓ પ્રયત્ન કરતા નહિં. વળી ત્યારે તેઓ પોતાની સાથે બેઠેલાઓ જોડે બહુ વાતચીત પણ કરતા નહિ. તેઓ નિયમપાલનમાં બહુ કડક રહેતા.

જ્યારે એમને રાજદંડ ઊંચકીને ચાલવાનું આવતું ત્યારે તેઓ વિનયપૂર્વક જરા વાંકા વળતા, દંડને પ્રથમ મસ્તક સુધી લઇ જઇ પછી સહેજ નીચે ઉતારી છાતી સુધી લાવીને પકડી રાખતા. દંડ સાથે ચાલતી વખતે તેઓ ધીમા ધીમા નજીક નજીક ડગલાં ભરતા.

કોઇ જાહેર સ્થળે કે કોઇના ઘરે તેઓ ગયા હોય અને ત્યાં સાદડી વાંકીચૂકી પડી હોય તો એ સરખી કર્યા પછી જ તેઓ એના ઉપર બેસતા. (ચીન-જાપાનમાં ખુરશી ટેબલને બદલે જમીન ઉપર સાદડી પાથરીને બેસવાનો રિવાજ હતો, જે હજુ પણ ઘણે અંશે ત્યાં, વિશેષતઃ ગામડાઓમાં ચાલુ છે)

તેઓ કોઇની સાથે આડા પડીને કે સૂતાં સૂતાં વાત કરતા નહિ. વાત કરવી હોય ત્યારે તરત તેઓ બેઠા થઇ જતા.

રાજા તરફથી એમને જ્યારે જ્યારે મળવા માટે બોલાવવામાં આવતા ત્યારે રથ કે પાલખીની રાહ જોયા વિના તેઓ પગે ચાલતા નીકળી જતા.

તેઓ શિષ્ટાચાર સાચવતા. કોઇ પોતાને મિજબાની આપે ત્યારે નીકળતી વખતે પ્રસન્નતાપૂર્વક એનો આભાર માનતા. કોઇ લશ્કરી અમલદારને જુએ તો તેના તરફ આદરભાવ બતાવતા. કોઇ ગરીબ માણસ મળવા આવ્યો હોય અથવા રસ્તામાં કોઇ અંધ મનુષ્યને જતો જુએ તો તેઓ તેને સહાય કરવા ઊભા રહેતા અને તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા.

જેનાં કોઇ સગાસંબંધી ન હોય એવી પોતાની કોઇ પરિચિત વ્યક્તિ ગુજરી જતી તો એની અંતિમ ક્રિયા તેઓ પોતે સંભાળી લેતા.

તેઓ કોઇ ઉત્સવ કે મિજબાનીમાં ભાગ લેવા જતા ત્યારે ત્યાં પધારેલા વડીલો જ્યાં સુધી વિદાય ન લે ત્યાં સુધી તેઓ ત્યાં બેસી રહેતા. તેઓ કોઇ મંદિરે દર્શન કરવા જતા ત્યારે ત્યાંના નાનામાં નાના કર્મચારીના પણ ખબરઅંતર પૂછતા અને કોઇને કંઇ મુશ્કેલી હોય તો સહાય કરતા કે કરાવતા.

પોતાનો જ્યાં જન્મ થયો હતો એ વતનમાં તેઓ જતા ત્યારે ત્યાં અત્યંત સાદાઇથી રહેતા. ગામજનો આગળ પોતે મોટા માણસ હોવાનો કોઇ આડંબર કરતા નહિ. પોતાના વતનમાં પૂર્વજોના મંદિરમાં તેઓ પગે લાગવા અચૂક જતા. તેમની વાણીમાં સંયમ રહેતો.

તેઓ જંગલી લોકોના પ્રદેશમાં જવા માટે જરા પણ અચકાતા નહિ, ડરતા નહિ. પોતાના જવાથી જંગલી લોકો જરૂર સુધરશે એવી તેઓ આશા રાખતા.

વાવાઝોડું થતું કે આકાશમાં મેઘગર્જના અને વીજળીના કડાકા થતાં ત્યારે તેઓ ગંભીર બની જતા.

કોઇના શોકના પ્રસંગે જો તેઓ દિલસોજી દર્શાવવા ગયા હોય તો એ દિવસે ઘરે આવ્યા પછી તેઓ કોઇ મનોરંજનની

પ્રવૃત્તિ કરતા નહિ. તેઓ ગીત ગાવા કે સંગીતના અભ્યાસ માટે પણ બેસતા નહિ.

કોઇના શોકના પ્રસંગે બેસવા જવાનું થયું હોય ત્યારે જો એ ઘરે ભોજન લેવાનો પ્રસંગ આવે તો તેઓ પેટ ભરીને જમતા નહિ.

તેઓ એકંદરે ઓછું ખાતા અને ખાતાં ખાતાં કોઇની સાથે વાતચીત કરતા નહિ. ભોજન વખતે થોડું પિતૃઓને અર્પણ કર્યા પછી જ તેઓ ખાતા. તેમને દારૂની ટેવ પ્રમાણમાં વધારે હતી, તો પણ નશો ચડી જાય એટલી હદ સુધી તેઓ પીતા નહિ.

કન્ફ્યૂશિયસ પોતાના દોષોનો સ્વીકાર કરી લેતા. તેઓ એકરાર કરતાં કહેતા કે પોતાની એક બહુ જ ખરાબ નબળાઇ એ છે કે પોતે દારૂ પીવાનું છોડી શકતા નથી.

કન્ફ્યૂશિયસ ઘણીવાર મનનચિંતન કરવા માટે એકાંતમાં દિવસોના દિવસો સુધી બેસી રહેતા. કેટલીકવાર તો તેઓ ખાવાનું પણ ભૂલી જતા. રાત્રે ચિંતનમનન કરતાં કરતાં કોઇવાર આખી રાત પૂરી થઇ જતી, છતાં તેમને થાક લાગતો નહિ કારણ કે તેમની શારીરિક અને માનસિક શક્તિ એટલી બધી હતી. જેમ ચિંતનમનનમાં તેમ સ્વાધ્યાયમાં પણ તેઓ એવી જ રીતે સતત લાગેલા રહેતા. તેમને અનુભવે એમ સમજાયું હતું કે ચિંતનમનન કરતાં સ્વાધ્યાય પોતાની પ્રકૃતિને વધુ અનુકૂળ છે અને એથી પોતાને વિશેષ લાભ થાય છે.

તેઓ દુ:ખી માણસ પ્રત્યે દિલસોજી દર્શાવતા. કોઇ સરકારી અધિકારી મળવા આવે તો પોતે ઊભા થઇને સામેથી લેવા જતા અને આદરભાવ દર્શાવતા. અંધ માણસ હોય કે અપંગ માણસ હોય તો તેને મદદ કરવા ઝડપથી તેની પાસે પહોચી જતા.

રાજાઓ કે ઉમરાવોની સાથે વાતચીત કરતી વખતે તેઓ પૂરી સ્વસ્થતાથી વાત કરતા. રાજાના મંત્રીઓ કે અધિકારીઓ સાથે જ્યાં જરૂર લાગે ત્યાં તેઓ શાંતિથી, સ્વસ્થતાથી, નિખાલસતાથી કે દઢતાથી વાત કરતા.

કવિતા, ઈતિહાસ અને વિધિવિધાન એમના અત્યંત પ્રિય વિષયો હતા. એના ઉપર તેઓ વખતો વખત પ્રવચનો આપતા.

સંગીત એમને બહુ પ્રિય હતું. તેમને વાજિંત્રો વગાડતાં આવડતું અને મધુર કંઠે સરસ ગાતાં પણ આવડતું. કોઈ ગવૈયાને બોલાવ્યો હોય અને પોતાને કોઈ ગીત ગમી જાય તો તે ફરીવાર ગાવાનું તેને કહેતા અને પોતે પણ તેની સાથે ગાવા લાગતા.

દૈવી ચમત્કારો કે શારીરિક પરાક્રમોની વાતોમાં તેમને જ પડતો નહિ. સંસ્કારની વાતોમાં, જીવનની ઉન્નતિની વાતો તેમને વધુ રસ પડતો.

પ્રચલિત રીતરિવાજોમાં જે સ્વીકારવા યોગ્ય હોય તે તે સ્વીકારતા અને જ્યાં ફેરફાર કરવા યોગ્ય હોય તેમાં ફેરફાર પ કરતા. તેમનામાં જડતા નહોતી અને અવિચારી ક્રાંતિ પણ નહોતી. ધાર્મિક પ્રસંગોએ ત્યારે શણની ટોપી પહેરવાનો રિવાજ હતો. પરંતુ ત્યાર પછી રેશમી ટોપી આવી. એ ઓછી ખર્ચાળ હતી એટલે કન્ફયૂશિયસે શણની ટોપીને બદલે રેશમી ટોપી પહેરવાનું ચાલુ કર્યું હતું. એ જમાનામાં આવો ફેરફાર ઘણો મોટો હતો. જૂની પરંપરા પ્રમાણે રાજાને પ્રણામ કરવા લોકો આવ્યા હોય તો તે વખતે મંચની નીચે ઊભા રહીને પ્રણામ કરતા. પરંતુ તે વખતે કેટલાક લોકો મંચનાં પગથિયાં ચઢી રાજાની પાસે જઈને પ્રણામ કરવા લાગ્યા હતા. તો પણ કન્ફયૂશિયસ કહેતા કે પોતાને નીચે ઊભા રહીને પ્રણામ કરવામાં રાજાનું વધારે ગૌરવ સચવાતું લાગે છે. એથી પોતે પ્રાચીન

પરંપરાને વળગી રહેવા ઇચ્છે છે. આમ યોગ્યતા અનુસાર કન્ફયૂશિયસ જૂની પરંપરામાં ફેરફાર કરતા અને જ્યાં ફેરફારની યોગ્યતા ન હોય ત્યાં જૂની પરંપરાને વળગી રહેતા.

*******

# કન્ફ્યૂશિયસના કેટલાક જીવનપ્રસંગો

કન્ફ્યૂશિયસના જીવનના વિવિધ પ્રસંગો એમના શિષ્યો દ્વારા નોંધાયેલા છે. એ જીવનપ્રસંગોમાં કન્ફ્યૂશિયસનું વ્યક્તિત્વ ઉપસી આવે છે. એવા કેટલાક પ્રસંગો નીચે મુજબ છે.

કન્ફ્યૂશિયસ વિનય-વિવેકમાં અને ઔપચારિકતા સાચવવામાં ઘણા બધા ચીવટવાળા હતા. નાના માણસોને પણ તેઓ કાળજીપૂર્વક સાચવતા. એક વખત કન્ફ્યૂશિયસને મિચેન નામનો એક અંધ ગવૈયો મળવા આવ્યો. ખબર મળતાં જ કન્ફ્યૂશિયસ એને સામેથી તેડવા માટે ગયા. ગવૈયાને મળી એનો હાથ પકડી તેઓ લઈ આવ્યા. જ્યાં પગથિયાં ચડવાનાં હતાં ત્યાં 'અહીં પગથિયું છે. સાચવીને ચડજો, 'એમ તેઓ કહેતા ગયા. પછી પોતાના ખંડમાં આવ્યા. ત્યારે તેમણે ગવૈયાને કહ્યું, 'અહીં તમારે માટે બેસવાનું રાખ્યું છે.' પછી આવેલા મહેમાનોને ગવૈયાનો પરિચય કરાવ્યો અને મહેમાનોનો પરિચય ગવૈયાને કરાવતાં એની સામે કોણ કોણ કઈ કઈ દિશામાં બેઠા છે તે નામ દઈને જણાવ્યું કે જેથી ગવૈયો વાતચીત કરતી વખતે તેમની સામે મોઢું કરી શકે.

આ રીતે નાના માણસને પણ સાચવવાની માનવતાભરી કળા એમનામાં હતી. એથી જ તેઓ બીજાનાં દિલ જીતી લઇ શકતા.

કન્ફયૂશિયસ વ્યવહારદક્ષ હતા. એક વખત તેઓ માંદા હતા ત્યારે એમના એક મિત્ર ચિ કંગ ત્ઝૂએ એમના માટે દવા મોકલી. કન્ફયૂશિયસે એ માટે આભારની લાગણી દર્શાવી અને ક્ષમા માગી કે એ દવા પોતાને અપરિચિત હોવાથી અજમાવી શકશે નહિ.

એક વખત કન્ફયૂશિયસ રાજદરબારમાં હતા ત્યારે એમને સમાચાર મળ્યા કે 'તમારા ઘોડાના તબેલામાં આગ લાગી છે'. તેઓ તરત ઘરે આવ્યા. તેમણે સૌથી પહેલાં એ પ્રશ્ન કર્યો કે કોઇ દાઝી તો નથી ગયું ને? તેમણે પહેલાં માણસની ચિંતા કરી અને પછી પોતાના કીમતી ઘોડાની.

એક દિવસ કન્ફયૂશિયસે પોતાના શિષ્ય શેનને પૂછયું, 'શેન ! મેં જે કંઇ ઉપદેશ બધે આપ્યો છે એમાં મારો એક જ સિદ્ધાંત મુખ્યત્ત્વે અવશ્ય વણાયેલો હોય છે. એ સિદ્ધાંત કયો છે તેની તને ખબર છે ?'

શેને કહયું, 'હા, મને ખબર છે, માણસે સૌ પ્રથમ પોતાની જાત પ્રત્યે વફાદાર રહેવું જોઇએ. વળી એણે બધા જ લોકો પ્રત્યે માનવતાની, બંધુત્વની, પ્રેમની ભાવના રાખવી જોઇએ'.

પોતાની નમ્રતા દર્શાવતાં કન્ફયૂશિયસે એક વખત કહેલું કે 'મારામાં બધુંજ જ્ઞાન છે એમ હું માનતો નથી અથવા મને એવી કુદરતી બક્ષિસ મળી છે એવું પણ હું માનતો નથી. પરંતુ કોઇ વ્યક્તિ પોતાનો પ્રશ્ન લઇને મારી પાસે આવી હોય તો એના

પ્રશ્નને બધી જ બાજુથી વિગતવાર તપાસીને હું એવું નિરાકરણ કરી આપું છું કે જેથી એને સંતોષ થાય'.

દેશવટા દરમિયાન જુદાં જુદાં રાજ્યોમાં પોતાના શિષ્યો સાથે કન્ફયૂશિયસ પરિભ્રમણ કરતા હતા ત્યારે એમને વિવિધ પ્રકારના સારામાઠા અનુભવો થયા હતા.

એક વખત કન્ફયૂશિયસ કુઅંગ નામના નગરમાં ગયા હતા. એ વખતે કુઅંગમાં એક અમલદાર હતો. એનું નામ યંગ હુઓ હતું. એ ઘણો ક્રૂર અને જુલમી હતો. આથી પ્રજામાં તેને માટે ભારે અસંતોષ પ્રવર્તતો હતો. એક વખત એ અલમદારે વધારે પડતા જુલમો પ્રજા ઉપર કરવા માંડયા. એથી પ્રજા વિફરી. લોકોએ હુલ્લડ મચાવી દીધું. તેઓ યંગ હુઓને મારી નાખવા નીકળ્યા. બરાબર એ જ વખતે કન્ફયૂશિયસ કુઅંગમાં આવેલા. તેમનો ચહેરો યંગ હુઆને મળતો આવતો હતો. કેટલાક લોકો એમને જ યંગ હુઆ સમજીને મારવા દોડયા. કન્ફયૂશિયસના કેટલાક શિષ્યો વચ્ચે પડયા અને સાચી પરિસ્થિતિ સમજાવી. એથી કન્ફયૂશિયસ મૃત્યુના મુખમાંથી બચી ગયા. તે વખતે તેઓ નિર્ભય અને સ્વસ્થ રહ્યા હતા. ઈશ્વરની ઇચ્છા પોતાને જીવતો રાખવાની છે એવી શ્રદ્ધા એમણે દર્શાવી હતી.

દેશવટા દરમ્યાન ભ્રમણ કરતાં કરતાં એક વખત કન્ફયૂશિયસ પોતાના શિષ્યો સાથે રાજા લિંગના રાજ્યમાં આવ્યા. રાજા લિંગ એટલો દુષ્ટ હતો કે એણે પ્રજાને આજ્ઞા કરી કે કોઈએ કન્ફયૂશિયસને આશ્રય આપવો નહિ કે ખાવાપીવાનું આપવું નહિ. આથી ત્યાંથી કન્ફયૂશિયસ રાજા ચેનના રાજ્યમાં ચાલ્યા ગયા. ત્યાં પણ આવી જ તકલીફ પડી. ખાવા પીવાની મુશ્કેલીને લીધે તેઓ તથા એમના શિષ્યો અને અનુચરોને

નબળાઈ વરતાવા લાગી. કોઈકને આંખે અંધારાં આવવા લાગ્યાં. કેટલાક શિષ્યો રાજા પ્રત્યે ક્રોધ વ્યક્ત કરવા લાગ્યા. પરંતુ કન્ફયૂશિયસે કહ્યું કે 'જેઓને નીતિના માર્ગે જવું છે તેઓને તો આવી મુશ્કેલીઓ વેઠવાનો વખત આવવાનો જ. આવે વખતે જ પોતાના મનોબળની, પોતાની શ્રદ્ધાની ખરી કસોટી થાય છે'.

તેઓ નગર બહાર વનમાં ફળાદિ ખાતા રહીને બીજા રાજ્યમાં ચાલ્યા ગયા.

કન્ફયૂશિયસ એક વખત વઈ નામના રાજ્યમાં આવ્યા હતા. એના રાજાનું નામ પણ લિંગ હતું. તે મૂર્ખ, અભિમાની અને નીતિનિયમ વિનાનો હતો. એની રાણી તો ઘણી દુરાચારી હતી. પોતાના રાજ્યમાં કન્ફયૂશિયસ છે એ જાણી રાજા લિંગે એમને બોલાવ્યા અને બીજા રાજ્ય સાથે યુદ્ધ કરવા માટે કેવી વ્યૂહરચના કરવી જોઈએ એ વિશે સલાહ માગી. કન્ફયૂશિયસે રહ્યું, 'યુદ્ધ કળા વિશે હું કશું જાણતો નથી. સુલેહ શાંતિ કરવી હોય તો એની કળા વિશે હું કંઈક જાણું છું. હું યુદ્ધ માટે કંઈ સલાહ નહિ આપી શકું, પરંતુ તમારે જો એ રાજ્ય સાથે સુલેહ કરવી હોય તો તે હું કરાવી આપી શકીશ'.

કન્ફયૂશિયસનો જવાબ સાંભળી રાજા લિંગ નારાજ થયો. એણે કન્ફયૂશિયસને પોતાનું રાજ્ય છોડી જવા માટે સૂચના કરી. બીજે દિવસે સવારે કન્ફયૂશિયસ એ રાજ્ય છોડી નીકળી પડયા.

એક વખત કન્ફયૂશિયસ પોતાના શિષ્યો સાથે શી નામના એક નાનકડા રાજ્યમાં એક નગરમાંથી બીજા નગરમાં જતા હતા. ત્યાં નગરને પાદરે કબ્રસ્તાનમાં એક સ્ત્રી એક કબર પાસે

બેસીને રડતી હતી. કન્ફયૂશિયસે એની પાસે જઇને એને સાંત્વન આપ્યું અને રડવાનું કારણ પૂછયું. એ સ્ત્રીએ કહ્યું, 'મારા સસરાને વાઘે અહીં મારી નાખ્યા હતા. ત્યાર પછી મારા પતિને પણ વાઘે અહીં મારી નાખ્યા હતા. અને હવે મારા પુત્રને પણ વાઘે અહીં મારી નાખ્યો છે.'

કન્ફયૂશિયસે કહ્યું, 'બહેન, જો આવું જોખમ હોય તો તમે આ રાજ્ય છોડીને બીજા રાજ્યમાં ચાલ્યા જાઓને ?'

તે સ્ત્રીએ કહ્યું, 'ના, મારે આ રાજ્ય છોડીને બીજા રાજ્યમાં જવું નથી. કારણ કે અમારો રાજા જુલમી નથી. તે બહુ જ ભલો છે.'

એ સ્ત્રીની વાત સાંભળી કન્ફયૂશિયસે પોતાના શિષ્યોને કહ્યું, 'જુઓ, વાઘના મુખે મરવું સારું, પણ પ્રજાને ત્રાસ આપનાર નિર્દય રાજાના રાજ્યમાં રહેવું સારું નહિ એવું વિચારનારા લોકો પણ છે. સારું રાજ્ય એ કહેવાય કે જ્યાં પ્રજા સુખી હોય અને એને બીજાં રાજ્યમાં જવાનું ગમે નહિ. વળી રાજ્ય સારું હોય તો દૂર દૂરના રાજ્યોમાંથી લોકો આકર્ષાઇને વસવાટ કરવા આવે.'

કન્ફયૂશિયસ જયારે પોતાનું રાજય છોડીને બીજા રાજ્યોમાં ભટકતા હતા ત્યારે એક વખત ગંભીર માંદગીમાં પટકાઇ પડયા હતા. કદાચ તેઓ બચશે નહિ એમ લાગતું હતું. તે વખતે એમના શિષ્ય ત્ઝૂ લ્યૂએ બીજા શિષ્યોને રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓનો વેશ ભજવવાનું સૂચન કર્યું કે જેથી રાજવંશી ઠાઠમાઠ અને સન્માન સાથે કન્ફયૂશિયસ અંતિમ વિદાય લઇ રહ્યા છે એવો એમને આભાસ થાય. પરંતુ

કન્ફયૂશિયસ એ વાતને પામી ગયા. એમણે શિષ્યોને કહ્યું, 'રાજ્યના મુખ્ય પ્રધાનોની વચ્ચે મારું મરણ થાય તેના કરતાં મારા શિષ્યો વચ્ચે મારું મરણ થાય એ હું વધુ પસંદ કરું છું. મારી અંતિમ ક્રિયા રાજ્યના જાહેર સન્માન સાથે ન થાય તેથી કંઇ મારું મૂલ્ય ઓછું થઇ જવાનું નથી'. રાજ્ય દરબારનાં માનપાન કરતાં પોતાનાં શિષ્યોનું મૂલ્ય એમને મન કેટલું બધું હતું તે આ પ્રસંગ ઉપરથી જોઇ શકાય છે.

એક દિવસ કન્ફયૂશિયસ પોતાના શિષ્યો સાથે એક ગામથી બીજા ગામે જઇ રહ્યા હતા. રસ્તામાં એક માણસ ઊભો હતો. એ કન્ફયૂશિયસને જાણતો હતો. કન્ફયૂશિયસને જોઇને એ મોટેથી બોલી ઊઠયો, 'કન્ફયૂશિયસ કેટલા મહાન માણસ છે! પણ દુઃખની વાત એ છે કે બહુ ઓછા માણસો એમને ઓળખે છે.' કન્ફયૂશિયસ અને એમના શિષ્યોએ આ સાંભળ્યું. તેઓ આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં કન્ફયૂશિયસે પોતાના શિષ્યોને કહ્યું, 'લૌકિક પ્રસિદ્ધિની મને ખેવના નથી અને મારે માટે તેનું બહુ મૂલ્ય પણ નથી. હું શું કરું કે જેથી મને અનેક લોકો ઓળખે અને મારી ખૂબ પ્રસિદ્ધિ થાય ? જાહેર સ્પર્ધાઓમાં રથ ચલાવવામાં કુશળ માણસોને કે ધનુર્વિદ્યામાં પારંગત માણસોને અનેક લોકો ઓળખતા હોય છે. શું હું રથ ચલાવું કે ધનુર્વિદ્યાના પ્રયોગ કરું ?'

વસ્તુતઃ સ્થૂલ પરાક્રમો કરીનેં મેળવેલી લૌકિક પ્રસિદ્ધિનું મૂલ્ય કન્ફયૂશિયસને મન કશું નહોતું. કારણ કે તેઓ તો આત્માના ગુણોને ખીલવવામાં, આધ્યાત્મિક વિકાસમાં માનનારા હતા. એ માર્ગમાં લૌકિક પ્રસિદ્ધિ કેટલીકવાર બાધક નીવડે છે.

કન્ફ્યૂશિયસને પ્રસિદ્ધિની, કીર્તિની જરાય દરકાર કે ઝંખના નહોતી. તેઓ કહેતા કે 'કોઇ મને ન ઓળખે તો તેથી મને દુઃખ ન થાય. પરંતુ ઓળખવા લાયક કોઇ વ્યક્તિને હું ન ઓળખી શકું તો મને એ વાતનું જરૂર દુઃખ થાય.'

એક દિવસ કન્ફ્યૂશિયસ પોતાના શિષ્યો સાથે નદીકિનારે ઊભા હતા. નદી સતત વહેતી હતી. તેઓ નદીના પ્રવાહ સામે કેટલીક વાર સુધી જોઇ રહ્યા અને વિચારમગ્ન બની ગયા. પછી એમણે પોતાના શિષ્યોને કહ્યું, 'મનુષ્યનું જીવન પણ આ નદીના પ્રવાહ જેવું ગતિમાન છે. નદીની જેમ રાત અને દિવસ એ સતત વહ્યા જ કરે છે. ડાહ્યા માણસે એટલા માટે જરા પણ વખત બગાડવો ન જોઇએ.'

કન્ફ્યૂશિયસ કેટલોક વખત ચંગ ટુ ના રાજ્યના મંત્રીપદે હતા. પછી એમણે જ્યારે રાજસત્તા સ્વેચ્છાએ છોડી દીધી ત્યારે એમણે પો નિયુ નામના એક પ્રામાણિક, ભલા અને વહીવટ કરવામાં દક્ષ એવા માણસની ભલામણ કરી હતી. પો નિયુએ કેટલોક સમય એ રીતે રાજ્ય વહીવટ સંભાળ્યો. પણ પછી એમને કોઢનો અને રક્તપિત્તનો રોગ થયો હતો. આથી એમણે પોતાના પદનો ત્યાગ કર્યો. તેઓ ઘરમાં રહેતા. તેમનું શરીસ દુર્ગંધમય બની ગયું હતું. કોઇને મળતા નહિ. પરંતુ કન્ફ્યૂશિયસે જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ તેમને મળવા ગયા. પો નિયુએ બારીમાંથી મળવાની સંમતિ આપી. કન્ફ્યૂશિયસ તેમને ઘર પાસે ગયા અને બારીમાંથી ઊભા ઊભા મળ્યા. એમણે પો નિયુનો હાથ પકડયો અને સાંત્વન આપ્યું. પો નિયુ મરણ પથારીએ હતા. પછી પાછા ફરતાં કન્ફ્યૂશિયસે પોતાની સાથે આવેલા શિષ્યોને કહ્યું કે 'આવા ભલા માણસને પણ આવો ભયંકર રોગ થાય એ

બહુ આશ્ચર્યની વાત છે ! જેવી પ્રભુની ઇચ્છા !'

કન્ફયૂશિયસના વખતમાં લાઓત્સેનો તાઓ ધર્મ એટલે કે નિવૃત્તિમાર્ગ પણ પ્રચલિત હતો. તેઓ જાહેર પ્રવૃત્તિઓ કરવાને બદલે એકાંતમાં ચિંતન- મનનને વધુ પસંદ કરતા. કન્ફયૂશિયસ પ્રવૃત્તિમાર્ગના પ્રબોધક હતા અને એ વિષયમાં એમનું નામ જાણીતું થઇ ગયું હતું. એમ કહેવાય છે કે એક વખત કન્ફયૂશિયસ પોતાના શિષ્યો સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં નદી આવી. નદીમાં બેય કાંઠે પાણી હતું. એટલે કઇ જગ્યાએથી પાર કરવાનું સરળ પડશે તેની ખબર ન હતી. સ્થાનિક કોઈ માણસને પૂછવાથી ખબર પડે. કન્ફયૂશિયસના શિષ્યો પાસેના ખેતરમાં ગયા. ત્યાં બે માણસો કામ કરતા હતા. શિષ્યોએ એમને પૂછયું, 'ભાઇ આ નદી કઇ જગ્યાએથી પાર કરવાનું સહેલું છે ?'

એ બંને ખેડૂતો લાઓત્સેના અનુયાયી, નિવૃત્તિમાર્ગી હતા. એમણે જાણ્યું કે પૂછાવનાર દૂર ઊભેલી વ્યક્તિ તે કન્ફયૂશિયસ છે. એટલે તેઓએ કટાક્ષમાં કહ્યું, 'તમે તમારા ગુરુને જ પૂછોને ? તોફાનો વચ્ચે જઇને કેમ રસ્તો કાઢવો તે એ જાણે છે. તો નદીમાં પણ ક્યાંથી રસ્તો નીકળશે તે પણ એ બતાવી શકશે'. શિષ્યોએ કન્ફયૂશિયસને આ વાત કહી. કન્ફયૂશિયસે કહ્યું, 'તેઓ તાઓમાર્ગી છે. તેમની જેમ દુનિયાના લોકોથી વિમુખ થઈને, વનમાં જઇને પશુ પંખીઓની સોબત કરવી એ નિરર્થક છે. જ્યારે રાજ્યોમાં અંધાધુંધી ચાલતી હોય ત્યારે શાંતિ સ્થાપવા માટે અને લોકોને સુધારવા માટે પ્રયત્નો કરવા એ મારી ફરજ છે'.

કન્ફયૂશિયસનો એક શિષ્ય એમનું અંગત કાર્ય કરતો હતો. તે જુવાન અને મહત્ત્વાકાંક્ષી હતો. કોઈકે કન્ફયૂશિયસને કહ્યું, 'તમારા આ શિષ્યે થોડા વખતમાં ઘણી પ્રગતિ કરી જણાય છે'.

કન્ફયૂશિયસે નિખાલસતાથી કહ્યું, 'ના, એમ નથી. હું જોઉં છું કે એ વડીલોની બેસવાની જગ્યામાં વડીલો સાથે બેસી જાય છે. અને કોઈ જાહેર પ્રસંગે રસ્તા ઉપર વડીલો ચાલતા હોય ત્યારે એ પાછળ ચાલવાને બદલે વડીલોની હરોળમાં આગળ ચાલવા લાગે છે. પરંતુ આવી રીતે ઘૂસી જવાથી કે એવી અનધિકાર ચેષ્ટાથી કંઈ પ્રગતિ થતી નથી. લોકોને થોડો વખત એ મોટો લાગે, પણ સમય જતાં લોકો પણ એને ઓળખી જાય છે'.

કન્ફયૂશિયસના શિષ્યો પણ એમના જેવા નિખાલસ હતા અને પોતાનો મત કન્ફયૂશિયસથી જુદા હોય તો તે પ્રામાણિકપણે વ્યક્ત કરતા.

પડોશના એક રાજ્યનું નામ વઈ હતું. એના રાજાની રાણીનું નામ વાન ત્ઝૂ હતું. તે ઘમંડી, સ્વચ્છંદી અને વ્યભિચારિણી હતી. લોકોમાં તેની સારી છાપ ન હતી. એક વખત કન્ફયૂશિયસ એને મળવા ગયા, પરંતુ આવી રીતે સંત જેવા પોતાના ગુરુ કન્ફયૂશિયસે આવી નઠારી સ્ત્રીને મળવા ન જવું જોઈએ એમ ત્ઝૂ લ્યુ નામના શિષ્યને લાગ્યું, એણે કન્ફયૂશિયસને કહ્યું, 'ગુરુજી! તમે એ દુરાચારી સ્ત્રીને મળવા ગયા તે મને યોગ્ય નથી લાગ્યું'.

કન્ફયૂશિયસે કહ્યું, 'મને લાગે છે કે તેને સમજાવવા માટે મળવા જવામાં મે કંઈ ખોટું કર્યું હોય એવું હું માનતો નથી. હું

ઇશ્વરના સોગંદ ખાઇને કહું છું કે એમાં મે કંઇ ખોટું કર્યું નથી. છતાં જો કંઇ ખોટું થયું હોય તો ભગવાન મને શિક્ષા કરે.'

કન્ફ્યૂશિયસનો આશય દુરાચારી સ્ત્રીને પણ બોધ પમાડવાનો હતો અને માટે જ તેઓ તેને મળવા ગયા હતા. પરંતુ લોકોમાં એવી લાગણી પ્રવર્તતી હોય છે કે દુરાચારી સ્ત્રી સાથે મળવા જેટલો સંબંધ પણ કોઇએ રાખવો જોઇએ નહિ.

ચીનમાં તે વખતે પિ સાઇ નામનો એક અમલદાર હતો. તે ઘણો દુષ્ટ અને સ્વાર્થી હતો. તેણે રાજા સામે બળવો કર્યો હતો. એક વખત પિ સાઇએ કન્ફ્યૂશિયસને મળવા બોલાવ્યા. કન્ફ્યૂશિયસ એમને મળવા ગયા. મળીને પાછા આવ્યા ત્યારે એમના નિખાલસ શિષ્ય ત્ઝુ લ્યુએ કહ્યું, 'ગુરુજી ! તમે જ કહેતા હતા કે ઉચ્ચતર માણસોએ દુષ્ટ માણસોનો સંપર્ક ન રાખવો જોઇએ. તો પછી તમે પિ સાઇને મળવા કેમ ગયા ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'એ વાત સાચી છે કે દુષ્ટ માણસોના સંપર્કમાં ન રહેવું જોઇએ. પરંતુ એ નિયમને પણ અપવાદ હોય છે. જ્યાં પોતે બગડવાનો સંભવ બિલકુલ ન હોય અને પોતાના મળવાથી દુષ્ટ માણસમાં સુધારો થવાનો સંભવ હોય ત્યાં દુષ્ટ માણસને મળવામાં વાંધો ન હોઇ શકે. હું મારા જીવનને કડવી તુંબડી જેવું નથી બનાવવા માગતો. કડવી તુંબડી ખાવામાં કામ ન લાગે. માત્ર શોભા તરીકે લટકાવી રાખી શકાય'.

એક વખત કન્ફ્યૂશિયસ ભારે માંદગીમાં પટકાઇ પડયા હતા. તે વખતે એમના એક શિષ્યે સૂચન કર્યું કે 'સાજા થવા માટે તમે ભગવાનને પ્રાર્થના કરો તો કેવું ? પ્રાચીન ધર્મગ્રંથોમાં એવી કેટલીક પ્રાર્થનાઓના ઉલ્લેખો મળે છે'.

કન્ફ્યૂશિયસે કહ્યું, 'મારી અંતરની પ્રાર્થનાઓ તો ક્યારની ચાલુ થઇ ગઇ છે. એટલે બીજી કોઇ પારંપારિક પ્રાર્થના મોટેથી હું બોલુ કે ન બોલું એથી મારે માટે કંઇ ફરક પડતો નથી'.

કન્ફ્યૂશિયસ દરેક પરિસ્થિતિનો પ્રથમ સ્વસ્થતાપૂર્વક સ્વીકાર કરી લઇ તેમાંથી સ્વીકાર્ય અને અસ્વીકાર્ય બાબતો કઇ કઇ છે તે જાણીને તેનો અમલ સમતુલા જાળવીને કરતા. કન્ફ્યૂશિયસ કહેતા કે જો મારી એક બાજુ ઉત્તમ માણસ ચાલતો હોય અને એક બાજુ અધમ માણસ ચાલતો હોય તો તે બંનેને હું મારા માર્ગદર્શક તરીકે વિચારું. ઉત્તમ માણસના ઉત્તમ ગુણો હું સંભારું અને મારામાં તેવા ગુણો કેવી રીતે આવે તેનો વિચાર કરું અને અધમ માણસના દોષોનો વિચાર કરું અને મારામાં તેવા દોષો હોય તો તેને બહાર કાઢવા પ્રયત્નશીલ બનું.'

કન્ફ્યૂશિયસ કેવા વ્યવહારુ ડહાપણવાળા, પરિસ્થિતિના જાણકાર તથા દીર્ઘદૃષ્ટા હતા તે નીચેના એક પ્રસંગ પરથી જોઇ શકાય છે.

એક વખત ત્ઝુ લ્યુ નામના શિષ્યે પૂછયું, 'ગુરુદેવ, આપે જે મને શિખામણ આપી તેનો મારે તરત અમલ કરવાનો છે ?'

'ના, તરત અમલ કરતો નહિ. પહેલાં ઘરે જઇ તારા પિતાની સલાહ લેજે. વળી તારા ભાઇઓને પૂછી જોજે. પછી તને યોગ્ય લાગે તો જ એનો અમલ કરજે. તારે ઉતાવળા થવાની જરૂર નથી'.

ત્યાર પછી જન યૂએ પૂછયું, 'ગુરુદેવ, આપની શિખામણનો મારે પણ એ જ રીતે અમલ કરવાનોને ?'

'ના, તારે એનો તરત અમલ કરવાનો છે.'

જન યુએ કહ્યું, 'ગુરુદેવ આપે ત્ઝુ લ્યુને અને મને જુદું જુદું કેમ કહ્યું?

કન્ફ્યૂશિયસે ત્યારે બધા શિષ્યોને સંબોધીને કહ્યું, 'જુઓ, ત્ઝૂ લ્યુ ઉત્સાહી છે. જ્યારે પણ તે નિર્ણય લેશે ત્યારે તરત એનો અમલ કરશે જ. પરંતુ જન યુ મંદ સ્વભાવવાળો છે. જો અત્યારે એ ઉપદેશનો અમલ નહિ કરે અને સમયની વાર હશે તો ત્યારે એનામાં ઉત્સાહ રહ્યો હોય કે ન પણ રહ્યો હોય. એટલે વ્યક્તિની પ્રકૃતિ જોઇએ એને એ પ્રમાણે ઉપદેશ આપવો જોઈએ'.

એક વખત કન્ફ્યૂશિયસને એમના શિષ્યોએ પૂછયું, 'તમારા અંતરની એવી કઇ ઇચ્છા છે કે જે પાર પડે તો તમને અત્યંત આનંદ અનુભવવા મળે ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'ઘરડાંઓની સેવાચાકરી કરવાની મળે, સમવયસ્ક મિત્રોના વિશ્વાસને પાત્ર હું બની રહું અને નાનાંઓની વહાલપૂર્વક સંભાળ રાખવાનું મળે તો તે મને ઘણો આનંદ આપી શકે.'

કોઇકે કન્ફ્યૂશિયસને પૂછયું કે 'તમને કોઇ વખત કોઇ વાતનો અસંતોષ કે વસવસો રહે એવો અનુભવ થાય છે ખરો ?

કન્ફ્યૂશિયસે કહ્યું, 'હા, મને કેટલીક વાતોનો વસવસો રહે છે. સમયના પાલનમાં પ્રમાદ થાય, સ્વાધ્યાય પછી ચિંતન ન કર્યું હોય, મારી પોતાની મર્યાદા કે ત્રુટિઓને ઓળખી ન શક્યો હોઉં, જીવનમાં ધ્યેય માટે પુરુષાર્થની મંદતા રહેતી હોય તો આવી આવી બાબતો માટે મને હંમેશાં અસંતોષ રહે છે.'

*******

# કન્ફ્યૂશિયસના શિષ્યો

કન્ફ્યૂશિયસનો જીવ એક અધ્યાપકનો જીવ હતો. જાતે અધ્યયન કરતાં રહેવું અને વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવતા રહેવું એ સારા અધ્યાપકનું જીવનકાર્ય હોય છે. જેમને અધ્યાપન કાર્યમાં સાચો રસ પડે છે તેમને પછી ધનલાલસા બહુ રહેતી નથી. કન્ફ્યૂશિયસે જીવનભર અધ્યાપનકાર્ય કર્યું. અધ્યાપક તરીકે તેમની પ્રતિષ્ઠા એટલી મોટી હતી કે અનેક વિદ્યાર્થીઓ એમની પાસે ખેંચાઈને આવતા. કન્ફ્યૂશિયસે તૈયાર કરેલા અંતેવાસી જેવા સારા, સુપ્રતિષ્ઠિત તેજસ્વી વિદ્યાર્થીઓની સંખ્યા સિત્તેર કરતાં વધુ હતી. ગુરુશિષ્યની પરંપરા અનુસાર એવા કેટલાયે વિદ્યાર્થીઓ કાયમ એમના સહવાસમાં અને આજ્ઞામાં રહેતા. એવા કેટલાયે શિષ્યોએ કન્ફ્યૂશિયસના સંસ્મરણોની અને પોતાની સાથે થયેલી વાતચીતની નોંધ લખી છે.

પોતાના શિષ્યોની યોગ્યતા વિશે બોલતાં એક વખત એમણે કહ્યું હતું કે મારા શિષ્યોમાં બે મહત્ત્વના ગુણ અવશ્ય હોવા જોઈએ (૧) મહત્ત્વાકાંક્ષા અને (૨) વિવેકશક્તિ. જો તેમનામાં મહત્ત્વાકાંક્ષા હોય તો જ તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી શકે અને જો તેમનામાં વિવેકશક્તિ હોય તો કેટલીયે અનુચિત

વસ્તુઓનો સ્પષ્ટ ઇન્કાર કરી શકે.

કન્ફયૂશિયસના સંખ્યાબંધ શિષ્યોમાંથી અહીં કેટલાકની લાક્ષણિકતાનો પરિચય આપ્યો છે.

યેન હુઇ કન્ફયૂશિયસનો બહુ માનીતો શિષ્ય હતો. (એનું બીજું નામ યેન યુઅન અથવા ત્ઝૂ યુઅન હતું) હુઇના નામથી તે વધુ જાણીતો હતો. એ સરળ અને નિરભિમાની હતો. એ હંમેશાં અભ્યાસ કરવામાં જ મગ્ન રહેતો. સતત ચિંતન અને સ્વાધ્યાયને કારણે બહુ નાની ઉંમરે, ૨૯ વર્ષની વયે એના વાળ ધોળા થઇ ગયા હતા. હુઇને એક વખત રાજદ્વારી કારણને લીધે એવા કપરા સંજોગોમાં મુકાવું પડયું હતું કે સતત ત્રણ મહિના સુધી ભોજનમાં રોજેરોજ એક વાનગી અને એક જ પ્રવાહી એને મળતું હતું. તેમ છતાં તેણે પોતાના સદાચારી જીવનને છોડયું નહોતું. વિપરીત સંજોગોમમાં પણ તે હંમેશાં આનંદમાં રહેતો. તે સાચો તત્ત્વજ્ઞાની હતો.

હુઇનું અકાળે અવસાન થયું હતું. કન્ફયૂશિયસનો એ એટલો બધો પ્રિય શિષ્ય હતો કે એના અવસાન પ્રસંગે કન્ફયૂશિયસ ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં હતા. તે વખતે બીજા શિષ્યોએ કન્ફયૂશિયસને સાંત્વન આપી શાંત કર્યા હતા.

કન્ફયૂશિયસે એક વખત કહ્યું કે 'મારા બધા શિષ્યોમાંથી એક હુઇ જ એવો છે કે જેની આગળ હૃદય ખોલીને મારી બધી વાત કહી શકું છું. હુઇ હંમેશા મારો પડતો બોલ ઝીલનારો છે. એણે કદી મને કોઇ વિષયમાં કોઇ પ્રશ્ન કર્યો નથી. હું જે કંઇ કહું તે એ ધ્યાનથી સાંભળી રહે છે. પછી તે એને જીવનમાં ઉતારે છે. મારા બધા શિષ્યોમાં ત્યાગ અને તપશ્ચર્યાની બાબતમાં, સેવા

અને સહનશીલતાની બાબતમાં હુઈની તોલે કોઇ ન આવે. એણે પોતાના ચારિત્ર્યના વિષયમાં અને કર્તવ્યના વિષયમાં સતત વિકાસ સાધ્યા કર્યો છે'.

કન્ફ્યૂશિયસ ઉપર જ્યારે કુઅંગમાં હુમલો કરવામાં આવ્યો ત્યારે એમનો જાન જોખમમાં આવી ગયો હતો. તેઓ શિષ્યો સાથે નાસી છૂટયા હતા. તે વખતે એમનો પ્રિય શિષ્ય હુઇ પાછળ રહી ગયો હતો. કન્ફ્યૂશિયસને એની ચિંતા થવા લાગી હતી. પરંતુ પછીથી જ્યારે એ આવ્યો ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું, 'હુઇ, મેં તો ધાર્યું હતું કે તું પાછળ રહી ગયો હતો અને આટલા દિવસ આવ્યો નહિ એટલે જરૂર માર્યો ગયો હોઇશ.'

હુઇએ સરસ જવાબ આપતાં કહ્યું, 'ગુરુજી ! તમે જીવતા હો તો મારાથી મરી જવાની હિંમત કેમ કરી શકાય ?'

કન્ફ્યૂશિયસને હુઇની ખોટ ઘણી સાલી હતી. હુઇની આર્થિક સ્થિતિને લક્ષમાં લેતાં એની મરણવિધિ બહુ સાદાઇથી કરવામાં આવે એવી કન્ફ્યૂશિયસની ઇચ્છા હતી, પરંતુ હુઇના પિતાએ મરણવિધિમાં અને મરણોત્તર ક્રિયામાં પરંપરાનુસાર ઠાઠમાઠથી અતિશય ખર્ચ કર્યું હતું. કન્ફ્યૂશિયસને તે ગમ્યું નહોતું. મરણોત્તર ક્રિયામાં ઘણું ખર્ચ કરીને મરનારના કુટુંબને પાયમાલ કરવું યોગ્ય નથી એમ કન્ફ્યૂશિયસ માનતા.

એમના એક શિષ્યનું નામ ત્ઝુ કુંગ હતું. તે ગરીબીમાંથી આગળ વધ્યો હતો. તે ઘણો ચતુર હતો. મુત્સદીગીરીનો તે જાણકાર હતો અને એથી જ પોતાના લ્યૂના રાજાને સલાહ આપી એણે પોતાના રાજ્યને પાડોશી ચી રાજ્યની ખટપટમાંથી બચાવી લીધું હતું. પોતાના ગુરુ કન્ફ્યૂશિયસ પ્રત્યે એને ઘણો બધો

પૂજ્યભાવ અને ભક્તિભાવ હતો. કન્ફ્યૂશિયસના અવસાન પછી, ચીનમાં ત્રણ વર્ષ શોક પાળવાના નિયમ મુજબ, ત્ઝુ કુંગ બીજા કેટલાક શિષ્યો સાથે ત્રણ વર્ષ કન્ફ્યૂશિયસની કબર પાસે બેસી રહ્યો હતો, પણ તે ઉપરાંત ત્યાર પછી બીજાં ત્રણ વર્ષ તે પોતાનો અંગત શોક પાળવા માટે કબર પાસે બેસવા જતો હતો.

એક વખત કન્ફ્યૂશિયસે નિખાલસતાથી પોતાના આ શિષ્ય ત્ઝુ કુંગને પૂછયું, 'હુઇ અને તું એમ તમારા બેમાંથી માનવ તરીકે કોણ ચડિયાતું ગણાય?'

ત્ઝુ કુંગે કહ્યું, 'હુઇ સાથે મારી સરખામણી થઇ શકે નહિ. હુઇ એટલો બુદ્ધિશાળી છે કે તે દસમાંથી એક મુદો સાંભળે તો બાકીના નવ મુદા એને તરત સમજાઇ જાય છે. હું એક મુદો સંભાળુ છું. પછી એના ઉપર બરાબર મનન કરું છું. ત્યારે બીજો એક મુદો મને સૂઝે છે. એ રીતે હું ધીમે ધીમે આગળ વધું છું'.

કન્ફ્યૂશિયસે કહ્યું, 'તારી વાત સાચી છે. એટલું જ નહિ, હું પોતે પણ એ વાતમાં હુઇની બરાબરી ન કરી શકું.'

એક વખત કન્ફ્યૂશિયસે કહ્યું, 'હુઇ સાથે હું આખો દિવસ વાત કરું, પરંતુ એ મૂંગે મોઢે સાંભળ્યા જ કરે. ન દલીલ કરે કે ન શંકા કરે. મારા ઉપદેશને જીવનમાં ઉતારવામાં હુઈમાં જેવું સામર્થ્ય છે તેવું બીજા કોઇમાં મને જણાયું નથી'.

કન્ફ્યૂશિયસના એક શિષ્યનું નામ યૂ હતું. યૂ માટે એમણે કહ્યું હતું કે 'યૂ એક એવો શિષ્ય છે કે જે કીમતી વસ્ત્રોમાં સજ્જ થયેલા ફેશનેબલ સ્ત્રી પુરુષો વચ્ચે શણનાં જીર્ણ વસ્ત્ર પહેરીને ફરતાં જરાય શરમાતો નથી કે સંકોચ રાખતો નથી.'

યૂ માટે વળી એક પ્રસંગે કન્ફ્યૂશિયસે ભવિષ્યવાણી ભાખી હતી કે 'યૂ કુદરતી મોતથી મરવાનો નથી. યૂ એવો સાહસિક, પરાક્રમી અને નિર્ભય છે કે તે ક્યારે અચાનક મૃત્યુ પામે તે કહી શકાય નહિ.' કન્ફ્યૂશિયસ જ્યારે વઈનું રાજ્ય છોડીને લુના રાજ્યમાં પાછા ફર્યા ત્યારે પોતાના બે શિષ્યો ચાઈ અને યૂને વઈના રાજ્યમાં રાજાની સેવા માટે મૂકીને આવ્યા હતા. પરંતુ ત્યાર પછી વઈમાં રાજાની સામે બળવો થયો ત્યારે ચાઈ ભાગી છૂટયો, પરંતુ યૂ રાજા પ્રત્યેની વફાદારીને કારણે બળવાખોરો સામે ઝઝૂમ્યો હતો અને છેવટે મૃત્યુ પામ્યો હતો.

કન્ફ્યૂશિયસે એક વખત શિષ્યોને કહ્યું કે 'ધારો કે મારા સંદેશનો પ્રચાર કરવા માટે એક તરાપા પર બેસીને દરિયાઈ માર્ગે બધે જવાનું વિચારું તો મારા આ સાહસમાં મને કોણ સાથ આપે? મને એમ લાગે છે કે યૂ મને સાથ આપે. એનામાં ભલે ડહાપણ ઓછું હોય, પણ સાહસમાં એ મારાથી ચડી જાય એવો છે.'

કન્ફ્યૂશિયસના એક શિષ્યનું નામ ચુંગ-કુંગ હતું. તે પોતે સજ્જન હતો, પરંતુ એના પિતા અત્યંત દુષ્ટ માણસ હતા. તેમણે કન્ફ્યૂશિયસનું કેટલીકવાર અપમાન કર્યું હતું. જ્યારે ચુંગ-કુંગે કન્ફ્યૂશિયસના શિષ્ય બનવા માટે ઈચ્છા વ્યક્ત કરી ત્યારે કન્ફ્યૂશિયસે એના પિતાના પોતાના તરફના નીચ, હલકા અને અપમાનજનક વર્તનનો વિચાર ન કર્યો, પરંતુ હૃદયમાં ઉદારતા ધારણ કરીને ચુંગ-કુંગને પોતાનો શિષ્ય બનાવ્યો હતો. એક વખત ચુંગ-કુંગે કન્ફ્યૂશિયસને પ્રશ્ન કર્યો, 'ગુરુવર્ય ! સાચી સાધુતાનું લક્ષણ શું ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'જ્યારે તમે ઘરની બહાર હો ત્યારે પણ તમે કોઈ મોંઘેરા મહેમાનનું સ્વાગત કરતા હો એવા ભાવથી

વર્તો. વળી જે વર્તન બીજાઓ તમારા પ્રત્યે રાખે એવું તમે ન ઇચ્છતા હો, તેવું વર્તન તમારે બીજા પ્રત્યે ન રાખવું જોઇએ. જેઓ આ પ્રમાણે વર્તે છે તેઓનો દ્વેષ કરવાનું મન કોઇને થતું નથી.'

એમના એક શિષ્યનું નામ જન ચિઉ હતું. તે પ્રમાણમાં આળસુ હતો. એક વખત એણે કન્ફ્યૂશિયસને એમ કહ્યું, 'તમારા ઉપદેશ સાંભળવામાં મને આનંદ તો બહુ આવે છે, પરંતુ એ ઉપદેશ ઝીલવાનું મારું ગજું નથી.'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'ભાઇ, તું માત્ર બહાનાં કાઢે છે. માણસ રસ્તે ચાલતાં ચાલતાં થાકીને પડી જાય તો કહેવાય કે એટલું ચાલવાની એનામાં શક્તિ નહોતી. પણ જે માણસ રસ્તા પર પગ જ મૂકવા ઇચ્છતો નથી તેનામાં શક્તિ નથી એ વાતની કેવી રીતે ખબર પડે?'

એમના એક શિષ્યનું નામ ત્ઝુ લ્યૂ હતું. તે સત્યપરાયણ અને બહાદુર હતો. (એનાં બીજાં બે નામ તે ચિ લ્યુ અને ચુંગ યુ છે.) તે સશક્ત અને કદાવર હતો. તે રાજ્યની સેનામાં સૈનિક હતો. યુદ્ધભૂમિ ઉપર લડવાનું તેને બહુ ગમતું. તે એટલો બુદ્ધિશાળી નહોતો. એટલે શરૂઆતમાં તે કન્ફ્યૂશિયસને મૂર્ખ અને હાસ્યાસ્પદ પ્રશ્નો પૂછતો. પરંતુ કન્ફ્યૂશિયસે ધીરજ અને શાંતિથી તેને આત્મવિકાસ સાધવામાં ઘણી સહાય કરી હતી.

કન્ફ્યૂશિયસ પોતે એક વખત પોતાના ચાર શિષ્યો સાથે નિરાંતે બેઠાં બેઠાં વાત કરી રહ્યા હતા. ત્યારે પોતાના શિષ્યોના વિચારો જાણવા તેમણે પ્રયત્ન કર્યો. એ ચાર મુખ્ય શિષ્યો હતા ત્ઝૂ લ્યુ, જન ચિઉ, ચિહ અને તિ એન. કન્ફ્યૂશિયસે એ ચારને

એમની મહત્ત્વાકાંક્ષા વિશે પૂછયું. ત્રણ શિષ્યોએ પોતાની રાજદ્વારી પ્રકારની મહત્ત્વાકાંક્ષા દર્શાવી. પરંતુ તિ એને કહ્યું, 'મારી મહત્ત્વાકાંક્ષા એ છે કે મને વસંતઋતુમાં નદી કિનારે જઈને બેસવાનું ગમે.' કન્ફયૂશિયસને તિ એનના આવા નિર્દોષ પ્રકૃતિપ્રેમના વિચારો ગમી ગયા હતા.

કન્ફયૂશિયસનો આદર્શ ઘણો ઊંચો હતો. એક વખત કન્ફયૂશિયસે નિખાલસતાપૂર્વક કહ્યું હતું કે 'જન ચિઉને જો નાના સરખા રાજ્ય ઉપર શાસન ચલાવવાનું સોંપવામાં આવે તો તે સરસ રીતે ચલાવી શકે. યૂ લશ્કરમાં સૈનિકોની ભરતી કરવાનું કામ ઘણી સારી રીતે કરી શકે. ચિહ રાજદરબારમાં મોટા મોટા સુંદર મેળાવડાઓનું, આકર્ષક વેશભૂષાઓ સાથે, સરસ આયોજન કરવાની શક્તિ ધરાવે છે. પરંતુ એ ત્રણેમાં મનુષ્ય તરીકેના સર્વોત્તમ ગુણો વિકાસ પામ્યા છે એમ હું ન કહી શકું.'

ચિ નામના રાજ્યનો વડો ચાઉ કુંગ કન્ફયૂશિયસનો શિષ્ય હતો, પરંતુ ચાઉ કુંગ પ્રજાવત્સલ રાજા નહોતો. તે પ્રજા ઉપર નવા નવા ભારે કરવેરા નાખીને પોતે પોતાની તિજોરી ભરતો હતો અને ભોગવિલાસમાં તે ધન વાપરતો.

ચાઉ કુંગે કન્ફયૂશિયસને લુ રાજ્યમાં પાછા ફરવા માટે સારી મદદ કરી હતી. કન્ફયૂશિયસ ઉપર એનો એ ઉપકાર મોટો હતો. તેમ છતાં જ્યારે ચાઉની દાનત બગડી અને પ્રજા ઉપર એણે અત્યાચારો કરવા શરૂ કર્યા ત્યારે કન્ફયૂશિયસે કહ્યું કે 'ચાઉ કુંગ'ને હું હવે મારા શિષ્ય તરીકે ગણતો નથી'. એમણે લોકોને પણ કહ્યું કે 'ચાઉ કુંગ હવે અત્યાચારી બની ગયો છે. તમે એની સામે બળવો પોકારી શકો છો.'

આ પ્રસંગ બતાવે છે કે કન્ફયૂશિયસના હૃદયમાં લોકહિતનો વિચાર કેટલો દ્રઢપણે રહેતો હતો. અંગત સ્વાર્થને વશ તેઓ થતા નહિ.

કન્ફયૂશિયસના એક શિષ્યનું નામ મેગ ઈત્ઝૂ હતું. તે મેગ કુટુંબનો વડો હતો. તે ઘણો જ હોંશિયાર હતો અને લુના રાજ્યમાં મંત્રીપદે હતો. તેણે પોતાના મૃત્યુ વખતે સ્વજનોને કહ્યું હતું કે પોતાના પુત્રને કન્ફયૂશિયસ પાસે શિક્ષણ અપાવવું.

મેગ ઈત્ઝુએ એક વખત કન્ફયૂશિયસને પૂછયું હતું કે પુત્રનો ધર્મ શો?'

કન્ફયૂશિયસે કહ્યું, 'પુત્રધર્મ ત્રણ તબક્કામાં છે. એ ત્રણમાં સાતત્ય રહેવું જોઈએ. (૧) માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી પુત્રે તેમની સારી રીતે સેવા કરવી જોઈએ. (૨) માતાપિતા અવસાન પામે ત્યારે તેમની અંતિમ ક્રિયા વિધિપૂર્વક સારી રીતે કરવી જોઈએ (૩) માતાપિતાના અવસાન પછી એણે પ્રતિવર્ષ શ્રાદ્ધવિધિ નિયમિત કરતાં રહેવું જોઈએ'.

કન્ફયૂશિયસના એક શિષ્યનું નામ હતું ત્સઈ યૂ. (એ ત્સઈ વો અથવા ત્ઝૂ વો તરીકે પણ ઓળખાતો હતો). કન્ફયૂશિયસનો એ એક દુષ્ટ શિષ્ય હતો. એણે એક ખોટા બળવામાં ભાગ લીધો હતો. એથી કન્ફયૂશિયસનું નામ બગડયું હતું. આ શિષ્ય આળસુ પ્રકૃતિનો હતો. તે રાત્રે જાગતો અને દિવસે ઘોરતો. તે બહુ વહેમી સ્વભાવનો અને જેની તેની સાથે ઝઘડા કરનારો હતો. તે કન્ફયૂશિયસ સામે પણ વાદવિવાદમાં ઊતરતો. એથી કન્ફયૂશિયસ એને દૂર રાખતા. એને સુધારવા માટે કોઈકે કન્ફયૂશિયસને ભલામણ કરી ત્યારે કન્ફયૂશિયસે સચોટ ઉત્તર આપ્યો હતો કે 'સડેલા લાકડા ઉપર કોતરકામ થઈ શકતું નથી.'

કન્ફયૂશિયસના એક શિષ્યનું નામ સુમા નિયુ હતું. (એનું બીજું નામ સુમા કેગ પણ હતું) તે ઘણો પ્રેમાળ હતો. એ કન્ફયૂશિયસ પ્રત્યે ઘણો ભકિતભાવ ધરાવતો હતો. કન્ફયૂશિયસની ઉદારતા એ હતી કે સુમા નિયુના ભાઇ હુઅન તાઇએ કન્ફયૂશિયસને મારી નાખવાનો પ્રયત્ન કર્યો છતાં કન્ફયૂશિયસે એને પોતાનો શિષ્ય બનાવ્યો હતો. હુઅન તાઇ રાજ્યનો અમલદાર હતો. તે કન્ફયૂશિયસને ધિક્કારતો હતો. જ્યારે કન્ફયૂશિયસ દેશવટો ભોગવતા હતા ત્યારે હુઅન તાઇએ પોતાના માણસોને મોકલીને એવું કાવતરું કર્યું હતું કે કન્ફયૂશિયસ એક ગામથી બીજા ગામે જાય ત્યારે રસ્તામાં બરાબર એ જ વખતે એમના ઉપર મોટું ઝાડ તૂટી પડે અને તેઓ મૃત્યુ પામે. ઝાડ એ પ્રમાણે તૂટીને કન્ફયૂશિયસ ઉપર પડયું, પણ તે તેવી રીતે પડયું કે કન્ફયૂશિયસને કશી ઇજા થઇ નહિ. આવા પોતાના શત્રુના ભાઇને પણ કન્ફયૂશિયસે પોતાનો શિષ્ય બનાવ્યો હતો.

કન્ફયૂશિયસના એક શિષ્યનું નામ ફેન ચિહ હતું. તે યુવાન હતો. તે સૈનિક હતો. તે એમનો રથ હાંકતો હતો. તે ઘણો ચપળ, બુદ્ધિશાળી અને વફાદાર હતો.

કન્ફયૂશિયસના એક શિષ્યનું નામ ત્ઝૂ સિયા હતું. (તેનું બીજું નામ યુ શાંગ પણ હતું) તેને પુસ્તકો વાંચવાનો અને વસાવવાનો ઘણો શોખ હતો. એ ઘણો વિદ્વાન હતો. એણે વૃદ્ધાવસ્તામાં પોતાનાં પુસ્તકો વઇના રાજાને ભેટ આપ્યાં હતાં. ત્ઝુ સિયા પોતાના પુત્રનું અવસાન થયું ત્યારે એટલું બધું રડેલ કે એથી તેણે આંખો ગુમાવી હતી.

કન્ફયૂશિયસના બે યુવાન શિષ્યો હતા કુંગ યેહ ચંગ અને નાન ચુંગ. આ બે શિષ્યો સાથે પછીથી કન્ફયૂશિયસને અંગત કૌટુમ્બિક સંબંધ બંધાયો હતો. આ બંને યુવાન શિષ્યો બહુ સમજદાર હતા અને ખાનદાન કુટુંબમાંથી આવતા હતા. એમાં કુંગ યેહ ચંગ સાથે કન્ફયૂશિયસે પોતાની પુત્રીને પરણાવી હતી. ચંગને જેલવાસ ભોગવવાનો વખત પણ આવ્યો હતો, પરંતુ તે માટે એની પોતાની કોઈ ભૂલ નહોતી. રાજાએ અન્યાયથી એને જેલમાં પૂર્યો હતો. ચંગ ઘણો સદ્‌ગુણી હતો. એણે કોઈ અપરાધ કર્યો ન હોતો. કન્ફયૂશિયસે પોતાની પુત્રી એની સાથે પરણાવી હતી.

નાન ચુંગ માટે પણ કન્ફયૂશિયસને ઘણો સારો અભિપ્રાય હતો. તે એટલો કુશળ હતો અને રાજ્યશાસનની પદ્ધતિનો જાણકાર હતો કે રાજાને શાંતિના સમયમાં પણ નાન ચુંગની સેવાઓની જરૂર પડતી અને અશાંતિના સમયમાં પણ જરૂર પડતી. કન્ફયૂશિયસને નાન ચુંગમાં ઘણા સદ્‌ગુણ દેખાયા હતા. તેથી એમણે પોતાના મોટાભાઈની દીકરી નાન ચુંગ સાથે પરણાવી હતી. એનામાં વાક્‌છટા નહોતી. કોઈકે કન્ફયૂશિયસને કહ્યું હતું કે 'ચુંગમાં કોઈ વાક્‌છટા નથી.' ત્યારે કન્ફયૂશિયસે કહ્યું, 'વાક્‌છટા કે શીઘ્ર વક્તૃત્વનું એને કંઈ કામ નથી. વસ્તુતઃ વાણીના વિલાસવાળા માણસો વખત જતાં બીજાને બહુ ગમતા નથી.'

ચુંગમાં વાક્‌છટા નહોતી. છતાં જ્ઞાનપિપાસા ઘણી હતી. તે હૃદયનો ભોળો અને ઉદાર હતો. જ્યારે રાજા અઈના રાજમહેલમાં મોટી ભયંકર આગ લાગી હતી ત્યારે રાજાના માણસો રાજાનું રાચરચીલું બહાર કાઢવામાં રોકાયા હતા. તે

વખતે ચુંગ રાજમહેલમાં આવેલા ગ્રંથાલયને બચાવવા દોડયો હતો. એથી ઘણા કીમતી ગ્રંથો બચી જવા પામ્યા હતા. ચીનનો પ્રાચીન ઈતિહાસ લખવામાં એ ગ્રંથો મદદરૂપ થયા હતા.

*******

# પ્રશિષ્ટ ગ્રંથો

કન્ફયૂશિયસનું સૌથી મહત્ત્વનું કાર્ય એ છે કે એમણે પ્રાચીન સમયથી ચાલ્યા આવતા ધર્મગ્રંથો, કવિતા વગેરેનું વ્યવસ્થિત સંપાદન-સંકલન કર્યું. એમ કહેવાય છે કે કન્ફયૂશિયસે પોતે નવું કશું લખ્યું નથી, પણ પુરોગામી સાહિત્યને વ્યવસ્થિત કરીને એમણે એને નવો ઓપ આપ્યો. કન્ફયૂશિયસે જો આ ભગીરથ કાર્ય ન કર્યું હોત તો પ્રાચીન ચીની સાહિત્ય લુપ્ત થઇ ગયું હોત. એમણે આ જે સંગીન કાર્ય કર્યું તેને લીધે આજે અઢી હજાર વર્ષ પછી પણ પ્રાચીન ચીની સાહિત્ય વ્યવસ્થિત સ્વરૂપે પ્રાપ્ત થાય છે. વિચારધારાની દૃષ્ટિએ એમણે પોતાની નવી કોઇ વિચારસરણી નથી આપી, પણ પોતે સમર્થ લેખક હતા, મર્મજ્ઞ હતા, દૃષ્ટિસંપન્ન હતા અને સર્જક હતા. એટલે પ્રાચીન ચીની સાહિત્યને અર્થઘટનની દૃષ્ટિએ, ભાષાશૈલીની દૃષ્ટિએ મઠારવામાં અને નવું આકર્ષક રૂપ આપવામાં એમણે ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું.

કન્ફયૂશિયસે સંકલિત કરેલા કેટલાક ગ્રંથો નીચે પ્રમાણે છે :

(૧) શુ કિંગ - પચાસ પ્રકરણના આ ગ્રંથમાં ચીનના ઇતિહાસનું વિહંગાવલોકન કરવામાં આવ્યું છે.

(૨) શિ-કિંગ- આ ગ્રંથ લોક જીવનને લગતાં અને ધર્મોપદેશને લગતાં કાવ્યોનો સંગ્રહ છે.

(૩) ઇ-કિંગ - આ ગ્રંથમાં ભવિષ્યની પરિસ્થિતિનો પ્રજાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે.

(૪) લી કી - આ ગ્રંથમાં ધાર્મિક વિધિવિધાન આપવામાં આવ્યાં છે તથા નીતિ અને સદાચારના નિયમો આપવામાં આવ્યા છે.

(૫) હસીઆઓ- કિંગ- આ ગ્રંથમાં માતાપિતા પ્રત્યેની ફરજો દર્શાવવામાં આવી છે.

(૬) ચુ-ચિઉ એટલે પાનખર અને વસંત. કન્ફયૂશિયસનો આ મૌલિક ગ્રંથ છે. એમાં એમણે લુ રાજ્યનો ઇતિહાસ આપ્યો છે. પોતે એ રાજ્યમાં કેવા કેવા સુધારાઓ દાખલ કર્યા અને તેનું કેવું પરિણામ આવ્યું તે એમણે વર્ણવ્યું છે. અલબત્ત આ ઇતિહાસનું પુસ્તક ત્યારે જેટલું રસિક બન્યું હશે તેટલું રસિક આજે રહ્યું નથી. કારણ કે એમાંની ઘણી બાબતો હવે કાલગ્રસ્ત બની ગઇ છે.

પ્રાચીન ચીની સાહિત્યના અન્ય ચાર ગ્રંથો નીચે પ્રમાણે છે:-

(૧) તાહસીઓ - આ ઉપદેશાત્મક ગ્રંથમાં સદાચારના નિયમો આપવામાં આવ્યા છે.

(૨) ચુંગ-યુંગ- આ ગ્રંથમાં મધ્યમ માર્ગનો મહિમા દર્શાવવામાં આવ્યો છે.

(૩) લુન-યુ- આ ગ્રંથમાં કન્ફયૂશિયસનાં બોધવચનો સંગ્રહવામાં આવ્યાં છે. (અંગ્રેજીમાં એને Analects કહે છે)

(૪) મેંગેત્ઝ- કન્ફયૂશિયસનાં ઉપદેશવચનો ઉપર અન્ય લેખકોએ લખેલાં વિવરણાત્મક લખાણોનો આ સંગ્રહ છે.

કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી એમના શિષ્યોએ પોતે કન્ફયૂશિયસની સાથે ક્યાં કયાં ફર્યા હતા, પોતે કેવા કેવા પ્રશ્નો કર્યા હતા અને એમણે કેવા ઉત્તર આપ્યા હતા એ બધા પ્રસંગો ઉતારી લીધા અને તેનું સંકલન ગ્રંથરૂપે કર્યું. એ ગ્રંથમાં કન્ફયૂશિયસનાં ઉપદેશવચનો સંગ્રહાયાં છે.

વળી કન્ફયૂશિયસના કેટલાક શિષ્યોએ કન્ફયૂશિયસનાં વચનો ઉપર સવિસ્તાર વિવેચન કર્યુ છે. એવા કેટલાક ગ્રંથો પાછળથી તૈયાર થયા હતા.

કન્ફયૂશિયસના સ્વર્ગવાસ પછી, ઇ.સ.પૂર્વે ૨૦૬ થી ૨૨૦ સુધીના પંદરેક વર્ષના ગાળામાં 'હાન' વંશના રાજ્યકર્તાઓના સમયમાં આ બધા ગ્રંથો એકત્રિત અને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા અને તે પત્થરની શિલાઓ ઉપર કોતરવામાં આવ્યા હતા. આ રીતે કન્ફયૂશિયસનાં ઉપદેશવચનોનો આધારભૂત, પ્રમાણભૂત ગ્રંથ તૈયાર થયો હતો.

વખત જતાં ચીનમાં એવી પ્રણાલિકા પડી ગઇ કે કન્ફયૂશિયસનાં ઉપદેશવચનો સહુ કોઇને કંઠસ્થ હોવાં જોઇએ. જેને એ કંઠસ્થ હોય એ વ્યક્તિ સુશિક્ષિત ગણાય. પછી તો શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં પણ એ ઉપદેશવચનોના ગ્રંથો દાખલ થયા અને સરકારી નોકરી માટે લેવાતી પરીક્ષાઓ માટે પણ કન્ફયૂશિયસનાં વચનોના જુદા જુદા ગ્રંથો પાઠય પુસ્તક તરીક નિયુક્ત થવા લાગ્યાં. કન્ફયૂશિયસનો પ્રભાવ ચીની પ્રજા ઉપર આજ દિવસ સુધી આમ ઘણો મોટો રહ્યો છે. કન્ફયૂશિયસના એ પ્રભાવને કારણે જ ચીની પ્રજા વિનય, સંસ્કાર

અને શિષ્ટાચારમાં ઘણી આગળ રહી છે.

ઈસવીસનના બીજા સૈકામાં કન્ફયૂશિયસની વિચારધારાનો પ્રચાર કોરિયા અને જાપાનમાં પણ થયો. કોરિયા અને જાપાન ત્યારે એટલાં પ્રગતિશીલ રાષ્ટ્રો નહોતાં. એ કાળમાં ચીન કરતાં કોરિયા અને જાપાન ઘણા જ પછાત દેશો હતા. ચીનમાં જે જે વિદ્યાઓનો અને કલાઓનો વિકાસ થયો હતો તેવો વિકાસ કોરિયા અને જાપાનમાં થયો નહોતો. એટલે કન્ફયૂશિયસની વિચારધારા એ રાજ્યો માટે નવી હતી અને એથી એ ત્યાં આદર પામી હતી. ચીનમાં કન્ફયૂશિયસનાં વચનો ઉપર જેમ ભાષ્યો, વિવરણો વગેરે લખાયાં તેમ જાપાનમાં જાપાની ભાષામાં પણ લખાયાં હતાં.

*******

# નીતિધર્મની વિચારણા

કન્ફ્યૂશિયસનો ધર્મ મુખ્યત્વે નીતિપ્રધાન છે. સદાચારને એમાં ઘણું મહત્ત્વ અપાયું છે. એમાં અધ્યાત્મની-આત્મા, પરમાત્મા, પુનર્જન્મ, જગત, સ્વર્ગ-મોક્ષ વગેરેની વિચારણા એકંદરે નથી. એમાં ધર્મગુરુઓ કે ધાર્મિક વિધિવિધાનો કે ક્રિયાકાંડોની વાત બહુ નથી. કન્ફ્યૂશિયસની ધર્મવિચારણા રોજિંદા વ્યવહારુ જીવન માટે ઉપયોગી છે, પરંતુ જીવનમાં ઉચ્ચતર આધ્યાત્મિક આદર્શ તરફ એ લઈ જતી નથી.

કન્ફ્યૂશિયસે પોતાના સમયમાં ચીનની જે રાજકીય અને સામાજિક પરિસ્થિતિ હતી તેને લક્ષમાં રાખીને સદાચારના નિયમો ઘડયા હતા. એથી વર્તમાન જગતની કેટલીયે એવી બાબતો છે કે જે વિશે એમાં નિયમો જોવા મળશે નહિ. વેપારમાં નફાખોરી, દાણચોરી, લોક પ્રતિનિધિત્વ, ચૂંટણી, લોકશાહી સરકાર વગેરે કેટલાયે વિષયોની વિચારણા તેમાં નથી, કારણ કે એ વિષયો ત્યારે ત્યાં ચીનમાં અસ્તિત્વમાં નહોતા.

કન્ફ્યૂશિયસ પોતે આદર્શ નાગરિક જેવા હતા. તેમણે સમાજસુધારક તરીકે લોકકલ્યાણનાં ઘણાં મોટાં કાર્યો કર્યાં. તેમણે લોકોના જીવનમાં પ્રામાણિકતા, નીતિમત્તા,

કર્તવ્યપરાયણતા, માતાપિતા પ્રત્યે ભક્તિ અને સેવાપરાયણતા તથા રાજ્ય પ્રત્યે વફાદારી વગેરે ભાવનાઓનો ઉપદેશ આપ્યો.

કન્ફયૂશિયસના નીતિધર્મમાં સમાજ કેન્દ્રસ્થાને છે. એટલે સમાજનો ઉદ્ધાર એ એનું મુખ્ય ધ્યેય છે.

કન્ફયૂશિયસને ધર્મસંસ્થાપક કહેવા કરતાં સમાજ સુધારક તરીકે કહેવાનું વધારે યોગ્ય મનાય છે. કન્ફયૂશિયસના યુવાનીના વખતમાં ચીની પ્રજા અવનતિ તરફ ઘસડાઇ રહી હતી. રાજકીય અંધાધુંધી વધી રહી હતી. એ વખતે પોતાના ઉપદેશ દ્વારા કન્ફયૂશિયસે પ્રજાને પોતાના કર્તવ્યનું ભાન કરાવ્યું હતું અને પ્રજાજીવનમાં સ્થિરતા લાવવાનો અથાગ પ્રયાસ કર્યો હતો.

કન્ફયૂશિયસે અધ્યાપન કાર્ય દ્વારા, જાહેર પ્રવચનો દ્વારા અને પ્રાચીન ગ્રંથોના સંકલન દ્વારા ચીની પ્રજાને ધર્મબોધ આપ્યો હતો. કન્ફયૂશિયસે કહ્યું હતુ કે 'હું કશું નવું કહેતો નથી, પરંતુ પરંપરા દ્વારા જે જ્ઞાન આપણી પાસે પહોંચ્યું છે તે હું વ્યવસ્થિત કરીને લોકો સમક્ષ મૂકુ છું'.

કન્ફયૂશિયસે જીવનભર લોકોને બોધ આપવાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યું હતું, તો પણ એથી એમને સંતોષ થયો નહોતો, કારણ કે ચીનના અત્યંત વિશાળ પ્રદેશમાં રાજાઓની ચડતી પડતી થયા કરતી હતી. આથી જ કન્ફયૂશિયસે કહ્યું હતું, 'જો મને અભ્યાસ કરવા માટે હજુ પચાસ વર્ષ વધારે મળે તો હું મારા પોતાનામાં અને લોકોમાં ઘણો સુધારા કરી શકું'.

કન્ફયૂશિયસે કોઇ નવો ધર્મ પ્રવર્તાવ્યો નથી. પરંતુ પોતાના પુરોગામી મહાત્માઓએ જે કંઇ ઉપદેશવચનો કહ્યાં હતાં અને જે લોકોમાં પરંપરાથી પ્રચલિત હતાં તેને સંકલિત

કરીને નવું સ્વરૂપ આપ્યું હતું. આ નવું સ્વરૂપ આપવામાં જ કન્ફ્યૂશિયસનું ઘણું મોટું યોગદાન રહ્યું છે. કન્ફ્યૂશિયસ પોતે એક મેધાવી પુરુષ હતા. સંત પ્રકૃતિના તેઓ હતા. તેઓ રાષ્ટ્રચિંતક હતા. એથી પરાપૂર્વથી ચાલ્યો આવતો ઉપદેશ એમના મુખેથી નવોન્મેષ પામીને અવતર્યો હતો.

કન્ફ્યૂશિયસે જે કંઇ કહ્યું તે ચીનની પ્રજાને અને ત્યારની રાજ્યપદ્ધતિને તથા સામાજિક પરિસ્થિતિને માટે ઉપયોગી હતું, પરંતુ એકંદરે તો તે ઉપદેશ સમગ્ર માનવજાત માટે ઉપયોગી છે.

કન્ફ્યૂશિયસની દૃષ્ટિએ ચીનમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે જે અસ્થિરતા ઊભી થઇ હતી તેના સંદર્ભમાં ત્રણ પ્રશ્નોનું નિરાકરણ મહત્ત્વનું હતું.

(૧) ચીનની સર્વોપરી સત્તાનું મૂળ શું ?
(૨) ચીનના નાનાં મોટાં રાજ્યોની રાજકીય સત્તાની કાયદેસરતા કેટલી ?
(૩) ચીનની પ્રજામાં વધતી જતી ગેરશિસ્ત તથા ભ્રષ્ટાચારનો ઉપાય શો ?

કન્ફ્યૂશિયસે અધ્યયન તથા ચિંતન કરીને આ પ્રશ્નોનો એવો ઉત્તર આપ્યો હતો કે :-

(૧) ચીનની સર્વોપરી સત્તાનું મૂળ ઈશ્વરના શાસનમાં રહેલું છે.
(૨) સમ્રાટ ચાઉ સમસ્ત ચીનના રાજકીય ક્ષેત્રે સર્વોપરી છે અને તેઓ નક્કી કરે તે પ્રમાણે ખંડિયા રાજ્યોની સત્તા હોવી ઘટે.
(૩)

સામાજિક ક્ષેત્રે વધતી જતી ગેરશિસ્ત અને ભ્રષ્ટાચાર માટે રાજાએ દિવગંત પિતૃઓ અને માતાપિતા પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવવો ઘટે અને તે માટે કેળવણીનો પ્રબંધ કરવો ઘટે.

કન્ફયૂશિયસે જે ઉપદેશ આપ્યો તે મુખ્યત્વે ચાર વિષયમાં વહેંચાયેલો હતો. આ ચાર વિષયો તે કુદરતી ક્રમાનુસાર કુટુંબધર્મ, સમાજધર્મ, રાજ્યધર્મ અને માનવધર્મ છે. આ ઉપદેશના નીચે પ્રમાણે ચાર મુખ્ય વિભાગ હતા :

(૧) દેવોની એટલે પરમતત્ત્વની તથા પિતૃઓની ઉપાસના કરવી તથા માતાપિતા પ્રત્યે પૂજ્યભાવ રાખવો અને તેમની આજ્ઞાનું પાલન કરવું.
(૨) હંમેશાં મધ્યમ માર્ગ અનુસરવો. ક્યાંય અતિશયોક્તિ દાખવવી નહિ.
(૩) જે પોતાનું છે તેવું પારકું સમજવું.
(૪) કહેવા કરતાં વર્તનમાં ઉતારી બતાવવું તે વધુ સારું છે.

ચીની પ્રજામાં દિવંગત પિતૃઓ તરફ ઘણો પૂજ્યભાવ છે. અને એમની પૂજા માટે વિધિવિધાનોનું સાહિત્ય પણ છે. આ ઉપરાંત દૈવી તત્ત્વોમાં પણ તેમને ઘણી શ્રદ્ધા છે. તેઓ માને છે કે સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, પૃથ્વી, પાણી, વાયુ વગેરેમાં દૈવી તત્ત્વો રહેલાં છે. તે કોપે ન ભરાય અને પ્રસન્ન રહે તે માટે પણ વિધિવિધાનો છે. તેમની આરાધના માટેની ભાવના અને પૂજાવિધિ માટે ચીની ભાષામાં 'ફેંગ-શૂઇ' શબ્દ પ્રયોજવામાં આવે છે. દિવંગત પિતૃઓની પૂજા કરવાથી અને માતાપિતાની આજ્ઞાનું પાલન કરવાથી માણસ વધુ સુખી થાય છે. આવો મહિમા કન્ફયૂશિયસના નીતિધર્મમાં સવિશેષ સમજાવવામાં

આવ્યો છે.

કન્ફયૂશિયસ માને છે કે કુટુંબ એ સમાજની ઇમારત છે. કુટુંબ સારું હોય તો જ સમાજ સારો થઇ શકે. કુટુંબમાં જ સદ્‌ગુણો ઉત્પન્ન થાય છે અને પોષાય છે. કુટુંબ સારું હોવા માટે પુત્રની પિતા પ્રત્યે ભક્તિ હોવી જોઇએ. વૃદ્ધ માતા પિતાનાં ભરણપોષણની જવાબદારી દીકરાઓએ ઊપાડી લેવી જોઇએ. માતાપિતા પ્રત્યે પ્રેમભક્તિ, શ્રદ્ધા, સેવાચાકરી વગેરેની ભાવના હોવી જોઇએ એટલું જ નહિ, એમના અવસાન પછી શ્રાદ્ધવિધિ પણ ભાવથી કરતા રહેવું જોઇએ.

કન્ફયૂશિયસના સમયમાં રાજાના, માતાપિતાના, વડીલોના કે ગુરુજનોના અવસાન પછી ત્રણ વર્ષ સુધી શોક પાળવાની પ્રથા જૂની પરંપરા પ્રમાણે ચાલી આવતી હતી. ત્રણ વર્ષ સુધી શોક પાળનારા મિષ્ટાન્ન કે સ્વાદિષ્ટ ભોજન ન લે, સરસ નવાં સુશોભિત વસ્ત્ર કે અલંકારો ધારણ ન કરે અને કર્ણપ્રિય સંગીત ન સાંભળે. તેઓ ગંભીર રહે અને ચિંતનમાં મગ્ન રહે. એ વખતે કેટલાકની એવી દલીલ હતી કે શોક માત્ર એક વર્ષ માટે જ પાળવામાં આવે તે બરાબર છે. ત્રણ વર્ષ માટે નહિ. કારણ કે ત્રણ વર્ષ એ ઘણો લાંબો ગાળો છો. ત્રણ વર્ષને કારણે જીવન વ્યવહાર સ્થગિત થઇ જાય છે. કેટલાક શિષ્ટાચારના વ્યવહારુ પ્રસંગોમાં ઉપસ્થિત રહી શકાતું નથી. તદુપરાંત સંગીતનો મહાવરો છૂટી જાય છે. વળી ઋતુચક્ર એક વર્ષનું હોય છે. દર વર્ષે અનાજ નવું આવે છે. જંગલમાંથી લાકડાં નવાં આવે છે. બીજી ઘણી રીતે એક વર્ષની મર્યાદા જ યોગ્ય છે. ત્રણ વર્ષમાં ફરી પાછું કોઇનું અવસાન થયું તો માણસને સતત છ કે નવ વર્ષ શોકમાં વીતારવાં પડે, જે એના જીવનને હણી નાખે. એને માટે

એ સજારૂપ બની જાય છે. એ રીતે શોક પ્રદર્શિત કરવામાં પછી ભાવ નથી રહેતો. પરંતુ કન્ફયૂશિયસ એ મતના હતા કે શોક તો ત્રણ વર્ષ માટે પાળવો જોઇએ. તેમાં પણ માતાપિતાનો તો ખાસ પાળવો જોઇએ, કારણ કે બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી એ માતાપિતાની સોડમાં રહે છે અને સોડમાં સૂઇ જાય છે. માતાપિતાનું એ ત્રણ વર્ષનું ઋણ ચૂકવવા માટે પણ ત્રણ વર્ષ સુધી શોક પાળવો જરૂરી છે.

ચીનમાં પ્રાચીન વખતમાં આ પ્રકારનો શોક પાળવા માટેની પ્રથા દૃઢ બની ગઇ હતી. ક્યારેક તો દેખાદેખીથી અને ક્યારેક પ્રદર્શનના આશયથી શોક પળાતો હતો. વખત જતાં એ પ્રથા ઘટીને એક વર્ષની કે તેથી પણ ઓછા સમયની થઇ ગઇ હતી.

કન્ફયૂશિયસ ચમત્કારોમાં નહોતા માનતા, પરંતુ અદૃષ્ટ દૈવી શક્તિમાં માનતા હતા. કોઇક એવી શક્તિ છે કે જે કેટલીક વસ્તુ થવા દે છે અને કેટલીક વસ્તુ નથી થવા દેતી. એ શક્તિ માટે ચીની શબ્દ છે 'મિંગ'. કન્ફયૂશિયસ કહેતા કે જગતમાં મારા સિદ્ધાતો પ્રસરાવાના હશે તો તે મિંગને આભારી છે અને જો નહિ પ્રસરવાના હોય તો તે પણ મિંગને લીધે જ હશે ! પુરુષાર્થ કરવા છતાં ધારેલું પરિણામ ન આવે અથવા વિપરીત પરિણામ આવે તો તેનો અર્થ એ થયો કે કોઇક એવી શક્તિ છે જે આ બધાંની નિયામક છે.

મધ્યમ માર્ગને ચીની ભાષામાં 'ચુંગ યુંગ' (Chung Yung) કહેવામાં આવે છે 'ચુંગ'નો અર્થ થાય છે કેન્દ્રવર્તી. 'યુંગ'નો અર્થ થાય છે કાયમ માટેનું. 'ચુંગ યુંગ' એટલે

જીવનના કેન્દ્રમાં જે કાયમ માટે રહે તે મધ્યમ માર્ગ.

કન્ફ્યૂશિયસે કહ્યું છે, ‘જરૂર કરતાં વધુ પડતાં આગળ વધી જવું એ જરૂર કરતાં ઓછા આગળ વધવા જેટલું જ ખરાબ છે’. એટલા માટે જ કન્ફ્યૂશિયસે કહ્યું છે કે આનંદપ્રમોદમાં પણ મર્યાદા રાખવી જોઇએ. અભિમાનને વધવા દેવું ન જોઇએ. તૃષ્ણાઓને સંતોષવામાં અતિરેક ન કરવો જોઇએ.

કન્ફ્યૂશિયસ કહે છે કે મનુષ્યના પાંચ પ્રકારના સંબંધો વધુ ઘનિષ્ઠ હોય .છે. તે સંબંધોમાં એણે પોતાના કર્તવ્યનું બરાબર પાલન કરવું જોઇએ. એ સંબંધો નીચે પ્રમાણે છે :

(૧) રાજા અને પ્રજાનો સંબંધ
(૨) પિતા અને પુત્રનો સંબંધ
(૩) પતિ અને પત્નીનો સંબંધ
(૪) મોટાભાઇ અને નાનાભાઇનો સંબંધ
(૫) મિત્ર અને મિત્ર વચ્ચેનો સંબંધ

આ સંબંધો ગાઢ છે. તે સહેલાઇથી દૂર કરી શકાય એવા નથી. આ સંબંધો અને એના કાર્યક્ષેત્રની અવગણના કે અસ્વીકાર કરીને અન્ય પ્રકારના સંબંધો અને કાર્યક્ષેત્રને શોધવાના પ્રયત્નો કરવા તે યોગ્ય નથી. એવું કરે તે પ્રાજ્ઞ પુરુષ ન કહેવાય.

આ પાંચ સંબંધો સારા હોય તો સમાજ સુદઢ બની શકે. કન્ફ્યૂશિયસે કહ્યું છે કે કોઇ કામ કરો ત્યારે તમે એકલા નથી હોતા. તમે સમાજના અંગ છો. તમે જે કંઇ કરો એની બીજા ઉપર અસર પડે જ. એટલા માટે આ પાંચ સંબંધો નીચે પ્રમાણે હોવા ઘટે :

(૧) રાજા પરોપકારી હોવો જોઈએ અને પ્રજા વફાદાર હોવી જોઈએ.

(૨) પિતા પ્રેમાળ હોવા જોઈએ અને પુત્ર પિતૃભક્તિવાળો હોવો જોઈએ.

(૩) પતિ ભલો અને સંસ્કારી હોવો જોઈએ અને પત્ની સુશીલ અને કામગરી હોવી જોઈએ.

(૪) મોટો ભાઈ વિનમ્ર હોવો જોઈએ અને નાનો ભાઈ આદરભાવવાળો હોવો જોઈએ.

(૫) મોટો મિત્ર નાના મિત્રનું ધ્યાન રાખવાવાળો હોવો જોઈએ અને નાનો મિત્ર અદબવાળો હોવો જોઈએ.

કન્ફ્યૂશિયસ નીતિશાસ્ત્ર માટે પાંચ મહત્ત્વનાં લક્ષણો અને વિષયો દર્શાવે છે. તેઓ એ માટે મુખ્ય ચાવીરૂપ નીચેના પાંચ શબ્દો આપે છે. એમાં ઉપદેશનો સાર આવી જાય છે. એ શબ્દો એમની ચીની ભાષાના છે.

(૧) જેન-યિ (Jen Yi) = માનવપ્રેમ, પરોપકાર અને કર્તવ્યપાલન.

(૨) ચુંગ-શુ (Chung-Shu) = દયા - કરુણા, નૈતિક દૃષ્ટિ, બીજાના હિતનો વિચાર.

(૩) લિ (Li) = સત્કર્મો, વિધિવિધાન અને તેનું ઔચિત્ય.

(૪) વેન (Wen) = સર્જનાત્મક કલાઓ.

(૫) તે (Te) = શક્તિ તથા સત્તા.

જેન - યિ

'જેન'નો અર્થ થાય છે માનવપ્રેમ અને 'યિ'નો અર્થ થાય છે કર્તવ્યપાલન. માણસના સદ્‌ગુણોમાં કન્ફ્યૂશિયસ માનવપ્રેમ

ઉપર વધુ ભાર મૂકે છે. તેઓ કહે છે કે 'જે માણસ બીજાને ચાહે છે તે સમાજમાં પોતાની ફરજો બજાવવા માટે સમર્થ બને છે.'

માનવપ્રેમ એ સહજ સ્ફુરે એવી ભાવના છે. તેમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચે ભેદ રહેતો નથી. જ્યાં ભેદભાવ છે ત્યાં સાચો માનવપ્રેમ સંભવી ન શકે. કન્ફયૂશિયસ કહે છે કે 'જે પોતાની માનવપ્રેમની ભાવનાને અનુસરે છે તે પોતાનો વિકાસ સાધે છે અને બીજાનો વિકાસ પણ સાધે છે. જ્યાં માનવપ્રેમ છે ત્યાં અહંકારનું વિસર્જન થાય છે.'

'યિ' એટલે કર્તવ્યપાલન અથવા ધર્માચરણ. એનું પ્રેરક તત્ત્વ છે માનવપ્રેમ.

ચુંગ-શુ

'ચુંગ' એટલે પોતાની જાત પ્રત્યે વફાદાર રહેવું. 'શુ' એટલે જગતને સમજવાનો સહાનુભૂતિપૂર્વક પ્રયત્ન કરવો.

દરેક માણસમાં પોતાનો એક સૂક્ષ્મ માપદંડ હોય છે. એટલે માપદંડ માટે માણસે બહાર જવાની જરૂર નથી. એના માટે કુહાડીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. સુથાર કુહાડીનો દાંડો બનાવવા ઇચ્છે છે.તે વખતે તે બીજી કુહાડીનો દાંડો હાથમાં લઇ અને જોઇને તે પ્રમાણે દાંડો કરી લે છે. એ માટે તે બહાર ભટકવા જતો નથી.

એક શિષ્યે કન્ફયૂશિયસને પૂછયું, 'જેન'નો અર્થ શો ?' કન્ફયૂશિયસે કહ્યું, 'જે વર્તન તમારા પ્રત્યે કોઇ કરે તો તમે ઇચ્છતા નથી, એવું વર્તન તમારે બીજા પ્રત્યે ન કરવું જોઇએ.'

એક શિષ્યે તો એટલી હદ સુધી કહ્યું છે કે આપણા ગુરુદેવનું બધું જ શિક્ષણ બે શબ્દમાં સમાઇ જાય છે : ચુંગ શુ.

એમાં યુંગ હકારાત્મક દૃષ્ટિકોણ છે અને શુ નિષેધાત્મક દૃષ્ટિકોણ છે.

**લિ**

લિ એટલે ઔચિત્ય. લિ નો બીજો અર્થ થાય છે કર્મકાંડ, વિધિવિધાન. દરેક વસ્તુનો પૂરેપૂરો વિચાર કરીને બોલવું કે વર્તવું તે ઔચિત્ય. લિ નો બરાબર અર્થ સમજવા માટે પાંચ વસ્તુઓ મહત્ત્વની છે : (૧) નામ પ્રમાણે ગુણ (૨) મધ્યમ માર્ગ (૩) પાંચ મૂળભૂત સંબંધો (૪) કુટુંબ અને (૫) વૃદ્ધાવસ્થા તથા પ્રાચીનતા.

**વેન**

વેન એટલે સર્જનાત્મક કલાઓ. કવિતા, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રકલા, શિલ્પ ઇત્યાદિ સર્જનાત્મક કલાઓ છે. યુદ્ધકલા એ વેન નથી. વેનથી સમાજ સંસ્કારી બને છે. લોકોમાં સભ્યતા વધે છે.

**તે**

તે એટલે શક્તિ, બળ, સત્તા, અંકુશ, દમન. કન્ફયૂશિયસ કહેતા કે 'રાજ્યનો વહીવટ સત્તાથી, દમનથી, ધાકથી ચલાવવાથી જેટલું પરિણામ આવે છે તેથી વધારે સારું પરિણામ સત્તાધીશોની નૈતિકતાથી, ચારિત્ર્યશીલતાથી આવે છે, કારણ કે નેતાઓના સારા ચારિત્ર્યની અસર લોકજીવન ઉપર પડયા વગર રહેતી નથી.

નામ પ્રમાણે ગુણ ઉપર કન્ફયૂશિયસ ઘણો ભાર મૂકતા હતા. એમણે કહ્યું છે કે 'જો નામ બરાબર ન હોય તો વસ્તુના વાસ્તવિક સ્વરૂપ સાથે એનો મેળ બેસતો નથી. ભાષા જો

અનુરૂપ ન હોય તો વ્યવહાર બરાબર ચાલી ન શકે.'

કન્ફ્યૂશિયસની આ માન્યતા એટલી બધી દૃઢ હતી કે કોઇકે એમને પૂછયું કે 'તમારા હાથમાં રાજ્યશાસન ચલાવવાનું આવે તો સૌથી પહેલી વસ્તુ તમે કઇ કરો ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'હું પ્રથમ નામ પ્રમાણે ગુણ હોય, તે માટે પ્રયત્નો કરું'. બીજે એક પ્રસંગે એમણે કહ્યું હતું કે 'રાજાને રાજા થવા દો, મંત્રીને મંત્રી થવા દો, પિતાને પિતા થવા દો અને પુત્રનેં પુત્ર થવા દો. એનો અર્થ એ થયો કે દરેકમાં નામ પ્રમાણે ગુણ હોવા જોઇએ'.

તમે જે કંઇ કરો તે પ્રામાણિકતાથી, ન્યાયબુદ્ધિથી અને સાચા દિલથી કરશો તો જંગલી લોકોના દેશમાં પણ તમે સફળ થઇ શકશો. તમે પ્રામાણિકતા વિના, અન્યાયપૂર્વક અને દિલ વગર કાર્ય કરશો તો તમારા પોતાના દેશમાં પણ સફળ નહિ થઇ શકો. (આ સિદ્ધાંત દિવસ રાત તમારી નજર સમક્ષ રહે અને વંચાયા કરે એવી રીતે રાખો.)

કન્ફ્યૂશિયસના શિષ્ય ત્ઝૂ ચંગે આ ઉપદેશવચનો પોતાના દુપટ્ટા ઉપર લખાવ્યાં હતાં.

નૈતિક ગુણ સંપત્તિ માટે મુખ્ય પાંચ ગુણ મહત્ત્વના છે :

(૧) આત્મ ગૌરવ - તમે બીજાના ઉત્તમ ગુણોનું ગૌરવ કરશો તો તે પણ તમારા ગુણોનું ગૌરવ કરશે.

(૨) ઉદારતા - તમે ઉદારતા દાખવો તો બીજાનાં હૃદય જીતી શકો.

(૩) સચ્ચાઇ - તમે સચ્ચાઇ રાખશો તો બીજા તમારા ઉપર વિશ્વાસ મૂકશે.

(૪) એકનિષ્ઠા - તમે જીવનમાં એકનિષ્ઠ બનશો તો મહત્ત્વનાં કાર્યો કરી શકશો.

(૫) લોકકલ્યાણ - તમે લોકકલ્યાણની ભાવના સાચા દિલથી રાખશો તો બીજાઓ પણ તમારી ભાવનાને અનુસરશે.

ગરીબ હોવા છતાં જે લાચારી નથી અનુભવતો તથા શ્રીમંત હોવા છતાં જે અભિમાન નથી કરતો તેવો માણસ જરૂર સારો કહેવાય, પરંતુ ગરીબ હોવા છતાં જે સ્વસ્થ અને પ્રસન્ન રહેતો હોય અને શ્રીમંત હોવા છતાં જે સંયમી, સદાચારી અને પ્રભુભક્તિવાળો હોય તેવો માણસ એથી પણ વધુ સારો ગણાય.

જ્ઞાનના આધારે માણસના અનુક્રમે ચાર પ્રકાર પાડી શકાય : (૧) પોતાની કોઠા સૂઝથી જ માણસ ઘણું સમજી શકે, (૨) સતત અભ્યાસ પછી જે સમજી શકે, (૩) ઘણો પ્રયત્ન કર્યા પછી જે થોડું ઘણું સમજી શકે અને (૪) સમજવા માટે જેમને પ્રયત્ન કરવાનું બિલકુલ મન ન થાય.

છ મોટા સદ્‌ગુણોની સાથે, માણસ જો જાગૃત ન રહે તો એના અશુભ પડછાયા આવ્યા વગર રહેતા નથી. એ છ સદ્‌ગુણો અને તેના પડછાયા આ પ્રમાણે છે : (૧) ભલાઈ સાથે મૂર્ખતા, (૨) જ્ઞાન સાથે અભિમાન, (૩) સત્ય સાથે જડતા, (૪) નિખાલસતા સાથે અસભ્યતા, (૫) વીરતા સાથે ઝઘડાખોરપણું અને (૬) દૃઢતા સાથે હઠાગ્રાહ

********

# પ્રાજ્ઞ પુરુષની વિભાવના

કન્ફ્યૂશિયસે મનુષ્યોમાં જે સર્વશ્રેષ્ઠ હોય એવા મનુષ્યના સદ્‌ગુણોનું વારંવાર કથન કર્યું છે. પોતાની માન્યતા અનુસાર આદર્શ મનુષ્યનું સુંદર કલ્પનાચિત્ર તેમણે ખડું કર્યું છે. એવા મનુષ્ય તરીકે કન્ફ્યૂશિયસ પોતે જ એમના શિષ્યોની નજરમાં હતા એમ મનાય છે. આવા આદર્શ મનુષ્ય માટે ચીની ભાષામાં શબ્દ છે : 'ચુંત્સે' (Chuntse) એની અર્થછાયાવાળો એક જ ગુજરાતી શબ્દ મળવો સરળ નથી. અતિમાનવ, મહામાનવ, પરમમાનવ, ઉચ્ચતર માનવ, ઉત્કૃષ્ટ મનુષ્ય, શ્રેષ્ઠ સદ્‌ગૃહસ્થ, માનવરાજ, રાજવંશી વ્યક્તિ, પ્રાજ્ઞપુરુષ વગેરે શબ્દો પ્રયોજી શકાય. એમાં શ્રેષ્ઠ માનવ, ઉત્કૃષ્ટ મનુષ્ય, ઉત્તમ મનુષ્ય, પ્રાજ્ઞ પુરુષ જેવા શબ્દો વધારે બંધબેસતા લાગે છે.

કન્ફ્યૂશિયસે એક પ્રસંગે પોતાના શિષ્યોને કહ્યું હતું કે પ્રાજ્ઞ પુરુષ થવા માટે નીચેના સદ્‌ગુણો કેળવવા જોઈએ :

(૧) હંમેશા નીતિ અને સદાચારનો માર્ગ અપનાવવાનો વિચાર કરવો.

(૨) નીતિ અને સદાચારથી એ માર્ગે આગળ વધવા માટે દઢતા પ્રાપ્ત થાય છે.

(૩) જેમ જેમ તમે આગળ વધતા જાવ તેમ તેમ લોકો પ્રત્યે વધુ અને વધુ પ્રેમભાવ ધારણ કરતાં શીખો.

(૪) કવિતા, સંગીત, શિલ્પ વગેરે લલિત કલાઓનો અભ્યાસ જીવનને વધુ સંસ્કારમય બનાવે છે કારણ કે ઉત્તમ કવિતા વડે ચારિત્રનું ઘડતર થાય છે અને સંગીત એને પૂર્ણતા તરફ લઇ જાય છે.

શ્રેષ્ઠ માનવમાં કયા કયા ગુણ હોવા જોઇએ એ વિશે એક પ્રસંગે એમણે કહેલું કે :

(૧) શ્રેષ્ઠ માનવ માયાળુ અને વિનમ્ર હોય છે.

(૨) તે નૈતિક સિદ્ધાંતોને વરેલો હોય છે.

(૩) તે વિદ્યાવ્યાસંગી હોય છે.

(૪) તે પોતાનાં વર્તન અને વ્યવહાર વિશે સદા જાગૃત અને અપ્રમત્ત હોય છે.

(૫) તે સ્વસ્થ અને શાંત હોય છે.

(૬) તે જાણે છે કે પોતાના વર્તન અને વ્યવહારનો પ્રભાવ સમાજજીવન ઉપર પડયા વગર રહેતો નથી.

(૭) તે ભોગવિલાસમાં આસક્ત કે લોલુપ બનતો નથી.

(૮) તે દરેક પરિસ્થિતિમાં સંતોષ અનુભવે છે.

શ્રેષ્ઠ માનવે નીચેના નવ મુદ્દા ઉપર વિશેષ લક્ષ રાખવું જોઇએ.

(૧) જોવામાં શુદ્ધ દૃષ્ટિ રાખવી જોઇએ.

(૨) સાંભળવામાં સ્પષ્ટતા હોવી જોઇએ.

(૩) મુખમુદ્રા ઉપર સ્નેહભાવ હોવો જોઇએ.

(૪) વર્તનમાં બીજા પ્રત્યે આદરભાવ રાખવો જોઇએ.

(૫) વાણીમાં સચ્ચાઇ એટલે પ્રામાણિકતા રાખવી જોઇએ.

(૬) વ્યવહારમાં નિષ્ઠા રાખવી જોઇએ.
(૭) શંકા થાય ત્યારે સમાધાનની તાલાવેલી હોવી જોઇએ.
(૮) ક્રોધ કરતાં પહેલાં એના પરિણામનો વિચાર કરવો જોઈએ.
(૯) લોભ-લાલચના પ્રસંગે કર્તવ્યનું સ્મરણ રાખવું જોઇએ.

કન્ફ્યૂશિયસના એક ઓછી અક્કલવાળા અને પ્રમાદી શિષ્ય ત્સઈ વોએ પૂછયું કે ''ધારો કે કોઈ માણસ ખોટી ખોટી બૂમ પાડે કે 'અહીં આ કૂવામાં એક માણસ પડી ગયો છે. એને બચાવવા દોડો' તો પ્રાજ્ઞ પુરુષ એને બચાવવા દોડે કે નહિ?''

કન્ફ્યૂશિયસે કહ્યું કે 'પ્રાજ્ઞ પુરુષ જરૂર ત્યાં દોડી જાય, પણ જોયા વગર કૂવામાં ઝંપલાવે નહિ. એને છેતરી શકાય જરૂર, પણ એને મૂર્ખ ન બનાવી શકાય.

પ્રાજ્ઞ પુરુષે ત્રણ વસ્તુઓ વિશે વધુ સાવધ રહેવાની જરૂર છે : (૧) યુવાવસ્થામાં કામવાસનાથી (૨) પ્રૌઢાવસ્થામાં આક્રોશથી અને (૩) વૃદ્ધાવસ્થામાં ધનલાલસાથી.

લોકો પોતાને ઓળખતા નથી એવો વિચાર જેને અકળાવતો નથી તે ઉત્તમ માનવી છે.

ઉત્તમ માણસ (૧) સર્વનો હિતેચ્છુ હોય છે, (૨) તે ચિંતાથી, ભ્રમણાથી અને ભયથી મુક્ત હોય છે અને (૩) તે ડહાપણવાળો હોય છે.

ઉત્તમ માણસ બીજામાં અકારણ અવિશ્વાસ રાખતો નથી તથા પોતાને કોઈ છેતરી જશે એવી અપેક્ષા રાખતો નથી. છતાં બીજાના દોષોને સમજવાની તેનામાં શક્તિ હોય છે.

ઉચ્ચતર માનવી પોતાના આત્મવિકાસ દ્વારા આત્મગૌરવ તો પ્રાપ્ત કરે જ છે, પણ સાથે સાથે બીજાઓને પણ એ દ્વારા સુખ અને શાંતિ અપાવે છે.

પ્રાજ્ઞ પુરુષ અથવા ઉત્તમ મનુષ્ય માટે કન્ફ્યૂશિયસે વખતોવખત જે વચનો કહેલાં તે નીચે મુજબ છે :

ઉત્તમ મનુષ્ય સાચું શું છે તે સમજે છે. નીચી કોટિનો મનુષ્ય પોતાનો માલ કેમ વેચાશે તેનો વિચાર કરે છે.

ઉત્તમ મનુષ્યને પોતાના આત્મા માટે પ્રેમ હોય છે. નીચી કોટિના મનુષ્યને પોતાનાં માલમિલકત માટે પ્રેમ હોય છે.

ઉત્તમ મનુષ્યમાં બીજાના સારાનરસા અભિપ્રાય કે મંતવ્યો માટે હંમેશાં ઉદારતા અને સહિષ્ણુતાનો ભાવ હોય છે.

ઉત્તમ મનુષ્યને જે યથાર્થ અને ઉચિત હોય તેનાથી સંતોષ હોય છે.

ઉત્તમ મનુષ્ય મોટી જવાબદારીઓ સ્વીકારવા તૈયાર હોય છે.

ઉત્તમ મનુષ્યને પોતાના જીવનનિર્વાહની જેટલી ચિંતા હોય છે તેથી વધુ ચિંતા પોતાના આધ્યાત્મિક વિકાસ માટે હોય છે.

પ્રાજ્ઞ પુરુષ હંમેશાં મનથી નિવૃત્તિમય હોય છે.

પ્રાજ્ઞ પુરુષ ચિંતા અને ભયથી હંમેશાં મુક્ત હોય છે.

શ્રેષ્ઠ પુરુષો પોતાની ફરજો પ્રત્યે સજાગ હોય છે અને પૂર્વગ્રહોથી મુક્ત હોય છે.

ડાહ્યા માણસો પોતાની વાણી ઉપર સંયમ ધરાવે છે.
પ્રાજ્ઞ પુરુષ નિરર્થક સામાજિક નિષેધોને સ્વીકારતા નથી.
ઉત્તમ મનુષ્ય જેવું બોલે છે તેવું આચરણ કરે છે.

ઉત્તમ માનવીને ભય કે શોક હોતાં નથી. તે અભિમાની નથી હોતો. તે હંમેશાં સ્વસ્થ, શાંત અને પ્રસન્ન રહે છે. અધમ માણસ હંમેશાં ક્ષુબ્ધ, અશાંત અને ચિંતાગ્રસ્ત રહે છે.

સમજુ, ડાહ્યો માણસ દ્વિધામાં રહેતો નથી. સાધુતાવાળો માણસ ક્રોધ કરતો નથી. શૂરવીર માણસ ભય પામતો નથી.

ઉત્તમ માણસ પોતાના અંતઃકરણને અનુસરે છે. તે પ્રામાણિક હોય છે. તે બીજાઓ પ્રત્યેના પોતાના કર્તવ્ય વિશે સભાન હોય છે.

ઉત્તમ માણસ બીજાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે, પણ તે ખુશામત નથી કરતો. મધ્યમ માણસ બીજાની ખુશામત કરે છે, પણ તેને અનુકૂળ થવાનો પ્રયત્ન નથી કરતો.

ઉત્તમ માણસ પોતાની બિનઆવડત માટે તથા અપૂર્ણતા અને દોષો માટે સતત ચિંતિત હોય છે. બીજાઓ પોતાની કદર કરતા નથી એવા વિચારે એ દુઃખી થતો નથી.

ઉત્તમ માણસ જીવનમાં કશી સિદ્ધિ પ્રાપ્ત કર્યા વિના જીવન પૂરું કરવામાં માનતો નથી.

ઉત્તમ માણસ પોતાના જીવનની જરૂરિયાતો વિશે અંતરમાં અવલોકન કરે છે અને માત્ર તેટલી જ જરૂરિયાતો મેળવવા પ્રયત્ન કરે છે. સામાન્ય માણસો બીજા પાસેથી જેટલું બધું મેળવી શકાય તેટલું બધું મેળવવા પ્રયત્ન કરે છે.

ઉત્તમ માણસ પોતાને મળતા અંગત લાભ કરતાં વસ્તુસ્થિતિની યોગ્યાયોગ્યતાનો વિચાર કરે છે. જરૂર પડે તો તે પોતાના જાનનું પણ જોખમ ખેડવા તૈયાર હોય છે. તે પોતાના સિદ્ધાંતોને જીવનપર્યંત વળગી રહે છે.

ઉત્તમ માણસમાં ડહાપણ, ચતુરાઇ, પ્રામાણિકતા, બહાદુરી, કળા, રસિકતા ઇત્યાદિ ગુણોનો સમન્વય થયો હોવો જોઇએ.

ઉત્તમ માણસ પોતાની કદર થાય છે કે નહિ અથવા લોકો પોતાના કામની નોંધ લે છે કે નહિ તેની પરવા કર્યા વિના કોઇ નાનું કામ કરતાં પણ સંકોચ રાખતો નથી. સાધારણ માણસે નાનું સરખું કામ કર્યું હોય તો પણ લોકોએ પોતાની વાહવાહ કરવી જોઇએ એવી અપેક્ષા રાખે છે.

ઉત્તમ માણસ પોતાની ફરજ માટે જેટલો સભાન હોય છે તેટલો પોતાની આજીવિકા માટે નથી હોતો. તે ગરીબાઇ કરતાં કર્તવ્યપાલન માટે વધુ ચિંતાતુર હોય છે.

એક બાજુ ઉપરીની આજ્ઞાનું પાલન અને બીજી બાજું નૈતિક ફરજ એ બે વચ્ચે સંઘર્ષ થાય તો ઉત્તમ માણસ નૈતિક ફરજને પ્રાધાન્ય આપે છે.

ઉત્તમ માણસ ઇશ્વર પ્રત્યે, વડીલો પ્રત્યે અને સાધુ સંતો પ્રત્યે પૂજ્યભાવ ધરાવનારો હોય છે. અધમ માણસને તેઓ પ્રત્યે આદરભાવ હોતો નથી.

માણસનો દેખાવ કેટલીકવાર છેતરામણો હોય છે. કોઇ માણસના ચહેરા પરનું ગાંભીર્ય જોઇ એવો નિર્ણય ન કરવો કે એ પ્રાજ્ઞપુરુષ છે.

જેઓ દઢ મનોબળવાળા હોય, સંયમપાલનમાં ચુસ્ત હોય, જેઓ સ્વભાવે સરળ અને સાદી રીતભાતવાળા હોય અને જેમની વાણી ધીરગંભીર હોય એવા માણસો સંતની કોટિમાં આવી શકે.

કોઇ પ્રાજ્ઞ પુરુષ વિપરીત સંજોગોમાં અપવાદ તરીકે કેટલાક સદ્ગુણો ગુમાવી બેસે એ બનવાજોગ છે, પણ કોઇ દુર્જન માણસ સારા સંજોગોમાં અપવાદ તરીકે પણ પ્રાજ્ઞ પુરુષ ન બની શકે.

જેના અંતરમાં નિષ્ઠા રહેતી હોય, જેની વાણી પ્રભાવશાળી હોય અને જેના વ્યવહારમાં માધુર્ય અને પ્રસાદ હોય એવા ઉત્તમ માણસોથી સમાજ સુરક્ષિત રહે છે એમ કહી શકાય.

જે પોતાના વ્યવહારમાં નિખાલસ હોય, વાણીમાં સંયમી હોય અને આત્મવિકાસ માટે સંતોનો સમાગમ કરવા ચાહતો હોય તે માણસ નીતિપરાયણ હોય છે.

ભોજન અને રહેઠાણની બાબતમાં પ્રાજ્ઞ પુરુષો નિસ્પૃહી હોય છે.

તત્ત્વજ્ઞાનના ઊંચા સિદ્ધાંતો સમજાવતાં પહેતાં ગુરુએ પોતાના શિષ્યના ચારિત્ર્યનું સારી રીતે ઘડતર કરી લેવું જોઇએ. ચારિત્રના ઘડતર પહેલાં નિયમોના અપવાદની છૂટ લેવાની રજા ગુરુએ ન આપવી જોઇએ.

પોતાની ખરાબમાં ખરાબ નિંદાકુથલી અકારણ રીતે કેટલાક લોકો કરતા હોય તેવે વખતે પણ જે સ્વસ્થ અને પ્રસન્ન રહી શકે તે વ્યક્તિ પ્રાજ્ઞ ગણાય.

*******

# રાજનૈતિક માન્યતાઓ

જૂના વખતમાં સમગ્ર દુનિયામાં રાજાશાહી હતી ત્યારે રાજ્યની શાસનપદ્ધતિ, કરવેરા, અમલદારો, પ્રજાની સુખાકારી, પડોશી રાજ્ય સાથે સંબંધો વગેરે વિશેના પ્રશ્નો ઘણા મહત્ત્વના બની રહેતા. રાજ્યહિતચિંતકો વખતોવખત એ વિશે પોતાના વિચારો રજૂ કરતા. દષ્ટિસંપન્ન અને પ્રજાવત્સલ રાજાઓ સરસ કાયદાઓ ઘડતા અને તેના ચુસ્ત અમલ માટે સજાગ રહેતા. કેટલાક રાજાઓ સામાન્ય પ્રજાજનની જેમ રહેવાનું પસંદ કરતા અને પ્રજા એમને બહુ ચાહતી. અધમ રાજાઓ ભારે કરવેરા નાખતા અને પોતે અમનચમનવાળું જીવન ગુજારતા. એવા ક્રૂર રાજાઓ સામે બળવો થતો કે પડોશી રાજા આક્રમણ કરી તેને જીતી લેતો.

ભૌગોલિક દષ્ટિએ ચીનનો પ્રદેશ અત્યંત વિશાળ છે. ત્યાં નાનાં મોટાં અનેક રાજ્યો હતાં. વળી એ રાજાઓની ઉપર શહેનશાહની સત્તા રહેતી. કન્ફયૂશિયસના જમાનામાં રાજા, મંત્રીઓ, અમલદારો, વહીવટી તંત્ર, ન્યાયતંત્ર એ દરેક વિશે ઝીણવટથી વિચારણા થતી. ચીનમાં અઢી હજાર વર્ષ પૂર્વે લાઓત્સેએ અને કન્ફયૂશિયસે એ બધા વિશે પોતાના આદર્શો

કે ભાવનાશીલ વિચારો જે વ્યકત કર્યા છે તે આજે પણ એટલા જ સાચા અને ઉપયોગી છે. લાઓત્સે કરતાં પણ કન્ફયૂશિયસને ઘણાં રાજ્યોમાં ફરવાનું થયું હતું એટલે એમનો અનુભવ પણ બહોળો હતો. વળી, લાઓત્સેનું ધ્યેય આધ્યાત્મિક જીવન જીવવાનું હતું. કન્ફયૂશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. એટલે કન્ફયૂશિયસે રાજ્યધર્મ વિશે પણ ઠીક ઠીક પરામર્શ કર્યો હતો. કન્ફયૂશિયસના ઘણા વિચારો અને પ્રસંગો એમના ગ્રંથોમાં સચવાયેલા છે. એમની કેટલીક રાજનૈતિક માન્યતાઓ અહીં સંક્ષેપમાં જોઈશું.

(૧) કન્ફયૂશિયસે પોતાના શિષ્યો સાથે અને ઉમરાવો સાથે રાજકીય બાબતોની જે ચર્ચાવિચારણા કરી છે તેની કેટલીક નોંધ મળે છે.

એક વખત એમના એક શિષ્યે પ્રશ્ન કર્યો કે 'ગુરુજી ! સારું રાજ્ય ચલાવવા માટે તમે કઇ ત્રણ વસ્તુને અનિવાર્ય ગણો ?'

કન્ફયૂશિયસે કહ્યું, 'લશ્કર, ખોરાક અને પ્રજાનો વિશ્વાસ'.

શિષ્યે ફરી પૂછયું કે 'ધારો કે એ ત્રણમાંથી જ એક વસ્તુની પસંદગી કરવી હોય તો તમે કઇ કરો ?

કન્ફયૂશિયસે કહ્યું 'લશ્કર'

શિષ્યે વળી પૂછયું, 'અને ખોરાક તથા પ્રજાનો વિશ્વાસ એ બેમાંથી પણ એક વસ્તુ જતી કરવાની હોય તો ?'

કન્ફયૂશિયસે કહ્યું, 'તો હું ખોરાક જતો કરું. ખોરાક વિના પ્રજા થોડા દિવસ જીવી શકે કારણ કે મૃત્યુ તો મોડું વહેલું આવવાનું જ છે. પરંતુ સમગ્ર પ્રજાનો વિશ્વાસ ગુમાવી દેનાર

રાજા કે સરકાર શાસન જરાપણ ચલાવી ન શકે.'

(૨) કન્ફ્યૂશિયસે કહ્યું કે સારું રાજ્ય ચલાવવા માટે પાંચ શ્રેષ્ઠ વસ્તુઓની આવશ્યકતા રહે છે :

૧. સારા રાજાએ રાજ્યની તિજોરી ખાલી કર્યા વગર પ્રજાકલ્યાણનાં કાર્યો કરવાં જોઈએ. (એટલે કે રાજાએ લોકકલ્યાણના એવા સરળ અને સ્વાભાવિક માર્ગો અપનાવવા જોઈએ અને પોતાના અંગત જીવનને ખર્ચાળ ન બનાવી દેવું જોઈએ કે જેથી રાજ્યની તિજોરીના પૈસા ખોટી રીતે વપરાઈ જાય.)

૨. રાજાએ પ્રજાજનોની ત્યાં સુધી જ સેવા લેવી જોઈએ કે જ્યાં સુધી તેમનામાં ઉગ્ર અસંતોષ પ્રગટ ન થાય. એટલે કે રાજાએ લોકોની પાસેથી ફરજ રૂપે સેવા લેતી વખતે તેમની સમય, સ્થિતિ વગેરેની મુશ્કેલીઓનો વિચાર કરવો જોઈએ કે જેથી તેમનામાં અસંતોષ પ્રગટ ન થાય.

૩. રાજ્યકર્તાએ પોતાની મહત્ત્વાકાંક્ષામાં લોભનું તત્ત્વ ન આવવા દેવું જોઈએ એટલે કે રાજા જો અંગત મોજશોખ, ભેટસોગાદ વગેરેની લાલસા જતી કરીને લોકકલ્યાણને પોતાનું મુખ્ય ધ્યેય બનાવે તો એને લોભ કરવાનો પ્રસંગ નહિ આવે.

૪. પોતાની મહત્તા વધારવા માટે બીજાની અવગણના ન કરવી જોઈએ. રાજાને નાના મોટાં કામો માટે ઘણાંના પ્રસંગોમાં આવવાનું બને છે. તે વખતે એણે કોઈની ઉપેક્ષા ન કરવી જોઈએ.

૫. ક્રૂર થયા વિના કડક રહેવું જોઈએ. રાજાનો પહેરવેશ, એની મુખમુદ્રા, એનું વ્યક્તિત્વ વગેરે એવાં હોવાં જોઈએ કે લોકોને કુદરતી રીતે જ રાજાની આજ્ઞાનું પાલન કરવાનું મન થાય અને રાજાને ક્રૂર થવાનો વખત ન આવે.

(૩) ચિ નામના રાજ્યનો ઉમરાવ ચિંગ હતો. તે વૃદ્ધ થયો હતો. એના હાથમાં સત્તા રહી ન હતી. એના મંત્રીઓએ સત્તા ચાવી પાડી હતી. એના જનાનખાનામાં ભાડૂતી સ્ત્રીઓની ખ્યા વધી ગઈ હતી. ભોગવિલાસનું જીવન જીવનાર ચિંગના જીવનના છેલ્લા દિવસો વસમા હતા.

ચિંગ જ્યારે અવસાન પામ્યો ત્યારે કન્ફ્યૂશિયસે કહ્યું, જુઓ, ચિંગ પાસે એક હજાર ઘોડાની સેના હતી છતાં એના અવસાન પ્રસંગે લોકોએ એની એક પણ વાતનાં વખાણ કર્યાં નહિ. બીજી બાજુ પો આઈ અને શુ ચિન ડુંગરોમાં અજાણી જગ્યાએ મૃત્યુ પામ્યા છતાં લોકો આ જ સુધી એમનાં વખાણ કરતાં ધરાતા નથી. સારા રાજવી એવાને કહેવાય'.

(૪) એક વખત પ્રાધનમંત્રી ચંગ કંગને રાજ્યશાસન વિશે સલાહ આપતાં કન્ફ્યૂશિયસે કહ્યું, 'રાજ્યશાસન તમારે જો સારી રીતે ચલાવવું હોય તો તમારા હાથ નીચેના માણસોને કાર્ય અને જવાબદારી સોંપતી વખતે બરાબર વિચાર કરવો. તેમની નાની નજીવી ભૂલો હોય તો તે ઉદારતાથી અને ક્ષમાના ભાવથી માફી કરવી જોઈએ. હોશિયાર, પ્રામાણિક અને યોગ્યતાવાળા માણસોને ઊંચી પદવી આપવી જોઈએ'.

ચંગ કંગે પૂછયું, 'પરંતુ કયા માણસો યોગ્યતાવાળા છે એ જાણવું કેવી રીતે ?'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'જેટલા તમારી પોતાની નજરે આવે એને તમે ઊંચી પદવી આપો. બીજા યોગ્ય માણસો વિશે કોઈક અને કોઈક તમારું ધ્યાન ખેંચ્યા વિના નહિ રહે.'

(૫) કન્ફ્યૂશિયસ નાની મોટી વિવિધ વિદ્યાઓમાં પારંગત હતા. તેઓ સંગીત ઉપરાંત ખેતીવાડીના પણ સારા જાણકાર હતા. એથી એક વખત ઉમરાવ ફેન ચિહે એમને કહ્યું, 'ગુરુદેવ, મારે તમારી પાસે કૃષિ વિદ્યા શીખવી છે'.

ફેન ચિહ રાજ્યશાસનમાં એક ઉપરી અમલદાર હતો અને તેનામાં ઘણી શક્તિ તથા આવડત હતાં. એ જોઇને કન્ફ્યૂશિયસે કહ્યું, 'એ વિદ્યા હું તને શીખવું એના કરતાં કોઇ ખેડૂત તને વધારે સારી રીતે શીખરી શકશે.'

ફેન ચિહ કન્ફ્યૂશિયસનો કહેવાનો મર્મ સમજ્યો નહિ. એણે કહ્યું, 'તો પછી મને ઉદ્યાનકલા શીખવો.'

કન્ફ્યૂશિયસે કહ્યું, 'ઉદ્યાનકલા તો કોઈપણ માળી તને મારા કરતાં સારી રીતે શીખવી શકશે.'

ફેન ચિહની વિદાય પછી કન્ફ્યૂશિયસે બીજા શિષ્યોને કહ્યું, 'શાસનકર્તાઓને કૃષિવિદ્યા કે ઉદ્યાનકલા શીખવાની શી જરૂર ? એથી એમને શો ફાયદો થાય ? એના કરતાં રાજ્યશાસન કેમ સારી રીતે ચલાવવું એટલું જો શીખે તો એથી એમને તથા પ્રજાને - બંનેને કે ફાયદો થશે.'

(૬) રાજ્યના અમલદારો જો પોતાનો પ્રભાવ પાડી શકતા હોય તો જ તેમણે અમલદારી ચાલુ રાખવી જોઇએ. જો તેઓ પોતાનો પ્રભાવ પાડી શકતા ન હોય તો અમલદારી છોડી દેવી જોઇએ.

(૭) જે મંત્રી પોતાના રાજાના નૈતિક પતન વખતે તેને અટકાવી ન શકે તે મંત્રી મંત્રી તરીકે રહેવાને યોગ્ય નથી.

(૮) જે મંત્રી પોતાના ગભરાતા રાજાને સ્વસ્થ ન રાખી શકે, હૈયાધારણ ન આપી શકે તે મંત્રી મંત્રી તરીકે રહેવાને યોગ્ય નથી.

(૯) કુટુંબજીવનને વ્યવસ્થિત કર્યા વગર રાષ્ટ્રીય જીવન વ્યવસ્થિત થઇ શકે નહિ.

(૧૦) જે આદર્શ પુત્ર કે આદર્શ પિતા થઇ શકે તે આદર્શ રાજા કે આદર્શ અધિકારી થઇ શકે.

(૧૧) ઉત્તમ કોટિનો અમલદાર એ કે જે પોતાના જાહેર જીવનમાં તેમજ અંગત જીવનમાં એવું કશું ન કરે કે જેથી એની અપકીર્તિ થાય.

(૧૨) જે પોતાનું વચન પાળે અને દરેક કાર્ય ચીવટપૂર્વક સારી રીતે કરે એવો અમલદાર કદાચ સંકુચિત વૃત્તિનો હોય તો પણ તેનામાં કંઇક સારી શક્તિ રહેલી હોય છે.

(૧૩) જે રાજ્યમાં રાજાના મંત્રીનો પણ જે મંત્રી હોય એ પોતાના હાથમાં સત્તા બધી ધારણ કરવાનો પ્રયાસ કરે તો એવી સ્થિતિ જ્યાં પ્રવર્તતી હોય તેવું રાજ્ય ત્રણ પેઢીમાં ખતમ થઇ જાય છે.

(૧૪) જ્યારે રાજ્યતંત્ર બહુ સરસ ચાલતું હોય તે વખતે જે માણસ માત્ર પોતાના પગારનો જ વિચાર કરે છે એ પ્રતિષ્ઠા ગુમાવે છે. તેવી રીતે જ્યારે રાજ્યમાં આંધાધુંધી ચાલતી હોય તે વખતે જે ફક્ત પોતાના પગારનો જ વિચાર કરે છે તે માણસ પણ પોતાની પ્રતિષ્ઠા ગુમાવે છે.

(૧૫) ડાહ્યો રાજા પોતાના મંત્રીઓમાં કામની અયોગ્ય વહેંચણી કરીને અસંતોષ ઉત્પન્ન કરતો નથી. તે રાજ્યના જૂના વફાદાર નોકરોને કારણ વગર છૂટા કરતો નથી. તે પોતાના સગાંસંબંધી પ્રત્યે બેદરકાર રહેતો નથી. એક માણસ બધા જ પ્રકારનું કામ કરી શકે એવી તે અપેક્ષા રાખતો નથી.

(૧૬) જો કોઇ શહેનશાહ પોતે ચારિત્રશીલ હોય અને રાજનીતિના સદ્‌ગુણોથી સંપન્ન હોય તો પોતાના રાજ્યમાં ન્યાય, નીતિ અને સદાચારનું એવું તો સરસ વાતાવરણ જન્માવી શકે છે કે જે ઓછામાં ઓછું એક પેઢી સુધી તો અવશ્ય એવું ને એવું રહે.

(૧૭) કોઇ પણ પુત્રનું યુદ્ધખોર માનસ હળવું કરવું હોય તો તેનામાં સંગીત વગેરે કળાઓનો પ્રચાર વધુ કરવો જોઇએ. સંગીતથી પ્રજાનું માનસ શાંતિપ્રિય બનવા લાગે છે.

(૧૮) રાજકીય શાંતિ માટે સામાજિક શાંતિ અનિવાર્ય છે અને સામાજિક શાંતિ માટે નૈતિક મૂલ્યોની સ્થાપના આવશ્યક છે.

(૧૯) જો કોઇ વ્યક્તિએ અમુક સિદ્ધાંતોનો બૌદ્ધિક દૃષ્ટિએ સ્વીકાર કર્યો હોય પરંતુ તેનો અમલ કરવા માટે તેનામાં નૈતિક બળ ન હોય તો તે વ્યક્તિનું વહેલું મોડું પતન થવાનું.

(૨૦) જો કોઇ વ્યક્તિએ અમુક સિદ્ધાંતોનો બૌદ્ધિક દૃષ્ટિએ સ્વીકાર કર્યો હોય અને તેનો અમલ કરવા માટે તેનામાં નૈતિક બળ પણ હોય, છતાં તે જો તેનો અમલ ન કરે તો પ્રજા તેને આદરમાન નહિ આપે.

(૨૧) સારું રાજ્ય ચલાવવું હોય તો માનવબંધુઓ ઉપર પ્રેમ રાખો અને માનવબંધુઓને ઓળખતાં શીખો. સદ્‌ગુણવાળી વ્યક્તિઓને ઊંચી પદવી આપો. અમલદાર દુર્ગુણી હોય તેને નીચલી પાયરીએ ઉતારી પાડો (શહેનશાહ ચુન એવી રીતે રાજ્ય ચલાવતા કે બધા અમલદારોમાંથી સદ્‌ગુણોમાં જે શ્રેષ્ઠ હોય તેને તેઓ સત્તા સોંપતા. એટલે બાકીના કનિષ્ઠ માણસો આપોઆપ દૂર ખસી જતાં હતા. બીજી બાજુ શહેનશાહ ટિંગે એક દુર્ગુણી માણસને સત્તા આપી એટલે બાકીના સજ્જન માણસો આપોઆપ ખસી ગયા હતા.)

(૨૨) રાજા રાજા તરીકેનો પોતાનો ધર્મ બજાવે, પ્રજા પ્રજા તરીકેનો પોતાનો ધર્મ બજાવે, પિતા પિતા તરીકેનો પોતાનો ધર્મ બજાવે અને પુત્ર પુત્ર તરીકેનો પોતાનો ધર્મ બજાવે તો રાજ્યશાસનની એ ઉત્તમ કળા કહેવાય.

(૨૩) ઋજુતા અર્થાત્ સરળતા એ પણ રાજાનો એક ઉત્તમ ગુણ છે. જે રાજામાં ઋજુતા હોય છે તે પોતાની પ્રજાને સારી રીતે દોરી શકે છે.

(૨૪) પોતાના રાજા પ્રત્યે આદરભાવ હોય તો યુદ્ધ વખતે કોઈ પણ સૈનિક પોતાનું સ્થાન છોડીને ભાગી નહિ જાય.

(૨૫) સારો રાજસેવક એ કે જે પોતાના રાજાને જેમ છેતરે નહિ તેમ કોઈ બાબતમાં વિરોધી મત દાખવવાનો પ્રસંગ આવે ત્યારે છાનીછપની નિંદા ન કરે, પરંતુ પોતાનો મત બધાની વચ્ચે સ્પષ્ટ રીતે દર્શાવે અને તે માટે જે કંઈ પરિણામ ભોગવવાનું આવે તે સ્વીકારવા તૈયાર હોય.

(૨૬) રાજ્યમાં એક હજાર રથીઓની સેના હોય તો તેવા દેશ ઉપર શાસન કરનારે દેશનાં વેપાર-ઉદ્યોગ, કરકસર, પ્રામાણિકતા, ભ્રાતૃભાવ અને યોગ્ય માણસોની નિયુક્તિ એટલા વિષયો ઉપર કાળજીપૂર્વક ધ્યાન આપવું જોઈએ.

(૨૭) કડક કાયદાઓ વડે જ્યાં જ્યાં રાજ્ય ચલાવાતું હોય અને કડક શિક્ષાની તેમાં જોગવાઈ હોય તેવા રાજ્યમાં શાંતિ પ્રવર્તતી હોય તો પણ ભયથી જે પ્રજા કાયદાઓનું પાલન કરે છે તે પોતાનું નૈતિક બળ ગુમાવી દે છે.

(૨૮) પ્રજા પોતાના રાજા પ્રત્યે આદરભાવ ધરાવે એ માટે રાજાનું પ્રજા પ્રત્યેનું વર્તન ગૌરવભર્યું હોવું જોઈએ. રાજ્યને સારું બનાવવું હોય તો વધુ લાયકાતવાળી પ્રામાણિક વ્યક્તિઓને ઊંચા હોદ્દાઓ આપવા જોઈએ.

(૨૯) રાજ્યકર્તામાં જો વિવેક અને સંયમ હોય તો પ્રજાનો એના પ્રત્યે આદરભાવ રહેશે. રાજ્યકર્તામાં જો ન્યાય અને નીતિ હશે તો પ્રજા કાયદાઓનું પાલન સારી રીતે કરશે.

(૩૦) રાજ્યની નોકરી કરતી વખતે સેવાને પ્રથમ સ્થાન આપો અને પગારને બીજું સ્થાન આપો.

(૩૧) સમ્રાટ શૂન ગૌરવપૂર્વક સિંહાસન ઉપર બિરાજતા અને એમનું બધું કાર્ય આપોઆપ થઈ જતું.એ રીતે સમ્રાટ શૂન રાજ્યશાસન માટે કશું નહોતા કરતા અને એથી સારું રાજ્ય ચલાવતા હતા (કન્ફ્યૂશિયસના આ કથનમાં લાઓત્સેના તાઓની અસર જણાય છે. સારા રાજા પોતે સંનિષ્ઠ હોય છે અને બીજાઓ ઉપર પૂરો વિશ્વાસ રાખે છે. તેઓ દખલગીરી કરતા નથી અને એથી એમનું રાજ્યશાસન સારી રીતે ચાલે છે).

(૩૨) રાજાએ નૈતિક દૃષ્ટિએ આદર્શ જીવન જીવવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. તેણે ભાવિ પેઢી માટે ઉત્તમ ઉદાહરણરૂપ અને પ્રેરણારૂપ બનવું જોઈએ.

(૩૩) રાજાનું નૈતિક સ્તર ઘણું ઊંચું હોવું જોઈએ, કારણ કે પ્રજાજનોની નૈતિકતા માટે તે દાખલો અને આધાર પૂરો પાડે છે.

(૩૪) જો કોઈ પણ રાષ્ટ્રને સતત એક સૈકા સુધી ઉત્તરોત્તર પ્રામાણિક, ન્યાયી અને પ્રજાકલ્યાણની ભાવનાવાળા સારા રાજ્યકર્તાઓ મળી રહે તો એ રાષ્ટ્રમાંથી ગુનોખોરી કુદરતી રીતે જ અદૃશ્ય થઈ જાય. પછી વખત એવો આવે કે ફાંસીની સજાનો કાયદો પણ નિરર્થક થઈ જાય.

(૩૫) જો માણસ પોતાની જાતને સુધારી શકે એમ હોય તો રાજ્ય શાસનમાં ભાગ લેતાં એને કોઈ અટકાવી ન શકે. જો માણસ પોતાની જાતને સુધારી શકે એમ ન હોય તો સત્તા દ્વારા પારકાને સુધારવાની પંચાતમાં એણે પડવું ન જોઈએ.

(૩૬) રાજ્યશાસન ચલાવનાર શાસકે બહુ ઉતાવળે કામ ન કરવું જોઈએ તથા નાના નાના લાભ મેળવવાની લાલચ ન રાખવી જોઈએ, કારણ કે ઉતાવળે કરેલું કામ સારી રીતે નથી થતું અને નાના નાના લાભોની લાલચમાં પડવાથી મોટાં મોટાં કામો અધૂરાં રહી જાય છે.

(૩૭) કોઈ પણ રાજ્ય સારું ત્યારે કહેવાય કે જ્યારે એની પ્રજા સુખી હોય અને એને પોતાનું રાજ્ય છોડીને બીજે જવાનું મન ન થાય. વસ્તુતઃ બીજા રાજ્યોના લોકોને પણ ત્યાં આવવાનું આકર્ષણ થાય એવું રાજ્યશાસન હોવું જોઈએ.

(૩૮) જો રાજકર્તાઓ પ્રામાણિક અને સરળ હોય તો પ્રજા પોતાતી ફરજ પોતાની મેળે બજાવવા તત્પર બને છે. જો રાજ્યકર્તા પોતે અપ્રામાણિક અને અન્યાયી હોય તો પ્રજા તેના હુકમનો અનાદર કરે છે.

(૩૯) જો રાજા પોતે પોતાની ધનલોલુપતાને સંયમમાં રાખે તો એના રાજમાં ચોરલૂંટારુની સમસ્યાઓ ઊભી નહિ થાય. રાજા પોતે ધનલોલુપ હશે તો એના રાજ્યમાં ચોરલૂંટારુનો ઉપદ્રવ રહેવાનો, પછી ભલેને રાજા ચોરને પકડવા માટે ગમે તેટલાં ઇનામ જાહેર કરે.

(૪૦) રાજાનું જીવન પવન જેવું છે અને પ્રજાનું જીવન ઘાસ જેવું છે. જો પવન જોરથી ફુંકાય તો ઘાસ વાંકું વળ્યા વિના રહે નહિં. જો રાજાનું ચારિત્ર પવિત્ર હશે તો પ્રજા રાજાને વશ થયા વગર નહિ રહે.

(૪૧) રાજયકર્તાઓએ પોતે પોતાના ખંતપૂર્વકના પરિશ્રમભરેલા જીવનનો દાખલો પ્રજા આગળ મૂકવો જોઈએ. રાજકર્તાઓએ પરિશ્રમ કરતાં થાકવું ન જોઈએ અને પોતાની ધીરજ ગુમાવવી ન જોઈએ.

(૪૨) જો રાજા પોતે જ નિષ્ઠાપૂર્વક રાજ્યશાસન ચલાવે તો તેના રાજ્યમાં કાયદાનું ઉલ્લંઘન કોઇ નહિ કરે. પરિણામે દેહાંતદંડની સજા કરવી પડે એવી કોઇ ઘટના નહિ બને.

(૪૩) રાજ્યવહીવટમાં પડેલી વ્યક્તિઓ પદવી મળે એ પહેલાં પદવી મેળવવાની ચિંતામાં હોય અને પદવી મળ્યા પછી તે ટકાવી રાખવાની ચિંતામાં હોય તો તેવી વ્યક્તિઓ રાજ્યની કેટલી સેવા કરી શકે ? પોતાના અંગત સ્વાર્થ માટે તેઓ શું શું

ન કરે ?

(૪૪) પ્રામાણિકતા વગરનો બહાદુર અધિકારી ઊંચી પદવીએ ચડયો હોય તો તે રાજ્ય માટે ભયરૂપ છે, કારણ કે તે ગમે ત્યારે રાજ્ય વિરુદ્ધ બળવો જગાડી શકે. પ્રામાણિકતા વિનાનો બહાદુર માણસ જો સામાન્ય માણસ હોય તો તે લૂંટારું બને એવો સંભવ રહે.

(૪૫) નીચી પદવીના જે માણસો પોતાનાથી ઊંચી પદવી ધરાવનારને હલકા પાડે છે, જેઓ આત્મસંયમ વિનાની બહાદુરી ધરાવે છે, જેઓ નીડર છતાં સંકુચિત મનોવૃત્તિવાળા છે, જેઓ આજ્ઞાભંગને જ બહાદુરી સમજે છે તેવા માણસો પ્રજામાં આદરને પાત્ર બની શકતા નથી.

(૪૬) કડક પગલાં લઈને ધાકધમકીથી લોકોને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરશો તો કેદખાનાના ડરથી લોકો અમુક કાર્યો કરશે નહિં. પરંતુ એથી પાપકર્મ કરવાનું શરમભરેલું છે એવી ભાવના તેમનામાં જાગૃત નહિ થાય. લોકોમાં શિક્ષણ, સંસ્કાર, સદ્‌ભાવના દ્વારા સદાચાર જો ખીલવશો તો લોકોમાં પોતાને માટે ગૌરવ જાગશે અને તેઓ પાપકૃત્યો કરતાં શરમાશે.

*******

# કન્ફ્યૂશિયસની ચિંતનપ્રસાદી

(૧) જે દેશમાં શાસન ન્યાયયુક્ત ચાલતું હોય ત્યાં તમે નીડરતાથી બોલી શકો અને નીડરતાથી વર્તી શકો. જે દેશમાં અરાજકતા અને અન્યાય હોય ત્યાં તમારે બોલવામાં સંયમ અને મુત્સદ્દીગીરી રાખવાં જોઈએ.

(૨) શ્રીમંત હોવું અને શ્રીમંતાઈ માટે અભિમાન ન રાખવું એ એટલું અઘરું નથી, પરંતુ ગરીબ હોવું અને ગરીબાઈ માટે ફરિયાદ ન કરવી એ ઘણું અઘરું છે.

(૩) પોતાના દોષોને સુધારવા નહિ એ પણ એક મોટો દોષ છે.

(૪) જ્યાં સાચી કેળવણી હોય ત્યાં વર્ગભેદ હોઈ ન શકે.

(૫) જે માણસો પોતપોતાની વિચારસરણીમાં પરસ્પર વિરુદ્ધ હોય તેઓ એક બીજાની યોજનામાં સહેલાઈથી સહકાર આપતા નથી.

(૬) બરાબર સમજવું એ ભાષાનું પહેલું લક્ષણ હોવું જોઈએ.

(૭) વડીલોની સભામાં બોલતી વખતે ત્રણ દોષ ટાળવા : (૧) ઉતાવળાપણું (૨) શરમાળપણું (૩) બેધ્યાનપણું - શ્રોતાઓના ચહેરા પરના પ્રતિભાવ તરફ નજર રાખ્યા વગર બોલ્યા કરવું.

(૮) જે માણસ પોતાની પાસેથી વધુ અપેક્ષા રાખે છે અને બીજા પાસેથી ઘણી ઓછી અપેક્ષા રાખે છે તે એકંદરે બીજાના દ્વેષને પાત્ર બનતો નથી.

(૯) જે વ્યક્તિમાં જિજ્ઞાસા જ નથી તેને બીજા કેટલું જ્ઞાન આપી શકે?

(૧૦) જે માણસ હલકી કોટિના સોબતીઓ વચ્ચે આખો દિવસ રહ્યા કરે છે અને મજાક મશ્કરીમાં અને તુચ્છ વાતોમાં દિવસ પૂરો કરે છે તે બીજાના તિરસ્કારને પાત્ર બને છે.

(૧૧) માણસે નીતિને પોતાના જીવનમાં પ્રસ્થાપિત કરવી જોઇએ. નીતિ કંઇ સામેથી પ્રસ્થાપિત થવા આવતી નથી.

(૧૨) ઉપદેશ ગ્રહણ કરવા માટે જે યોગ્ય હોય તેને ઉપદેશ ન આપવાથી એક સારી વ્યક્તિ ગુમાવવી પડે છે. ઉપદેશ ગ્રહણ કરવા માટે જે અયોગ્ય વ્યક્તિ હોય તેને ઉપદેશ આપવાથી વાણી વેડફી નખાય છે. પ્રાજ્ઞ પુરુષો નથી માણસને ગુમાવતા કે નથી વાણીને ગુમાવતા.

(૧૩) જે માણસ સચિંત રહેતો નથી તેની પાસે મુશ્કેલીઓ જલદી આવી જાય છે.

(૧૪) જ્યારે કોઇ માણસ અકારણ વધુ પડતો લોકપ્રિય થઇ ગયો હોય અથવા અકારણ બહુ ધિક્કારાતો હોય ત્યારે પૂરી તપાસ કરવી જરૂરી બને છે.

(૧૫) જેનામાં દઢતાનો ગુણ ન હોય એ સારો જ્યોતિષી ન થઈ શકે અને સારો દાક્તર પણ ન થઈ શકે.

(૧૬) જો માણસ કર્તવ્યપાલનને પહેલું સ્થાન આપે અને કર્તવ્ય પાલનની ફળપ્રાપ્તિને બીજું સ્થાન આપે તો માણસ પોતાના ચારિત્ર્યને સુધારી શકે છે. તેવી રીતે માણસ બીજાનાં દૂષણો જોવાને બદલે પોતાનાં દૂષણોનો વિચાર કરે તો એ વધુ વિશુદ્ધ બની શકે છે.

(૧૭) જો માણસ પોતાના ચારિત્રમાં શિથિલ હોય તો મોડોવહેલો તે બેઆબરૂ થવાનો જ.

(૧૮) બે પ્રકારના માણસોમાં ફેરફર થતા નથી : (૧) ડાહ્યામાં ડાહ્યા અને (૧) મૂર્ખમાં મૂર્ખ.

(૧૯) જન્મથી બધા મનુષ્યો સરખા છે, પણ આચરણથી જુદા પડે છે.

(૨૦) જે માણસો પ્રગટપણે સિદ્ધાંતોની અને નીડરતાની વાતો કરતા હોય પણ અંદરખાનેથી સિદ્ધાંતવિહોણા અને ડરપોક હોય તેવા અધમ માણસો સમાજના શત્રુ છે.

(૨૧) પ્રામાણિકતાનો દંભ કરનારા માણસો વસ્તુતઃ નીતિને લૂંટનારા છે.

(૨૨) સ્ત્રીઓ અને નોકરો સાથે માપસરનો પરિચય જ સારો. વધુ પડતો પરિચય કે અતિ અલ્પ પરિચય અનાદરમાં પરિણમે છે.

(૨૩) યોગ્ય ઠપકાનો મૌખિક અસ્વીકાર કોઈ કદાચ ન પણ કરે, પરંતુ ખરી મહત્ત્વની વાત તો એ છે કે એ ઠપકા પ્રમાણે

એણે પોતાનું વર્તન સુધારવું જોઇએ.

(૨૪) શ્રેષ્ઠ માણસો બીજાઓના સદ્‌ગુણોનું ગૌરવ કરે છે અને તેમનામાં રહેલા દુર્ગુણો પ્રત્યે બહુ લક્ષ આપતા નથી. દુષ્ટ માણસો એનાથી ઊલટું કરે છે.

(૨૫) જો માણસ એક દિવસને માટે પણ પોતાની સ્વાર્થવૃત્તિને સંયમમાં રાખે અને પ્રકૃતિના નિયમોને અપનાવે તો આખી દુનિયા એને સારા માણસ તરીકે સ્વીકારશે.

(૨૬) ખરી સાધુતા માણસના હૃદયમાંથી ઉદ્‌ભવે છે.

(૨૭) જો પ્રાતઃ કાળમાં સત્યને આપણે જાણી લઇએ તો સંધ્યાકાળે મૃત્યુની સામે ઊભા રહેતાં આપણને ડર નહિ લાગે.

(૨૮) મૃત્યુના પ્રસંગે દફનવિધિની નાની નાની બાબતોમાં રકઝક કરવી એના કરતાં શોકની ઊંડી લાગણી અનુસરવી એ વધારે મહત્ત્વની વાત છે.

(૨૯) જેમનું ચિત્ત સદ્‌ગુણની ઉપાસનામાં રહેલું છે તેઓ પાપકૃત્ય કરતા નથી.

(૩૦) સદ્‌ગુણ વિનાનો માણસ દુઃખમાં કે સુખમાં ઝાઝો વખત ટકી શકતો નથી

(૩૧) સદ્‌ગુણી માણસ હંમેશાં અંતરમાં શાંતિ અનુભવે છે.

(૩૨) પ્રતિષ્ઠિત માણસ પોતાના ચારિત્ર્યનો વિચાર કરે છે. હલકો માણસ સત્તા અને પદનો વિચાર કરે છે.

(૩૩) પ્રતિષ્ઠિત માણસ ન્યાયની ખેવના કરે છે. હલકો માણસ બીજાની મહેરબાની માટે ફાંફાં મારે છે.

(૩૪) જે કોઇ પંડિત કે વિદ્વાન માણસ માત્ર સ્થૂલ ભોગવિલાસમાં જ રાચવા લાગે તો તે પંડિત કે વિદ્વાન કહેવાવાને પાત્ર રહેતો નથી.

(૩૫) જે માણસ દિવસરાત પોતાનો સ્વાર્થ સાધવામાં જ આંધળો બની જાય છે તે વખત જતાં ઘણા શત્રુઓ ઊભા કરે છે.

(૩૬) નીતિની આવશ્યકતા માણસને માટે પાણી કે અગ્નિ કરતાં પણ વધુ મહત્ત્વની છે. પાણીથી કે અગ્નિથી માણસનું ક્યારેક મૃત્યુ પણ થાય છે. નીતિનો માર્ગ અપનાવવાથી કોઇનું મૃત્યુ થતું નથી.

(૩૭) જેની વાણીમાં વિનય અને વિવેક નથી હોતાં તેના વર્તનનો ભરોસો ન રાખવો.

(૩૮) ખોટી અધીરાઇને કારણે મોટાં મોટાં કામો નિષ્ફળ નીવડે છે.

(૩૯) ચાલીસ વર્ષની ઉંમર સુધી જે વ્યક્તિ પોતાનાં સગાં સંબંધીઓમાં અપ્રિય રહ્યા કરી હોય તે વ્યક્તિ પોતાના જીવનના અંત સુધી એવી જ રહે છે.

(૪૦) જે માણસ આખો દિવસ ખાધા કરે છે અને બીજી કોઇ વાતમાં એને રસ પડતો નથી એને ખાવાનું ભૂલાવવા માટે શતરંજ કે એવી કોઇ રમતનો રસ લગાડવો જોઇએ.

(૪૧) ડાહ્યા માણસ વાતો ઓછી કરે છે અને કામ વધારે કરે છે.

(૪૨) ઉત્તમ મનુષ્ય બીજાના સદ્‌ગુણોનું ગૌરવ કરે છે અને દોષો પ્રત્યે ગૌણ દ્દષ્ટિ રાખે છે. દુષ્ટ માણસ એનાથી ઊલટું કરે

છે.

(૪૩) જેમનામાં સાચી સાધુતા છે તેઓ અવશ્ય નૈતિક હિંમતવાળા હોય છે. પરંતુ જેઓ હિંમતવાળા હોય છે તેઓમાં સાધુતા હોય કે ન પણ હોય.

(૪૪) ઉપકારનો બદલો તો ઉપકારથી જ વાળવો જોઇએ, અપકારથી નહિ. પણ જો કોઇ અપકાર કે અન્યાય કરે તો તેનો બદલો પણ ઉપકારથી કે ન્યાયથી વાળવો. આવું જે કરે છે તે સાધુ છે.

(૪૫) જે કારીગર સારું કામ કરવા ઇચ્છતો હોય તેણે પહેલાં પોતાનાં ઓજારોને ઘસીને ધારવાળાં બનાવવાં જોઇએ.

(૪૬) જુવાનીમાં ઉદ્ધત બનવું અને રીતભાત કે શિષ્ટાચારનું પાલન ન કરવું, પ્રૌઢાવસ્થામાં કશુંય નોંધપાત્ર એવું સિદ્ધ ન કરવું અને વૃદ્ધાવસ્થામાં જલદી મરવું નહિ એ દુર્જનોની જીવનશૈલી છે.

(૪૭) અંતરાત્માના અવાજને અનુસરવાની ભાવના એ પોતાના જીવનનું નિયામક બળ બની રહેવી જોઇએ.

(૪૮) હલકી કક્ષાના લોકોની સાથે મૈત્રી ન કરવી જોઇએ.

(૪૯) જે માણસ માટે એનાં માતાપિતા અને ભાઇભાડુંઓ જેટલાં વખાણ કરે એટલાં જ વખાણ લોકો પણ કરે ત્યારે સમજવું કે એ માણસનું ચારિત્ર ઊંચું છે અને એની ધર્મભાવના ઉદાત્ત છે.

(૫૦) કંઇક સારું શીખીએ અને એને જીવનમાં ઉતારીએ તો એ જીવનનો ખરેખર ખૂબ મહત્ત્વનો અને આનંદનો પ્રસંગ બની રહે છે.

(૫૧) પ્રામાણિકતા અને સંનિષ્ઠાને જીવનમાં ઉચ્ચ સ્થાન આપવું જોઇએ.

(૫૨) જે વ્યક્તિ પોતાની કક્ષા કરતાં ઘણી નીચી હોય એવી વ્યક્તિ સાથે ગાઢ મૈત્રી ન બાંધવી.

(૫૩) પોતાનાથી ભૂલથી કોઇને કંઇ નુકશાન થયું હોય તો તે છૂપાવવું નહિ. એને યોગ્ય બદલો કે વળતર આપવામાં શરમ અનુભવવી નહિ.

(૫૪) કોઇ પણ માણસની વૃત્તિઓ એના પિતાની હયાતીમાં કેવી હતી અને પિતાના મૃત્યુ પછી કેવી છે તેની તુલના કરવી. જો એની વૃત્તિઓ ન બદલાઇ હોય તો સમજવું કે એ પુત્રધર્મ સારી રીતે સમજ્યો છે.

(૫૫) ચીનની ત્રણસો જેટલી પ્રાચીન ઉત્તમ કવિતાનો સાર હોય તો એટલો જ છે કે ચિત્તમાં અપવિત્ર વિચાર ક્યારેય આવવા દેવો નહિ.

(૫૬) કોઇ પણ માણસના કાર્યોને તપાસો, એના આશયને શોધી કાઢો અને એને શામાં આનંદ આવે છે તે સમજો તો એ માણસ વિશે કશું છૂપું રહી શકશે નહિ.

(૫૭) બીજાના ગુરુ થવાની યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો પુરાતન જ્ઞાન વિશે મનન કરતાં રહેવું અને નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવું.

(૫૮) પ્રાજ્ઞ પુરુષનું જ્ઞાન અને કાર્યક્ષેત્ર મર્યાદિત હોતું નથી.

(૫૯) મનનચિંતન વિનાનું શ્રવણ નિરર્થક છે. શ્રવણ (સ્વાધ્યાય) વિનાનાં મનનચિંતનમાં કેટલાંક ભયસ્થાન રહે છે.

(૬૦) અલૌકિક તત્ત્વોનો કે ચમત્કારની વાતોનો અભ્યાસ જીવનમાં બહુ ઉપયોગી નીવડતો નથી.

(૬૧) પોતે ન જાણતા હોય ત્યારે પોતાને કંઇ જ્ઞાન નથી એવું જાણવું એમાં પણ જ્ઞાન રહેલું છે.

(૬૨) પોતાને જેમાં સંશય હોય તે માટે અભિપ્રાય ન આપવાથી માણસ ભૂલ કરતો નથી. જેમાં સંશય ન હોય તેવી વાતમાં પણ અભિપ્રાય આપવામાં સાવચેતી રાખવી.

(૬૩) જે કાર્યમાં સ્પષ્ટ જોખમ દેખાય તેનાથી આઘા રહેવાથી પશ્ચાત્તાપ કરવાનો વખત નહિ આવે.

(૬૪) જેની પોતાની વાણીમાં ભૂલ ન હોય અને જેના વર્તનમાં પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ ન હોય એવી વ્યક્તિ પોતાની કારકિર્દીમાં જલદી આગળ વધી શકે છે.

(૬૫) જે ગાડામાં બળદ માટે ધૂંસરી ન હોય તે કેવી રીતે ચાલી શકે? સચ્ચાઇ વગર માણસ આવા ગાડા જેવો છે.

(૬૬) પોતાનું કર્તવ્ય સ્પષ્ટ સમજાયું હોય છતાં એમાંથી છટકવાનું મન થાય તો જાણવું કે પોતાનામાં નૈતિક હિંમતનો અભાવ છે.

(૬૭) જે ઇશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને, જાણી જોઇને પાપ કરે છે તેને માટે પ્રાર્થના કરવાનું કોઇ સ્થાન નથી.

(૬૮) અશક્ય બાબતો માટે વિરોધ કરવો કે ભૂતકાળમાં બની ગયેલી બાબતોમાં ત્રુટિઓ શોધવી એ નિરર્થક છે.

(૬૯) ઊંચો હોદ્દો પ્રાપ્ત થયા પછી જેનામાં ઉદારતા નથી આવતી, ધર્મકાર્ય કરવા છતાં જેનામાં હૃદયનો ભાવ નથી આવતો અને શોકનો પ્રસંગ હોવા છતાં જેનામાં શોકની લાગણી

નથી જન્મતી તેઓના જીવનવ્યવહારનું કશું મૂલ્ય નથી.

(૭૦) માણસના ગુણદોષ તેની પ્રકૃતિ અનુસાર હોય છે. જો તમે તેના દોષ જાણી શકો તો ગુણ પણ જાણી શકશો.

(૭૧) જૂનાં કપડાં પહેરતાં અને સાદું ભોજન લેતાં જેને શરમ આવતી હોય તે નૈતિક ઉપદેશ ગ્રહણ કરવાને પાત્ર બની શકે નહિ.

(૭૨) કોઇ હોદ્દો મેળવવાની ચિંતાની સાથે સાથે તે હોદ્દાને યોગ્ય એવી લાયકાત કેળવવાની ચિંતા પણ કરવી જોઇએ.

(૭૩) પોતાને કોઇ ઓળખતું નથી એવો અફસોસ ન કરો. તમે એવી પાત્રતા કેળવો કે જેથી લોકો કુદરતી રીતે જ તમને ઓળખવા માટે ઉત્સુક બને.

(૭૪) કોઇ ઉત્તમ મનુષ્યને જુઓ ત્યારે તેવા ઉન્નત થવાનો પુરુષાર્થ કરો. કોઇ અધમ માણસને જુઓ ત્યારે અંતર્મુખ થઇ તમારું પોતાનું અવલોકન કરો.

(૭૫) કોઇ સદ્‌ગુણ એકલો રહી શકતો નથી. તેના પાડોશી સદ્‌ગુણો તેની સાથે આવ્યા વિના રહેતા નથી.

(૭૬) સંયમની સાધનામાં ઉચ્ચતા બહુ ઓછા લોકો પ્રાપ્ત કરી શકે છે.

(૭૭) એવા માણસો જવલ્લેજ જોવા મળશે કે જેઓ પોતાના અંતરાત્માની અદાલતમાં પોતાની વિરુદ્ધ ફરિયાદ કરતા હોય.

(૭૮) પ્રાજ્ઞ પુરુષ દુઃખી લોકોનું દુઃખ ઓછું કરવામાં જરૂર મદદ કરશે, પરંત સંપત્તિવાળાને સંપત્તિ વધારવામાં મદદ નહિ કરે.

(૭૯) લોકોમાં જે ઊંચી બૌદ્ધિક યોગ્યતા ધરાવતો હોય તેની આગળ જ તમે ઊંચા વિષયોની વાત કરી શકો.

(૮૦) સાદું ભોજન, પીવાને પાણી અને સૂવાને હાથનું ઓશીકું - એટલામાં પણ ઘણું સુખ રહેલું છે.

(૮૧) અનીતિથી પ્રાપ્ત થયેલાં ધનસંપત્તિ અને પદવી-પ્રતિષ્ઠા આકાશની વાદળીઓ જેવાં અલ્પકાલીન હોય છે.

(૮૨) કોઈ સદ્‌ગુણ દૂર નથી. તમે સદ્‌ગુણની ઈચ્છા કરો અને એ તમને તમારી પાસે જ જોવા મળશે.

(૮૩) ઉડાઉ માણસને મર્યાદા હોતી નથી. બીજી બાજુ કરકસર કરનાર સંકુચિત મનનો થઈ જવાનો સંભવ છે. પરંતુ ઉડાઉ થવા કરતાં કરકસરવાળા થવું સારું છે.

(૮૪) જીવનમાં જો સદાચાર અને સંયમ ન હોય તો વિવેક તે આંડબર બની જાય છે, સાવધાની તે ડરપોકપણું બની જાય છે, બહાદુરી તે બિનજવાબદારી બની જાય છે અને નિખાલસતા તે ધૃષ્ટતા બની જાય છે.

(૮૫) પોતાની દરિદ્રતાનો તીવ્ર અસંતોષ માણસને અપકૃત્ય કરવા પ્રેરે છે. ચારિત્ર્યના શિથિલ માણસોની વાત સમાજ જો જાણી જાય છે અને એનો અતિશય તિરસ્કાર કરે છે ત્યારે તેવો માણસ આપઘાત કરવા પ્રેરાય છે.

(૮૬) માણસમાં બીજા ગમે તેટલા સદ્‌ગુણો હોય પણ જો તે અભિમાની હોય અને ધનનો લાલચુ હોય તો એના બીજા ગુણોની કશી કિંમત રહેતી નથી.

(૮૭) પોતાના સંયમશીલ ચારિત્ર્યને ઘડવા માટે ત્રણ વર્ષનો પુરુષાર્થ કર્યા પછી માણસને સાચા સુખનો અનુભવ ન થયો હોય એવો માણસ હજુ સુધી જોવામાં આવ્યો નથી.

(૮૮) સમજણ વિનાની સાદાઇ, પ્રામાણિકતા વિનાનું જોર અને એકરાર વિનાનું અજ્ઞાન જલદી સમજાય તેમ નથી.

(૮૯) તમે અંતિમ લક્ષ્યસ્થાને જો પહોંચી ન શકો તો પણ જેટલો માર્ગ કાપ્યો છે તેને વળગી રહેજો, કે જેથી તમારી એટલી મહેનત નકામી ન જાય.

(૯૦) માણસનું સદ્‌ગુણ પ્રત્યેનું આકર્ષણ સ્થૂલ સૌંદર્ય પ્રત્યેના આકર્ષણ કરતાં પણ વધુ હોવું જોઇએ.

(૯૧) જીવન શું છે એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી મૃત્યુ શું છે તે નહિ સમજાય.

(૯૨) એક મોટી સેનાના સેનાધિપતિનું અપહરણ કરી શકાય છે, પરંતુ માણસની વિચારશક્તિનું અપહરણ કરી શકાતું નથી.

(૯૩) પાનખર ઋતુ આવે ત્યારે જ ખબર પડે કે કયા વૃક્ષનાં પાન ખરી પડતાં નથી.

(૯૪) સૈનિકને રણમેદાનમાં ઉતારતાં પહેલાં એણે સારા ઓફિસર પાસે સાત વર્ષ તાલીમ લીધી હોવી જોઇએ.

(૯૫) તાલીમ વગરના સૈનિકોને રણમેદાનમાં ઉતારવા એ તેમના વિનાશમાં જ પરિણમે.

(૯૬) જે માણસના દિલમાં પ્રેમની ભાવના નથી હોતી કે ભક્તિભાવ નથી હોતો તેનાં ભજનકિર્તન કે બીજી ધર્મક્રિયાઓ નિરર્થક બને છે.

(૯૭) ઉત્તમ માનવીના હૃદયમાં બધાંને માટે કરુણા હોય છે. તેનામાં પૂર્વગ્રહો કે પક્ષાપક્ષી નથી હોતાં.

(૯૮) સાચો સજ્જન પ્રતિસ્પર્ધીઓ પ્રત્યે પણ આદરભાવવાળો હોય છે. તે તેમની સાથે તકરાર નથી કરતો.

(૯૯) માણસે કોઈ સ્થળે રહેવાં જતાં પહેલાં યોગ્ય પડોશીની પસંદગી કરવી જોઈએ. જ્યાં પ્રેમનું વાતાવરણ હોય ત્યાં રહેવું જોઈએ.

(૧૦૦) ઉત્તમ માણસ કસોટીના વિપરીત કાળમાં પણ નીતિને છોડતો નથી.

(૧૦૧) વૃદ્ધ માતાપિતાની હંમેશાં કાળજી રાખવી જોઈએ. તેમની પ્રસન્નતા વધે એ રીતે વર્તવું જોઈએ. તેમની નાદુરસ્ત તબિયત હોય તો દૂર દૂરના પ્રવાસ ન કરવા જોઈએ અને જે પ્રવાસ કરવો પડે એમ હોય તે સુનિશ્ચિત સ્થળનો જ કરવો કે જેથી જરૂર પડે ત્યારે સંપર્ક સાધી શકાય.

(૧૦૨) માતાપિતા સાથે મતભેદ થાય તો તે જરૂર જણાવી શકાય, પણ તે અત્યંત નમ્રભાવે જણાવવો જોઈએ. તેમ કરતી વખતે તેમના પ્રત્યેના આદરભાવને જરા પણ ઓછો ન થવા દેવો જોઈએ.

(૧૦૩) ઉત્તમ માણસને ધનપ્રાપ્તિ કરતાં પણ સાહિત્ય, કળા, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ વગેરેમાં વધુ રસ પડે છે. સામાન્ય માણસને મુખ્યત્વે ધનપ્રાપ્તિમાં જ રસ પડે છે.

(૧૦૪) માણસે બીજા સર્વ પ્રત્યે હૃદયમાં પ્રેમભાવ દાખવવો જોઈએ, પણ સમાગમ તો સજ્જનો અને સંતોનો જ કરવો જોઈએ.

(૧૦૫) માણસે પોતાનો ફાજલ સમય અને ફાજલ શક્તિનો કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક વિષયો માટે ઉપયોગ કરવો જોઇએ.

(૧૦૬) યુવાન પુત્રનું જીવન અને કર્તવ્ય એવું હોવું જોઇએ કે એની માંદગી સિવાય માતાપિતાને એના તરફથી કંઇ ફિકર ન રહે.

(૧૦૭) કામના પ્રસંગે વડીલોને આરામ આપવો અને મિજબાની કે ખાનનાનના અન્ય પ્રસંગે ભાગ લેવા કહેવું એટલામાં જ પુત્રધર્મ નથી સમાઇ જતો.

(૧૦૮) ઉત્તમ કવિતાનો અભ્યાસ અત્યંત આવશ્યક છે. એથી બુદ્ધિ ચેતનવંતી બને છે, અવલોકનશક્તિ ખીલે છે, વ્યવહારુ માર્ગદર્શન મળે છે, માતાપિતા પ્રત્યેના કર્તવ્યનું ભાન થાય છે, રાજ્ય પ્રત્યેના કર્તવ્યનો ખ્યાલ આવે છે અને પશુપક્ષી વગેરે કુદરત વિશે માહિતગાર થવાય છે.

(૧૦૯) લોકો મને ઓળખતા નથી એવા વિચારનું દુઃખ સાચા જ્ઞાની પુરુષને ક્યારેય હોતું નથી.

(૧૧૦) જે સત્તા સ્થાન ઉપર પોતાની નિમણૂંક થઇ નથી અને જેનો પોતાને અનુભવ નથી તેની ચર્ચા કરવાથી કોઇ અર્થ સરતો નથી.

(૧૧૧) જેમ રંગ પૂરતાં પહેલાં કેનવાસ સ્વચ્છ જોઇએ, તેવી રીતે ધાર્મિક અનુષ્ઠાન કરતાં પહેલાં જીવનને શુદ્ધ બનાવવું જોઇએ.

(૧૧૨) સંગીત હૃદયમાંથી જન્મે છે. વિધિવિધાન કે ક્રિયાકાંડ બહારથી આવે છે. સંગીત અમૂર્તની સંજ્ઞા છે. ક્રિયાકાંડ મૂર્તની

સંજ્ઞા છે. સંગીતને સ્વર્ગની સંજ્ઞા તરીકે અને ક્રિયાકાંડને ધરતીની સંજ્ઞા તરીકે ઓળખાવી શકાય.

(૧૧૩) ઔચિત્યપૂર્ણ ક્રિયાકાંડોથી સમાજજીવનનું ઘડતર થાય છે. લોકોમાં સંપ, પ્રેમ, એકતાની ભાવના જન્મે છે. વળી એથી સમાજમાં ઉચ્ચ સ્થાન ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે લોકોને કુદરતી રીતે આદરભાવ થાય છે.

(૧૧૪) જો કુટુંબમાં દયાભાવના હશે તો સમાજ અને રાષ્ટ્રમાં દયાની ભાવના આવશે.

(૧૧૫) પિતૃધર્મ બરાબર બજાવવો હોય તો આદર્શ પુત્ર બનવું જોઇએ.

(૧૧૬) સામાન્ય નાગરિકથી માંડીને સામ્રાજ્યના સમ્રાટ સુધી બધાંને લાગુ પડે એવી એક વાત નિશ્ચિત છે કે વ્યક્તિને જો બરાબર કેળવણી આપવામાં આવી હોય તો સમગ્ર વિશ્વમાં શાંતિ અને સંવાદિતતા સ્થાપી શકાય.

(૧૧૭) વ્યક્તિના જીવનને કેળવવું હોય તો એના હૃદયને કેળવવું જોઇએ. હૃદયને કેળવવું હોય તો નિઃસ્વાર્થ પણે સારા સંકલ્પો કરવા જોઇએ. સારા સંકલ્પો કરવા હોય તો વિવિધ વિષયોનું સમજપૂર્વક ચિંતન કરવું જોઇએ.

(૧૧૮) શિષ્ટાચારનું યથાયોગ્ય પાલન થતું હોય, સંગીત વગેરે કળાઓ માણવા મળતી હોય અને ગુણીજનોના ગુણની કદર થતી હોય એવી મિજબાની હિતકારક છે. અમર્યાદ ભોગવિલાસ પ્રવર્તતો હોય, આળસ, નિષ્ક્રિયતા અને નિંદાનું વાતાવરણ હોય એવી મિજબાની અહિતકર છે.

(૧૧૯) માણસે ઉચ્ચારેલી વાણીનું મૂલ્ય ઓછું ન આંકી શકાય, પરંતુ માત્ર ઉચ્ચારેલી વાણી ઉપરથી માણસનું માપ ન કાઢી શકાય.

(૧૨૦) શું યોગ્ય છે એટલું જ જે માત્ર જાણે છે તેના કરતાં જે યોગ્ય હોય તે માણસ વધુ સારો. જે યોગ્ય હોય તે માત્ર જેને ગમે છે તેના કરતાં જે યોગ્ય હોય તેથી હર્ષિત થઇ જે તે પ્રમાણે આચરે છે તે વધુ સારો છે.

(૧૨૧) જે માણસો પોતાનું સારાપણું ગુમાવે છે તેઓ પછી જીવે તો પણ શું અને ન જીવે તો પણ શું ?

(૧૨૨) પ્રામાણિક, વફાદાર અને ડાહ્યા માણસો સાથે મૈત્રી બાંધવી હિતકારક છે. દંભી, ખોટી સલાહ આપનાર અને બહુ વાચાળ વ્યક્તિઓ સાથે મૈત્રી બાંધવી અહિતકર છે.

(૧૨૩) આ સૃષ્ટિનું સંચાલન કરનાર, ઋતુઓનું ચક્ર ચલાવનાર ઈશ્વર પોતે ક્યાં કશું બોલે છે ? બોલ્યા વગર પણ વ્યવહાર સારી રીતે ચાલી શકે છે.

(૧૨૪) માત્ર લોકચાહનાને આધારે કોઇ વ્યકિતના ચારિત્રનું માપ કાઢી શકાય નહિ.

(૧૨૫) યુવાનો તરફ વડીલોએ સદ્ભાવ રાખવો જોઇએ, કારણ કે કાળક્રમે તેઓ પણ મોટા થવાના છે. જે યુવાન પચાસની ઉંમરે પહોંચે અને એણે જીવનમાં કદર કરવા યોગ્ય કશી સિદ્ધિ પ્રાપ્ત ન કરી હોય તો તે આદરભાવને યોગ્ય નથી ગણાતો.

(૧૨૬) કોઇ માણસને ત્રણસો જેટલી કવિતા કંઠસ્થ હોય તેથી તે સારો સરકારી નોકર થઇ શક એમ માની ન શકાય. સારા સરકારી નોકર થવા માટે જુદા જ પ્રકારની શક્તિ જોઇએ.

(૧૨૭) ઘરડાં માતાપિતાનું ભરણપોષણ કરવું એટલામાં જ પુત્રનું કર્તવ્ય પૂરું નથી થતું. એ તો જનાવરો પણ કરી શકે છે. માતાપિતાની સેવામાં પૂજ્યભાવ આવવો જોઈએ.

(૧૨૮) સંતાનો માંદા પડે ત્યારે માતાપિતાને ચિંતા થાય. એ સિવાય માતિપિતાને પોતાના તરફથી કોઈ ચિંતા ન રહે એ રીતે પુત્રે પોતાનું જીવન જીવવું જોઈએ.

(૧૨૯) કોઈપણ રાજ્યમાટે યુદ્ધ, રોગચાળો અને ભૂખમરો એ ત્રણ ચિંતાના મોટા વિષયો છે.

(૧૩૦) વાણીનું ચાતુર્ય અને દૃષ્ટિનું ચકોરપણું હોય તેથી તે વ્યક્તિમાં બીજા સદ્‌ગુણો આવી જાય એવું નથી હોતું.

(૧૩૧) જે માણસ શિખામણનો સ્વીકાર કરે, પણ તેના ઉપર કંઈ મનન ન કરે અથવા ઠપકાનો સ્વીકાર કરે, પણ તે પ્રમાણે વર્તનમાં જરા પણ ફેરફાર ન કરે એવા માણસ પાસેથી વિકાસની કોઈ આશા રાખી શકાય નહિ.

(૧૩૨) માત્ર દેખાવથી યોગ્ય જણાય પરંતુ ખરેખર યોગ્ય ન હોય તેવી વાણી અથવા અતિશય ખુશામતથી ભરેલી વાણી કે તે પ્રકારનું વર્તન ડાહ્યા માણસોને લજ્જાસ્પદ જણાય છે. હૃદયમાં દ્વેષ અને શત્રુતાનો ભાવ હોય અને બહારથી ગાઢ મૈત્રીનો દેખાવ કરવો એ પણ લજ્જાસ્પદ છે.

(૧૩૩) ઉત્તમ માણસો મર્યાદાનું ઉલ્લંઘન ક્યારેય કરતા નથી.

*******

શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સ્મારક
સર્વધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત

# પ્રાપ્ય પુસ્તકો

## સંતશ્રેણી

| | | | |
|---|---|---|---|
| (૧) | મરમી સંતોનું દર્શન | જયંતિલાલ આચાર્ય | રૂા.૨૬/- |
| (૨) | જ્ઞાનદેવ | મૃણાલિની દેસાઇ | રૂા.૨૩/- |
| (૩) | શ્રી આણ્ડાળ | ઉપેન્દ્ર સાંડેસરા | રૂા.૨૮/- |
| (૪) | સંત તિરૂવલ્લુવર અને કુરળ | કાન્તિલાલ કાલાણી | રૂા.૧૭-૫૦ |
| (૬) | સંત દાદુ | અનવર આગેવાન | રૂા.૧૮/- |
| (૭) | શંકરદેવ | ભોગીલાલ સાંડેસરા | રૂા.૨૫/- |
| (૮) | ગોસ્વામી તુલસીદાસ | મનુભાઇ પંચોળી | રૂા.૩૨/- |
| (૯) | શાહ અબ્દુલ લતીફ | સ્વ.દશરથભાઇ ઠક્કર | રૂા.૪૦/- |
| (૧૦) | સંત કબીર | જયેન્દ્ર ત્રિવેદી | રૂા.૬૦/- |
| (૧૧) | નરસિંહ મહેતા | દર્શના ધોળકીયા | રૂા.૬૦/- |
| (૧૨) | તુકારામ | ઉમા દેશપાંડે | (પ્રેસમાં) |

## ધર્મશ્રેણી

| | | | |
|---|---|---|---|
| (૧) | ખ્રિસ્તી દર્શન | ફાધર વાલેસ | રૂા.૧૩/- |
| (૨) | તાઓ દર્શન | રમણલાલ ચી.શાહ | રૂા.૧૮/- |
| (૩) | ઇસ્લામ દર્શન | સ્વ.ઇસ્માઇલભાઇ નાગોરી (પુનઃમુદ્રિત) | રૂા.૪૭/- |


**પ્રાપ્તિસ્થાન**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ
**અમદાવાદ-૧**

**પેટકો પ્રિન્ટર્સ, વલ્લભ વિદ્યાનગર**